દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 139 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ વદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 June 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૧૩ જૂન ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



# અમદાવાદ ઍર ઈન્ડિયા પ્લૅન ક્રેશઃ ભૂપેન્દ્ર પટેલ અને બ્રિટિશ હાઇ કમિશનરે દિવંગતોને શ્રદ્ધાંજલિ આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં એર ઈન્ડિયા પ્લેન ક્રેશ દુર્ઘટનામાં જે નિર્દોષ લોકોના કરુણ મોત થયાં હતા તેમને શ્રદ્ધાંજલિ અર્પવા માટે દુર્ઘટનાસ્થળે ખાસ કાર્યક્રમ યોજાયો હતો જેમાં અનેક લોકો દ્વારા મૃતકોને ભારેહૈયે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને દુર્ઘટનાનો ભોગ બનેલા તમામ લોકોને યાદ કર્યા હતા, અને ખાસ કરીને ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન સ્વ. વિજય રૂપાણીને હૃદયપૂર્વક આદરંજલિ અર્પણ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, તારીખ ૧૨ જૂન ૨૦૨૫ના રોજ અમદાવાદથી લંડન જતી એઆઈ૧૭૧ ફ્લાઈટ પ્લેન ક્રેશ થતા ૨૬૦થી વધારે લોકોના કરણ મોત થયા હતા. આ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ગુજરાતનાં પૂર્વ મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણીએ પણ પોતાનો જીવ ગુમાવ્યો હતો. તેમની દીકરી રાધિકા રૂપાણીએ પ્લેન ક્રેશ સાઇટની મુલાકાત લીધી હતી અને પોતાનાં પિતા તેમજ અન્ય તમામ મૃતકોની સ્મૃતિમાં ત્યાં વૃક્ષારોપણ કરીને શ્રદ્ધાંજલિ અર્પી હતી. બી.જે. મેડિકલ કોલેજ ખાતે પણ આ દુર્ઘટનાના મૃતકોની યાદમાં બે મિનિટનું મૌન પાળીને ભાવભીની અંજલિ આપવામાં આવી હતી.

વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર લોકોના પરિવારજનો ક્રેશ સાઈટ પર એકત્રિત થયા હતાં. આશ્રમ રોડ સ્થિત હ્યાત હોટલ ખાતે પણ ૫૦થી વધુ પરિવારો પોતાના સ્વજનોના ફોટોગ્રાફ સાથે પહોંચ્યા હતા. પરિવારજનો પોતાના સ્વજનોને યાદ કરી પ્રાર્થનાસભામાં જોડાયા હતાં. એટલું જ નહીં પરંતુ સાંજે ૪ વાગ્યા બાદ તમામ પરિવારજનો વિમાન દુર્ઘટના સ્થળે જઈને મૃતકોને શ્રદ્ધાંજલિ પણ આપી હતી. દુર્ઘટનામાં ગુમાવેલા પોતાના પ્રિયજનોની યાદમાં અનેક પરિવારો ભાવવિભોર બન્યા હતા. શ્રદ્ધાંજલિ કાર્યક્રમ દરમિયાન દિવંગત આત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

પ્લેન ક્રેશમાં લંડનના ફ્યોંગલે જીવ ગુમાવ્યો હતો. જેથી લંડનથી આવેલા પરિવારે પણ પ્લેન ક્રેશ સાઈટ પર તેમના પુત્રને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. પ્લેન ક્રેશ સાઈટ ઉપર સાંજે સાત વાગ્યે જાણીતા લોક કલાકારો હેમંત ચૌહાણ, હિમાંશુ ચૌહાણ, મયુર દવે અને રણજિત વાંક દ્વારા હનુમાન ચાલીસા અને સુંદરકાંડ કરવામાં આવ્યો હતો. ■

# ગુજરાતમાં મેઘરાજાની એન્ટ્રી માટે હજી ૧૦ દિવસ રાહ જોવી પડશેઃ હવામાન વિભાગની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ખેડૂતો અને સામાન્ય માણસો ચોમાસું આવે તેની રાહ જોઈને બેઠા છે. ગુજરાતમાં અત્યારે તો મહત્તમ તાપમાન ઘટે તેવી કોઈ આગાહી નથી. છેલ્લા ૯૬ કલાકથી અરબ સાગર પર જ્યાં ચોમાસું અટક્યું હતું હજી ત્યાં જ છે. ચોમાસું હજુ પણ ગુજરાતથી ૨૫૦ કિ.મી. દૂર જ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું હતું. દક્ષિણ-પશ્ચિમ ચોમાસું કર્ણાટક, તેલંગાણા, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી, પશ્ચિમ-મધ્ય અને ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી તેમજ પશ્ચિમ બંગાળ અને બિહારના કેટલાક વધુ ભાગોમાં આગળ વધ્યું છે, પરંતુ ગુજરાતમાં હજી વરસાદ માટે રાહ જોવી પડી શકે છે.

જ્યારે અંબાલાલ પટેલની આગાહી પ્રમાણે, ગુજરાતમાં આ વખતે ૨૩ જૂન આસપાસ ચોમાસુ શરૂ થશે. પશ્ચિમી વિક્ષેપ ચોમાસાને નબળું પાડી રહ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. આ વર્ષે ચોમાસું નિયમિત રીતે નહીં ચાલે તેવી પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. મોટા ભાગે દર વર્ષે મુંબઈમાં ૧૩ જૂન સુધીમાં વરસાદ થઈ જતો હોય છે, પરંતુ હજી ત્યાં પણ વરસાદ થયો નથી. એટલે ગુજરાતમાં વરસાદ મોડો થશે તેવા એંધાણ છે. ગુજરાતમાં ૨૩થી ૨૬ જૂન દરમિયાન ચોમાસું બેસે તેવી હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી હતી.

આગાહી પ્રમાણે દક્ષિણ ગુજરાતના ભાગોમાં ૨૩થી ૨૭ જૂન દરમિયાન ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. આ સાથે અનેક વિસ્તારોમાં પૂર આવે તેવા વરસાદની શક્યતા પણ છે. દેશના કેટલાક ભાગોમાં ૨૨ ટકાથી વધુ વરસાદની ઘટ રહેશે. દેશના વિવિધ ભાગોમાં ચોમાસું ૮૬, ૮૮ અને ૯૦ ટકા સુધી રહી શકે છે. દરિયા કિનારાના ભાગોમાં ચોમાસું ૯૨ ટકા રહી શકે છે. વર્તમાન આગાહીની વાત કરવામાં આવે તો, ૧૪ જૂને રોજ સુરત, નવસારી, વલસાડ, તાપી અને ડાંગ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ થઇ શકે છે.

૧૬થી ૧૮ જૂન સુધીમાં ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, સુરત, મહીસાગર, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ■

# દુબઈથી અમદાવાદ આવેલી ફ્લાઈટના ટોઈલેટમાંથી ₹ ૪.૨૬ કરોડનાં ગોલ્ડ બિસ્કિટ પકડાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ફરી એકવાર મોટાપાયે સોનાની દાણચોરીનો પર્દાફાશ થયો હતો. એરપોર્ટ ઉપર દુબઈથી સવારે ૯:૨૦ વાગે અમદાવાદ આવેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં કસ્ટમ વિભાગ અને એરક્રાફ્ટના એન્જિનિયરોએ સાથે મળીને એરક્રાફ્ટના નો સ્મોકિંગ લેવેન્ટરી એરીયાની અંદર ઉપરના ભાગે સ્પીકરની પાછળ છુપાવેલા બે કિલો ૭૯૯ ગ્રામ ગોલ્ડ બિસ્કીટ જપ્ત કર્યા હતા. ૨૪ કેરેટ ગોલ્ડ બિસ્કીટ પ્યોર ૯૯૯.૨૪ કેરેટના માનવામાં આવે છે જેની માર્કેટ કિંમત ૪.૨૭ કરોડ આંકવામાં આવી રહી છે.

આ મામલે કસ્ટમ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, આજરોજ દુબઈથી અમદાવાદ ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઊ-૧૪૭૮ સવારે ૯:૨૦ વાગે આવી હતી. પેસેન્જર બહાર નીકળી ગયા હતા તે દરમિયાન કસ્ટમને માહિતી મળી ગઈ હતી કે એરક્રાફ્ટની અંદર લેવેન્ટરી સેક્શનમાં એટલે કે વોશરૂમની અંદર દાણચોરીનું સોનુ છુપાવવામાં આવ્યું છે નો સ્મોકિંગ લેવેન્ટરી સેક્શનની અંદર તપાસ કરાતા ઉપરના ભાગે પેસેન્જરને સૂચના આપવા માટે રાખવામાં આવેલા સ્પીકર બોક્સની પાછળથી બે ગુપ્ત પાઉચ મળી આવ્યા હતા. ■

# ગુજરાત કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ કથળી, ૨૪ કલાકમાં બે લોહિયાળ ઘટના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં જીવલેણ હત્યાની ઘટનાઓ સતત વધી રહી છે, રાજ્યમાં આવી બે ઘટના પ્રકાશમાં આવી હતી. જેમાં બનાસકાંઠાના લાખણીમાં જૂની દુશ્મનાવટના કારણે કેટલાક લોકોએ સાથે મળીને એક યુવકની કરપીણ હત્યા કરી નાખી હતી. જ્યારે બીજી કરુણ ઘટના ગાંધીનગરમાં બની હતી. ગાંધીનગરમાં પોલીસ અને પરિવારની હાજરીમાં એક વ્યક્તિએ પોતાની પ્રેમિકાનું ગળું કાપીને હત્યા કરી નાખતા ચકચાર મચી ગઈ હતી. આ બંને ઘટનાઓ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિ દર્શાવે છે.

મળતી વિગત મુજબ, લાખણી તાલુકાના કૂવાણા ગામે ધોળા દિવસે ત્રણ અજાણ્યા શખ્સો દ્વારા ધારિયા, છરી અને પિસ્તોલ જેવા ઘાતક હથિયારો વડે એક યુવકની હત્યા કરી દેવામાં આવી હતી. હત્યા કર્યા બાદ આરોપીઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયાં હતાં. સ્થાનિક સૂત્રોના જણાવ્યાં પ્રમાણે બુકણા ગામના ઈસમો દ્વારા આ યુવકની હત્યા કરવામાં આવી હતી. મૃતકે પહેલા આરોપીઓની કોઈ સગાની હત્યા કરી હતી, તેનો ખાર રાખીને આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. યુવકની હત્યાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. યુવકની લાશને પોસ્ટમોર્ટમ અર્થે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી આવી હતી. દિયોદર પોલીસે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી, વાયરલ સીસીટીવી ફૂટેજના આધારે હુમલાખોરોની ઓળખ કરવા અને તેમને ઝડપી પાડવા શરૂ કરી હતી.

જ્યારે ગાંધીનગરના ધણપ ગામ હાઈ-વે પરની રોયલ ફોર્ટ હોટેલમાં પ્રેમીએ પ્રેમિકાની ગળું દબાવીને હત્યા કરી નાખી હતી. આ પ્રેમી પંખીડા મધ્ય પ્રદેશથી ભાગીને ગુજરાત આવ્યાં હતાં. અહીં પોલીસ અને પરિવારની હાજરીમાં જ પ્રેમીએ પ્રેમિકાને ખોળામાં સુવડાવી ગળે ચપ્પુ ફેરવીને ઘાટ ઉતારી દીધી હતી. ■

# રાજકોટ - અમદાવાદ હાઈવે પર કાર અને ટન્કર વચ્ચે ટક્કરઃ ત્રણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ-અમદાવાદ હાઇવે પર બેટી-રામપર ગામ નજીક આજે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાર અને ટેન્કર વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આ ગંભીર અકસ્માતમાં ચાર લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હોવાથી તેમને સત્વરે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. અકસ્માત એટલો ભયાનક હતો કે વાહનોને ભારે નુકસાન પહોંચ્યું હતું. ઘટનાસ્થળે મહિલાઓ અને બાળકોની ચીસાચીસ અને હૈયાફાટ રૂદનથી વાતાવરણ ગમગીન બન્યું હતું. ઘટનાની જાણ થતાં કુવાડવા પોલીસ, એરપોર્ટ પોલીસ અને ઇમરજન્સી સેવા તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ઇજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. આ સાથે મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખેસડવામાં આવ્યા હતા. અકસ્માતના કારણે હાઇવે પર લાંબા ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. પોલીસે તાત્કાલિક કામગીરી હાથ ધરી ટ્રાફિકને ક્લિયર કરાવ્યો હતો અને વાહન વ્યવહાર ફરી શરૂ કરાવ્યો હતો.

પ્રાથમિક માહિતી મુજબ અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સામે આવ્યું નથી. પોલીસે સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી દીધી હતી. ■

# કચ્છના દરિયામાં ‘ગુલાબી મહેમાન’ ડોલ્ફિનની સંખ્યા વધી, પરંતુ મરીન હીટવેવ અને યુદ્ધના લીધે જોખમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લાના કોટેશ્વરથી માંડીને માંડવી, મુંદરા અને કંડલા સુધીના અરબી સમુદ્રના જળક્ષેત્રમાં ‘ઇન્ડિયન ઓશન હમ્પબેક ડોલ્ફિન’ની હાજરી સતત વધી રહી છે. ગુજરાત વન વિભાગના તાજેતરના સર્વે મુજબ, કચ્છથી ભાવનગર સુધીના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ જેટલી ડોલ્ફિન નોંધાઈ છે, જેમાંથી સૌથી વધુ ૪૯૮ ડોલ્ફિન ઓખાથી નવલખી વચ્ચેના મરીન નેશનલ પાર્કમાં ઉછળકૂદ કરતી જોવા મળી છે. ખાસ કરીને કંડલા અને મુન્દ્રા વચ્ચેના ખાડી વિસ્તારમાં માદા ડોલ્ફિન તેના બચ્ચા સાથે જોવા મળતાં આ ક્ષેત્ર હવે ડોલ્ફિન માટે ‘નર્સરી ગ્રાઉન્ડ’ બની રહ્યું હોવાનું સ્પષ્ટ થયું છે. ૩૦ થી ૪૦ વર્ષનું લાંબું આયુષ્ય ધરાવતી આ પ્રજાતિનો પ્રજનન દર ઘણો ધીમો હોવાથી તેમની સુરક્ષા અત્યંત મહત્ત્વની છે.

જોકે, આ સકારાત્મક ચિત્ર વચ્ચે દરિયાઈ જીવસૃષ્ટિ સામે ત્રિમુખી પડકાર ઊભો થયો છે. પ્રથમ મોટું જોખમ ‘મરીન હીટવેવ’નું છે; હાલમાં અરબી સમુદ્રના ૨૨ ટકા ભાગમાં તાપમાન સામાન્ય કરતાં ૧ ડિગ્રી સેલ્સિયસ વધુ હોવાથી ડોલ્ફિનનો મુખ્ય ખોરાક ગણાતી માછલીઓ અને ઝીંગાનો નાશ થઈ રહ્યો છે, જે તેમની પ્રજનન ક્ષમતાને અસર કરે છે. બીજું ગંભીર જોખમ પશ્ચિમ એશિયાના લશ્કરી સંઘર્ષનું છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ફસાયેલાં ઓઈલ ટેન્કરોમાંથી જો મોટા પાયે ઓઈલ સ્પિલ એટલે કે તેલ ઢોળાય તો દરિયાઈ પ્રવાહો સાથે તે ઝેરી ક્રૂડ ઓઈલ કચ્છના કાંઠા સુધી પહોંચી શકે છે, જે ડોલ્ફિન માટે જીવલેણ સાબિત થઈ શકે છે. આ ઉપરાંત, ખાડી દેશના યુદ્ધના કારણે વધેલી નૌસૈનિક ગતિવિધિઓ અને જહાજોના હાઈ-ફ્રિક્વન્સી ‘સોનાર અવાજ’ ડોલ્ફિનની દિશા શોધવાની ક્ષમતા પર ઘાતક અસર કરે છે, જેનાથી ભૂતકાળમાં પણ અસંખ્ય ડોલ્ફિનના મોત નીપજ્યાં છે. ■

## ચારધામની યાત્રાથી પરત ફરેલી મહિલાનો કૉવિડ રિપોર્ટ પોઝિટિવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટનગર ગાંધીનગરમાં એક ૫૧ વર્ષીય મહિલાનો કોવિડ રિપોર્ટ પોઝિટિવ પોઝિટિવ આવતા ફફડાટ ફેલાયો છે. જ્યારે આરોગ્ય વિભાગમાં દોડધામ મચી જવા પામી છે. આ મહિલા તાજેતરમાં જ ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં ચારધામની ધાર્મિક યાત્રા પૂર્ણ કરીને થોડા દિવસો પહેલાં જ ગાંધીનગર પરત ફર્યા હતાં. ઘરે આવ્યા બાદ તેમને અચાનક શરદી, ઊધરસ અને સતત તાવ જેવા લક્ષણો દેખાતા તેઓ બીમાર પડ્યાં હતાં. તેમની તબિયત વધુ લથડતાં પરિવારજનોએ તેમને તાત્કાલિક સારવાર માટે એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. તેમનો કોવિડ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ મહિલા દર્દીને સરકારી પ્રોટોકોલ મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સ્પેશિયલ આઇસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. ■

# બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા અમદાવાદથી દિલ્હી જતી ફ્લાઇટનું લખનઊમાં ઇમર્જન્સી લૅન્ડિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદથી લખનઊ થઈને દિલ્હી જતી ઇન્ડિગો ફ્લાઇટનું લખનઊમાં ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે વિમાન હવામાં હતું ત્યારે ટોઇલેટમાં એક ટિશ્યુ પેપર મળ્યું, જેના પર બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી લખેલી હતી. આ પછી પાયલટે ઍર ટ્રાફિક કંટ્રોલને જાણ કરી અને ઇમરજન્સી લેન્ડિંગની મંજૂરી માગી હતી. મંજૂરી મળતાની સાથે જ વિમાનનું ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.

ઍર ટ્રાફિક કંટ્રોલ દ્વારા પહેલા એરપોર્ટ ઓથોરિટી અને સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરવામાં આવી અને ઈમરજન્સી લેન્ડિંગ કરવાની મંજૂરી આપી હતી. સવારે ૧૧:૧૫ વાગ્યે ફ્લાઇટ ૬ઈ-૨૧૧૧ ને લખનઊ ઍરપોર્ટ પર ઉતારવામાં આવી હતી. સુરક્ષાના ભાગરૂપે વિમાનમાં સવાર તમામ ૧૮૦ મુસાફરો નીચે ઉતારી દેવામાં આવ્યાં હતાં. કોઈ પણ વ્યક્તિને કોઈ ઈજાઓ પહોંચી નહોતી.

ઈમરજન્સી લેન્ડિંગ બાદ સતત ૧ કલાક સુધી વિમાનની તપાસ કરવામાં આવી હતી. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને અન્ય એજન્સીઓના જવાનો સત્વરે રનવે પર પહોંચી ગયા અને તપાસ શરૂ કરી દેવામાં આવી હતી. ડોગ સ્કવૉર્ડ દ્વારા વિમાનમાં રાખેલ તમામ સમાનની ચકાસણી કરવામાં આવી હતી. પરંતુ કોઈ પણ શંકાસ્પદ બાબત લાગી નહોતી. ઇન્ડિગોના પ્રવક્તાએ આ મામલે કહ્યું હતું કે, વિમાનમાં અંદર એક ખતરાની સૂચના મળી હતી. ■

# અમરેલીના ઘંટિયાણ ગામે બાળકને સિંહણે ફાડી ખાધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના ગીર-સોમનાથ, અમરેલી, જૂનાગઢ અને ભાવનગરમાં સિંહોની અવરજવર વધી છે. આ સાથે જ પાલતુ પશુઓ અને માણસો પર જીવલેણ હુમલાઓ પણ વધ્યા છે. અમરેલી જિલ્લાના બગસરાના ઘંટિયાણ ગામની સીમમાં સિંહણે એક ૭ વર્ષના બાળક પર હુમલો કરીને ફાડી ખાધો હતો. આ ઘટનાને પગલે બાળકના પરિવારમાં શોકનો માહોલ ફેલાયો છે. ઘંટિયાણ ગામની સીમમાં આવેલી એક વાડીમાં મૂળ મધ્ય પ્રદેશનો પરપ્રાંતિય પરિવાર ખેતમજૂરી તરીકે કામ કરે છે. રાત્રિના સમયે મજૂર પરિવાર વાડીમાં જ સૂતું હતું. ત્યારે પરિવારના ૭ વર્ષના માસૂમ બાળક દિનેશ પર એક સિંહણે અચાનક જીવલેણ હુમલો કર્યો હતો. સિંહણ આ માસૂમ બાળકને મોઢામાં દબાવીને અંદાજે ૧ કિલોમીટર દૂર સુધી ઢસડી ગઈ હતી. આ ભયાનક હુમલા અને ઈજાઓના કારણે માસૂમ બાળકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પરિવાર બાળકને બચાવે તે પહેલા સિંહણ બાળકને લઈને અંધકારમાં પલાયન થઈ ગઈ હતી. ગ્રામજનો અને વાડી માલિકે બાળકની શોધખોળ હાથ ધરી હતી. આ ઘટનાને પગલે વન વિભાગને તાત્કાલિક જાણ કરાઈ હતી. બગસરા વન વિભાગના એસીએફ સહિતનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. જ્યાં તેમણે રાત્રે જ સિંહ પરિવારનું ટ્રેકિંગ શરૂ કર્યું હતું. સિંહણ બાળકને જૂનાગઢના વિસાવદર તાલુકાના શોભાવડલા ગામની સીમમાં લઈ ગઈ હતી. ■

# અમદાવાદના ઈસનપુરમાં મેગા ડિમોલિશન, ગેરકાયદે બાંધકામો સહિત ૨૬,000 ચો. મીટર જગ્યા ખાલી કરાવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં સરકારી અને મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના તળાવો પર થયેલા ગેરકાયદે દબાણો હટાવવાની ઝુંબેશના ભાગરૂપે ૧૨ જૂનના પૂર્વ વિસ્તારમાં આવેલા ઈસનપુરમાં તંત્ર દ્વારા મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. દક્ષિણ ઝોનના લાંભા વોર્ડમાં ઈસનપુર વિસ્તારની મોની હોટેલ વાળી ગલીમાં શાક માર્કેટ પાસે આવેલા આંબા તળાવમાં વર્ષોથી ખડકાયેલા૧૬૦થી વધુ નાનાં-મોટાં કાચાં-પાકા મકાનો અને કોમર્શિયલ બાંધકામો પર કોર્પોરેશનના બુલડોઝર ફરી વળ્યા હતા. આ કામગીરી હેઠળ અંદાજે ૨૬,૦૦૦ ચોરસ મીટર જેટલી કિંમતી જમીન દબાણમુક્ત કરવામાં આવી છે.

એએમસીના એસ્ટેટ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલાં તળાવોને ઊંડા કરવાની કામગીરી શરૂ કરવામાં આવશે. આંબા તળાવની જગ્યામાં લાંબા સમયથી ગેરકાયદેસર વસવાટ થતો હોવાથી કોર્પોરેશન દ્વારા અગાઉ જ નોટિસ આપીને લોકોને મકાનો ખાલી કરી દેવા સૂચના આપવામાં આવી હતી. આજે સવારથી જ પાંચથી વધુ જેસીબી અને હિટાચી મશીનો સાથે ૧૪૭ કાચાં-પાકાં મકાનો તથા ૧૪ કોમર્શિયલ બાંધકામો સહિત કુલ૧૬૧ જેટલા બાંધકામો તોડી પાડ્યાં હતાં.

કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ઈસનપુર અને નારોલ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, તેમજ તકેદારીના ભાગરૂપે મેડિકલ અને ફાયર બ્રિગેડની ટીમો પણ સ્થળ પર તહેનાત રખાઈ હતી. આ ડિમોલિશન દરમિયાન વર્ષોથી રહેતા સ્થાનિકોમાં ભારે આક્રોશ અને ચિંતા જોવા મળી હતી. જો કે, મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે જે નાગરિકો પાસે ત્યાં રહેતા હોવાના કાયદેસરના પુરાવા હશે, તેમની પાસેથી ફોર્મ ભરાવીને નિયમ મુજબ વૈકલ્પિક મકાનની ફાળવણી કરવાની પ્રક્રિયા હાથ ધરાશે. અત્યારે આ પરિવારો માટે નજીકના રેન બસેરામાં રહેવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું હતું. ■

# ગીર સોમનાથમાં ₹ ૩૧૦ કરોડના સાયબર ફ્રોડ રૅકેટનો પર્દાફાશ, પાંચ શખસની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથ પોલીસે ‘ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦’ હેઠળ વેરાવળ ખાતેથી લગભગ રૂ. ૩૧૦ કરોડના આંતરરાજ્ય સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. પોલીસ એનસીસીઆરપી અને સમન્વય પોર્ટલની મદદથી ઓનલાઈન ઠગાઈ માટે પોતાના બેંક ખાતા ભાડે આપતા ૫ આરોપીઓની ધરપકડ કરી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ, ગીર સોમનાથ સાયબર પોલીસે ટેકનિકલ એનાલિસિસ અને સમન્વય તેમજ એનસીસીઆરપી પોર્ટલ પર નોંધાયેલી દેશભરની ફરિયાદોનું બારીકાઈથી વિશ્લેષણ કર્યું હતું. આ તપાસ દરમિયાન પોલીસને બેંક ઓફ ઇન્ડિયા અને કેનરા બેંકના ખાતાઓ પર શંકા ગઈ હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું કે આ ખાતાધારકો માત્ર કમિશન મેળવવાની લાલચે સાયબર ઠગોને પોતાના ખાતા વાપરવા આપતા હતા, જેને ગુનાહિત ભાષામાં ‘મ્યુલ એકાઉન્ટ’ કહેવામાં આવે છે.

આ સમગ્ર કૌભાંડમાં બેંક ઓફ ઇન્ડિયાના એક ખાતામાં એનસીસીઆરપી પોર્ટલ પર ૧૯૩ ફરિયાદો લિંક થયેલી હતી, જેમાં ૨૮૨ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન મળ્યા હતા. જ્યારે કેનરા બેંકના એક ખાતામાં ૯૭ ફરિયાદો સાથે ૩૭ કરોડ રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો નોંધાયા હતા. આ નેટવર્ક દ્વારા દેશનાં વિવિધ રાજ્યોમાં રહેતા આશરે ૨૯૦ જેટલા નિર્દોષ લોકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ■

# સુરેન્દ્રનગરના ચોટીલા હાઈવે પર કરોડોના ગેરકાયદે કેમિકલ કૌભાંડનો પર્દાફાશ, એસએમસીના દરોડા બાદ ચાર પોલીસકર્મી સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા હાઈવે પર લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદેસર કેમિકલના કાળા કારોબારનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના નાની મોલડી નજીક કેમિકલ ચોરીનું એક મોટું નેટવર્ક ચાલી રહ્યું હતું. જેમાં ગાંધીનગર એસએમસીએ દરોડા પાડીને કુલ ૪૫.૯૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડા પાડ્યા ત્યારે સ્થાનિક પોલીસની ઘોર બેદરકારી પ્રકાશમાં આવી હતી. જેથી રાજકોટ રેન્જ આઈજી દ્વારા ચોટીલા પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર જે.એન. સોલંકી, પોલીસ સબ-ઇન્સ્પેક્ટર બી.એન. ગલચર, પોલીસ કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહ સુરૂભા પરમાર અને દિલીપભાઇ બહાદુરભાઇને સસ્પેન્ડ કરાયા હતાં.

આ કાર્યવાહીના કારણે પોલીસ બેડામાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. આરોપ છે કે, આ નેટવર્ક અંગે સ્થાનિક પોલીસને જાણ હોવા છતાં પણ કોઈ કાર્યવાહી કરવામાં ના આવી અને આંખ આડા કાન કરવામાં આવ્યાં હતાં. જેના કારણે આ ચાર પોલીસ કર્મચારીઓને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિકારી દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં. સસ્પેન્સન સાથે સાથે વિભાગીય કાર્યવાહીના પણ આદેશ આપવામાં આવ્યાં હતા.

ઘટનાની વાત કરવામાં આવે તો, પવનપુત્ર રાજસ્થાની હોટલના કમ્પાઉન્ડમાં ગેરકાયદેસર કેમિકલ પ્રવૃત્તિઓ ચાલતી હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેથી સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા આ ખાનગી બાતમીના આધારે દરોડા પાડવામાં આવ્યાં હતાં. દરોડા દરમિયાન ૮,૩૩૦ કિલોગ્રામ કેમિકલ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ કેસમાં ચુનીલાલ તુલસીરામ ગામેતી અને આશિષકુમાર યાદવની અટકાયત પણ કરવામાં આવી હતી. હવે આ બંને આરોપીઓ સાથે પૂછપરછ કરવામાં આવશે. આ સમગ્ર કેમિકલ ચોરીનું નેટવર્ક ભુપતભાઈ પટગીર, હિતેશભાઈ બચુભાઈ સોલંકી અને ભગીરથ ખીચડ દ્વારા ચલાવવામાં આવતું હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં પ્રકાશમાં આવ્યું હતું. ■

# બનાસકાંઠામાં શાળામાં શિક્ષકોના મોબાઇલ વપરાશ પર પ્રતિબંધ મુકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોબાઈલ આજના સમયનો અનિવાર્ય જરૂરિયાત બની ગયો છે, જો કે તેનો અતિરેક વ્યક્તિની કાર્ય ક્ષમતા માટે હાનિકારક બની રહે છે. કાર્ય સ્થળો પર મોબાઈલ વપરાશ પર અંકુશ લાવવો જરૂરી બન્યો છે. બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગ દ્વારા કડક નિર્ણય લેવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ વસંત પુરોહિતની અધ્યક્ષતામાં યોજાયેલી શિક્ષણ વિભાગની વિશેષ બેઠકમાં શાળા સમય દરમિયાન શિક્ષકો દ્વારા મોબાઇલ ફોનનો ઉપયોગ પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ શિક્ષકોનું સંપૂર્ણ ધ્યાન વિદ્યાર્થીઓના અભ્યાસ અને શિક્ષણકાર્ય પર કેન્દ્રિત રહે તે સુનિશ્ચિત કરવાનો છે. નવી માર્ગદર્શિકા અનુસાર શાળા શરૂ થતાં જ તમામ શિક્ષકોએ પોતાના મોબાઇલ ફોન ફરજિયાતપણે શાળાના આચાર્યને જમા કરાવવાના રહેશે. શાળા સમય પૂર્ણ થયા બાદ જ તેઓ પોતાનો મોબાઇલ પરત મેળવી શકશે. શિક્ષણ વિભાગનું માનવું છે કે મોબાઇલ ફોનના વધતા ઉપયોગને કારણે કેટલીકવાર શિક્ષણકાર્યમાં વિક્ષેપ ઊભો થાય છે અને વિદ્યાર્થીઓને પૂરતો સમય અને ધ્યાન મળતું નથી. તેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસને પ્રાથમિકતા આપતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. તે ઉપરાંત આ બેઠકમાં અન્ય મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને સૂચના આપવામાં આવી હતી કે, હવે વસ્તી ગણતરી જેવી બિન-શૈક્ષણિક કામગીરી ચાલુ શાળા દરમિયાન નહીં કરાવવામાં આવે. અગાઉ આવી કામગીરીના કારણે શિક્ષકોનો સમય શૈક્ષણિક કાર્યમાંથી અન્ય કામોમાં જતો હતો. ■

દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 139 ■ વિક્રમ સંવત ૨૦૮૨

અધિક જયેષ્ઠ વદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 June 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૧૩ જૂન ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



# યુવા સ્વપ્નોની ઊંચી ઉડાન

2.2 લાખ સ્ટાર્ટઅપ્સથી યુવાઓને રોજગાર અને ઈનોવેશનની તકો

10,000થી વધુ અટલ ટિંકરિંગ લેબ્સથી 1.1 કરોડથી વધુ વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે જોડાયા





12 વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના

૨ કરોડ યુવાનોને સ્કિલ ટ્રેનિંગ અને દેશમાં ૨.૨ લાખ સ્ટાર્ટઅપ્સ થકી આદરણીય વડાપ્રધાનશ્રીએ યુવા સપનાઓને ખરા અર્થમાં નવી ઉડાન આપી છે. - શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



the ultimate OLD GOLD UPGRADE

TODAY'S GOLD RATE ₹ 13,653/- PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY

DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY

ANTARA GOLD & DIAMONDS

DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


# તેજીની બોલબાલાઃ સેન્સેક્સ ૧૬૯૫ પૉઈન્ટ ઊછળ્યો

## ઈન્વેસ્ટરોની સંપત્તિમાં ૯.૬૬ લાખ કરોડનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા અને ઇરાન વચ્ચે શાંતિ કરારની આશા, ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો અને મજબૂત રૂપિયા સહિતના પરિબળોને કારણે વ્યાપક લેવાલીના ટેકા સાથે સેન્સેક્સ ૧,૬૯૫.૪૧ પોઇન્ટ અથવા ૨.૩૦ ટકા વધીને ૭૫,૫૨૭.૯૫ની સપાટી પર, જ્યારે નિફ્ટી ૪૬૧.૩૦ પોઈન્ટ અથવા ૧.૯૯ ટકા વધીને ૨૩,૬૨૨.૯૦ પર બંધ થયો હતો. આ સાથે બીએસઇના માર્કેટ કેપિટલાઇઝેશનમાં ૯.૬૬ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો હતો.

ભારતીય શૅરબજારોમાં શુક્રવારે જોવા મળેલી મજબૂત તેજીમાં બેન્ચમાર્ક શેરઆંકોએ તાજેતરના અઠવાડિયામાં સૌથી મોટો એક દિવસીય ઉછાળો નોંધાવ્યો હતો. તેજી માટેનું પ્રથમ કારણ અમેરિકા અને ઇરાન વચ્ચે વાટાઘાટોમાં પ્રગતિ સૂચવતા અહેવાલો હતા. અમેરિકન પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના ઇરાન સાથેનું યુદ્ધ સમાપ્ત થયું હોવાના કથન સાથે ભૂ-રાજકીય જોખમો અંગે ચિંતા ઓછી થવા સાથે ખાસ કરીને ક્રૂડના ભાવ ઘટાડા અને રૂપિયાની મજબૂતીને કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટમાં જબ્બર સુધારો

(જુઓ પાનું ૨) ▸▸

# રવિવારે ટ્રમ્પના બર્થ-ડૅએ જગતને યુદ્ધવિરામની સોગાદ?

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનો રવિવારે ૮૦મો જન્મદિવસ છે અને ત્યારે તેઓ ઇરાન સાથે ત્રણ મહિનાથી ચાલતું યુદ્ધ બંધ માટેના કરાર કરાવવામાં સફળ થાય એવી આશા જન્મી છે. ટ્રમ્પ આ વખતે 'પરિસ્થિતિ' અલગ રહેવાનો દાવો કરે છે. તેઓ યુદ્ધવિરામ કરાર પર સહી કરવા માટે ઉપપ્રમુખ જે. ડી. વેન્સને મોકલવાના હોવાનું કહેવાય છે. સ્વિટ્ઝર્લૅન્ડના જીનિવામાં ઇરાન અને અમેરિકા વચ્ચે સમજૂતી કરાર થવાની આશા રખાય છે.

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતના જહાજ પર અમે નહીં ઈરાને હુમલા કરેલાઃ ટ્રમ્પ

### અમેરિકાના રાજદૂતને ભારતનું તેડું

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે હોર્મુઝ ખાડીમાંથી નીકળતા ભારતીય જહાજો પર અમેરિકાએ નહિ, પરંતુ ઇરાનના ડ્રોને હુમલો કર્યો હોવાનો શુક્રવારે આક્ષેપ કર્યો હતો અને આવા હુમલાને 'અસ્વીકાર્ય' એટલે કે ચલાવી ન લેવાય એવા ગણાવ્યા હતા. ઓમાનના કાંઠા

(જુઓ પાનું ૨) ▸▸

# મસ્ક ટ્રિલ્યનર, ૨૪ કલાકમાં અંબાણી કરતા ત્રણ ગણી સંપત્તિ કમાયા

ન્યૂ યોર્કઃ ઇલૉન મસ્ક આપેલા વચન મુજબ કદાચ મંગળ ગ્રહ પર વસાહત ઊભી કરી નહિ શકે, પરંતુ તેની રૉકેટ ક્ષેત્રની કંપની 'સ્પેસએક્સ'ના શુક્રવારે બહાર પડેલા ઇનિશલ પબ્લિક ઑફરિંગ (આઇપીઓ) પછી સ્પેસએક્સના શેરનું ૧૫૦ ડૉલરે લિસ્ટિંગ થતા મસ્ક ૧.૯૬ ટ્રિલ્યન ડૉલરની સંપત્તિ સાથે વિશ્વના સૌપ્રથમ ટ્રિલ્યનર બની ગયો છે. ઇલૉન મસ્કે છેલ્લા ૨૪ કલાકમાં જ મુકેશ અંબાણીની ચોખ્ખી સંપત્તિ કરતાં ત્રણ ગણી અને ગૌતમ

(જુઓ પાનું ૨) ▸▸

# શૂટિંગ સ્ટાર જસપાલ રાણાની અકાળે વિદાય

નવી દિલ્હી : ભારતના શ્રેષ્ઠ પિસ્તોલ શૂટરોમાંના એક, જેમણે કૉચિંગમાં પણ ખૂબ જ સફળ કામ કર્યું અને પૅરિસ ઓલિમ્પિકમાં મનુ ભાકરને બે કાંસ્ય ચંદ્રક મેળવવા સુધી માર્ગદર્શન આપ્યું, તેમનું હૃદય રોગની ગૂંચવણો સામે લડ્યા બાદ માત્ર ૪૯ વર્ષની વયે આઘાતજનક અવસાન થયું છે.

(જુઓ પાનું ૨) ▸▸


## આ વર્ષના અધિક પુરૂષોત્તમ મહિનાના છેલ્લા દિવસો ''તેરસ-ચૌદશ-અમાસ્યા''ના પાવન દિવસે ૯૨૫+વિકલાંગ ગૌમાતાઓની ''પુજાબાપુ પાંજરાપોળ''માં ગૌદાન આપવાથી અનેકગણું પુણ્ય મળશે.

ગૌસેવા એ જ પ્રભુસેવા ગૌદાન એ જ શ્રેષ્ઠદાન
સ્થાપના ૧૯૬૫

## CSR & Income Tax 80G Benefit Available

## Donate generously for Disable Cows
## In the auspicious Pavitra Adhik Month

છેલ્લાં ૬૫ વર્ષથી કાર્યરત પૂ. પુજાબાપુ દ્વારા સ્થાપિત પાંજરાપોળમાં લગભગ ૯૨૫ આંધળી, લંગડી, કેન્સરગ્રસ્ત, દૂધ ન આપતી વસુકી ગયેલી ગૌમાતાઓ તથા અનાથ વાંછરડાઓની સેવા થાય છે. માત્ર દાતાશ્રીઓના ગૌદાનથી ચાલતી આ સંસ્થાને સહાયની જરૂર છે.

## શ્રી કલ્યાણકારી સર્વોદય જીવદયા સંઘ - રાજુલા

### પુજાબાપુ પાંજરાપોળ થોરડી રોડ, રાજુલા (જિલ્લો અમરેલી) ગુજરાત

ઈ ઓફિસઃ
- એશિયન સેલ્સ કોર્પોરિશન, ૪ - રંગમહલ, ૨૧૨/૨૧૬, સેમ્યુએલ સ્ટ્રીટ, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦૦૦૩.
- દીપક કે વોરા, ડી-૬૨, વ્યોમેશ, ગોકુલ હોટલની સામે, મંડપેશ્વર રોડ, બોરીવલી (પ.), મુંબઈ - ૪૦૦૦૯૨.



આપણા મુંબઈના વિલેપારલા (વેસ્ટ)ના સંન્યાસ આશ્રમમાં બિરાજમાન અધિક માસના અધિષ્ઠાતા શ્રી પૂર્ણ પુરુષોત્તમ ભગવાનના દર્શન દર 3 વર્ષે આવતા અધિક માસમાં જ કરાવવામાં આવે છે.

| ગોપાલ પારેખ | અલ્પેશ મહેતા | વિનેશ મહેતા | દિપકભાઈ વોરા |
|---|---|---|---|
| 93240 47909 | 98922 19804 | 98211 10027 | 98694 22935 |

### ગૌદાન માટે સંપર્ક

| ભાવેશ ગાંધી | નયન મહેતા | અનિલ મહેતા |
|---|---|---|
| 98335 95599 | 95949 56424 | 76665 29036 |





SHRI KALYANKARI S J SANGH



સંસ્થાપક
ગૌ. વા. પૂ. શ્રી પુજાબાપુ



અક્ષરધામવાસી
પૂ. દુર્લભભાઇ સોની (દુલાભાઈ)

### ગૌદાન માટે સંપર્ક

| | |
|---|---|
| શ્રી કૌશિક ભીખાભાઈ, રાજુલા | 81600 03738 |
| શ્રી ભુપતભાઈ સોની, બોરીવલી | 98190 65347 |
| શ્રી મુકેશભાઈ મહેતા-પોલીસ મિત્ર | 93222 37843 |
| શ્રી નીતિન દુલાભાઈ સોની, બોરીવલી (વે.) | 82683 27767 |
| શ્રીમતી દીપીકા મહેતા (વિલે પાર્લે) | 72088 80002 |
| શ્રી કમલકુમાર મહેતા (મહાવીર નગર) | 81695 74570 |
| શ્રી નરેન્દ્રભાઈ ચિતલીયા-બોરીવલી | 98700 54013 |
| શ્રી વિલેશભાઈ સંઘવી-થાણા | 93240 24554 |
| શ્રી નગીનભાઈ દોશી, કાંદિવલી | 98694 78297 |
| શ્રી અરવિંદ સંઘવી, કાંદિવલી (વે.) | 79000 09810 |
| શ્રી રમેશભાઈ દોશી, માટુંગા | 98200 41283 |
| શ્રી કપિલ સંઘવી, મુળજી જેઠા | 93245 85502 |
| શ્રી પરાગભાઈ મહેતા, મુલુંડ | 92232 44160 |
| શ્રી કીર્તિભાઈ ગોરડિયા, નવી મુંબઈ | 98200 37499 |
| શ્રી જયંતિભાઈ પટેલ, વડોદરા | 94272 44601 |
| શ્રી ભુપતભાઈ મહેતાજી, રાજુલા | 99096 99134 |

આ નામથી ચેક RTGS મોકલવા : SHRI KALYANKARI SARVODAY JEEVDAYA SANGH - RAJULA
સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયા (રાજુલા) : Saving A/C 56035012625 IFSC Code SBIN0060035
બેન્ક ઓફ બરોડા (રાજુલા) : Saving A/C 95560100009009 MICR 365012022 IFSC Code BARB 0 DBRAJ

સૌજન્ય





ETERNAL AMNV FOUNDATION
શ્રી રજનીકાંત શામળજી અજમેરા | શ્રી ધવલ રજનીકાંત અજમેરા
શ્રીમતી ભારતીબેન રજનીકાંત અજમેરા | સૌ. પ્રાચી ધવલ અજમેરા ના
જય સ્વામિનારાયણ

AJMERA BUILT ON TRUST

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# જસપાલ રાણા ભારતમાં શૂટિંગના ઓરિજિનલ ચેમ્પિયન

અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનાની પહેલી વરસીએ એક માઠા સમાચાર જસપાલ રાણાના નિધનના આવ્યા. ભારતના ઓરિજિનલ શૂટિંગ ચેમ્પિયન અને એક જ ઓલિમ્પિક્સમાં ભારતને ડબલ મેડલ જીતાડનારી મનુ ભાકર સહિત ઘણા શૂટિંગ ચેમ્પિયનના કોચ જસપાલ રાણા ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન આઇએસએસએફના વર્લ્ડ કપ માટે ભારતીય શૂટર્સ સાથે જર્મનીના મ્યુનિક ગયા હતા. વર્લ્ડ કપ દરમિયાન જ જસપાલને છાતીમાં દુઃખાવો અને અસ્વસ્થતાનો અનુભવ થતાં ભારત પાછા આવવા નિકળ્યા હતા.

પ્લેનમાં પણ જસપાલને ફરી છાતીમાં દુઃખાવો થતાં પ્લેનમાં સારવાર અપાઈ હતી અને લેન્ડિંગ પછી સીધા હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા પણ સારવાપ કામ ના આવી અને રાણાનું ગુરુવારે રાત્રે હૉસ્પિટલમાં અવસાન થઈ ગયું. જસપાલ રાણા માત્ર ૪૯ વર્ષના હતા. મેડિકલ સાયન્સે કરેલી પ્રગતિ અને જસપાલ રાણા પોતે એક સ્પોર્ટ્સપર્સન હતા એ જોતાં આ ઉંમર મરવાની નહોતી પણ કદાચ સતત દોડધામ અને તણાવે તેમનો ભોગ લઈ લીધો. કરુણતા એ છે કે, રાણાના પિતા નારાયણ સિંહ હજુ અડીખમ છે અને દીકરો કાળનો ભોગ બની ગયો.

જસપાલ રાણાના નિધન સાથે ભારતીય સ્પોર્ટ્સનો એક યાદગાર યુગ પૂરો થઈ ગયો એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. જસપાલ રાણાને ભારતમાં શૂટિંગને એક સ્પોર્ટ્સ સ્થાપિત કરવાનો અને યંગસ્ટર્સને તેમાં રસ લેતા કરવાનો યશ અપાય છે. જસપાલ રાણા એક શૂટર તરીકે અત્યંત સફળ હતા ને કોચ તરીકે પણ ભવ્ય સફળતા મેળવી એ જોતાં રાણાને ભારતમાં શૂટિંગ સ્પોર્ટ્સના સૌથી મોટા સ્ટાર ગણવામાં કશું ખોટું નથી.

રાણાના પિતા નારાયણ સિંહ આર્મીમાં હતા અને પોતે શૂટર હતા. ૧૯૭૧ના પાકિસ્તાન સામેના યુદ્ધમાં ભાગ લેનારા સિંહ નિવૃત્તિ પછી રાજકારણમાં આવેલા અને ભાજપમાં જોડાયેલા. ઉત્તરાખંડની રચના થઈ પછી બનેલી ભાજપની પહેલી સરકારમાં નારાયણ સિંહ સ્પોર્ટ્સ મિનિસ્ટર હતા. નારાયણ સિંહે બહુ નાની ઉંમરથી મોટા દીકરાને શૂટિંગમાં પળોટવા માંડ્યો તેમાં કિશોરાવસ્થા સુધી પહોંચતાં પહેલાં જ રાણાનું નામ ગાજવા માંડેલું. માત્ર ૧૨ વર્ષની ઉંમરે અમદાવાદમાં યોજાયેલી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતીને સૌને દંગ કરી દેનારા રાણાએ ૧૯૯૪માં ૧૮ વર્ષની ઉંમરે ઈટાલીના મિલાનમાં યોજાયેલી જુનિયર વર્લ્ડ શૂટિંગ ચેમ્પિયનશિપમાં વર્લ્ડ રેકોર્ડ સ્કોર સાથે ગોલ્ડ મેડલ જીતીને આંતરરાષ્ટ્રીય સ્તરે ધુંઆધાર એન્ટ્રી કરી હતી.

જસપાલ રાણા ૧૯૯૦ના દાયકામાં એક પછી એક રેકોર્ડ તોડતા હતા તેના કારણે જસપાલ રાણા ઓલિમ્પિકમાં ભારત માટે પહેલો મેડલ જીતી લાવશે એવું કહેવાતું. રાણા ખેલાડી તરીકે આ અપેક્ષા પૂરી ના કરી શક્યા પણ કોચ તરીકે તેમણે આ અપેક્ષા ચોક્કસ પૂરી કરી. ઓલિમ્પિક ગેમ્સ સિવાયની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં રાણાએ યશસ્વી દેખાવ કરીને ભારતને ગૌરવ અપાવ્યું જ છે. જસપાલ રાણાએ એશિયન ગેમ્સમાં ૪ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ મળીને કુલ ૮ મેડલ જીત્યા હતા.

કોમનવેલ્થ ગેમ્સમાં તો રાણાએ ૯ ગોલ્ડ મેડલ સાથે કુલ ૧૫ મેડલ જીત્યા છે. કોમનવેલ્થ ગેમ્સમાં ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ પણ જીતનારા રાણા છેક ૩૦ વર્ષની ઉંમર સુધી ભારતનું પ્રતિનિધિત્વ કરતા રહ્યા ને ભારતને મેડલ અપાવતા રહ્યા. ૨૦૦૬ની કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સ પછી તેમણે નિવૃત્તિ લીધી ત્યાં સુધીમાં અનેક રેકોર્ડ તેમણે પોતાના નામે કરી લીધેલા. ૨૦૦૬માં છેલ્લી એશિયન ગેમ્સમાં રાણાએ ૩ ગોલ્ડ મેડલ જીતેલા એ જોતાં તેમને ધક્કા મારીને નહોતા કાઢવા પડ્યા પણ કારકિર્દી મધ્યાહ્ને હતી ત્યારે માનભેર નિવૃત્ત થયેલા.

સ્પોર્ટ્સમાંથી નિવૃત્ત થયા પછી રાણાએ રાજકારણમાં ઝંપલાવેલું પણ બહુ સફળતા નહોતી મળી. ૨૦૦૫ની એશિયન ગેમ્સ પછી સ્પોર્ટ્સમાંથી નિવૃત્તિ લઈને રાણા ભાજપમાં જોડાયા હતા. જસપાલની બહેન સુષમા સિંહ પણ શૂટર છે. સુષમાએ ૨૦૦૬ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. પિતા નારાયણસિંહની કેન્દ્રીય મંત્રી રાજનાથસિંહ સાથેની દોસ્તીના કારણે સુષમાનાં લગ્ન રાજનાથ સિંહના દીકરા પંકજ સિંહ સાથે થયાં છે.

પંકજ સિંહ ઉત્તર પ્રદેશ વિધાનસભામાં નોઈડાનો ધારાસભ્ય છે અને ઉત્તર પ્રદેશ ભાજપનો ઉપપ્રમુખ છે. પિતા પણ ભાજપમાં હતા ને રાજનાથ સાથે પારિવારિક સંબંધો હોવાથી રાણાએ ભાજપમાં જોડાવાનું પસંદ કરેલું. રાણા ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં રાણા ઉત્તરાખંડની તેહરી બેઠક પરથી ઉભા રહેલા પણ કોંગ્રેસના વિજય બહુગુણા સામે ૫૩ હજારથી વધારે મતે હારી ગયેલા.

ઉત્તરાખંડમાં ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણી વખતે જસપાલે ટિકિટ માગી હતી પણ ભાજપે ટિકિટ ના આપતાં ગિન્નાયેલા જસપાલ ભાજપ છોડીને કોંગ્રેસમાં જતા રહેલા. ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણી પછી વિજય બહુગુણા ઉત્તરાખંડમાં મુખ્યમંત્રી બનતાં તેહરી લોકસભા બેઠક ખાલી કરી ત્યારે જસપાલ રાણા ભાજપમાં હોત તો તેમને ફરી તક મળી હોત પણ રાણા કોંગ્રેસમાં જતા રહેલા તેથી ભાજપે તેહરી ગઢવાલનાં મહારાણી માલા રાજ્યલક્ષ્મી શાહને ટિકિટ આપી. માલા સળંગ ૪ ટર્મથી આ બેઠક પરથી ચૂંટાય છે એ જોતાં ભાજપનો નિર્ણય રાજકીય રીતે સાચો સાબિત થયો છે. રાણાને વિજય બહુગુણાએ અવગણેલા પણ ૨૦૧૪માં બહુગુણાને સ્થાને હરીશ રાવત આવ્યા પછી જસપાલ રાણાને ઉત્તરાખંડમાં સ્પોર્ટ્સનું કલ્ચર વિકસાવવાની જવાબદારી સોંપાયેલી. રાણાએ ૨૦૧૭ સુધી આ કામગીરી બજાવી પણ ૨૦૧૭માં કોંગ્રેસ હારી ગયેલી તેથી રાણા પાછા નવરા થઈ ગયા. રાણાને પણ રાજકારણનો અનુભવ બહુ સારો નહોતો રહ્યો તેથી તેમણે રાજકારણ છોડીને ફરી સ્પોર્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કર્યું ને આ નિર્ણય ભારત માટે સારો સાબિત થયો.

મનુ ભાકર જસપાલ રાણાની કોચિંગ કરીયરમાં સુવર્ણ પ્રકરણ છે કેમ કે મનુએ ૨૦૨૪ના ઓલિમ્પિકમાં બે મેડલ જીતીને ઈતિહાસ રચી દીધો. મનુ પહેલાં ૧૦ મીટર પિસ્તોલ ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતી અને ઓલિમ્પિક્સમાં મેડલ જીતનારી પહેલી ભારતીય મહિલા શૂટર બની. એ પછી મનુએ મીટર પિસ્તોલ મિશ્ર ટીમમાં સરબજોતસિંહ સાથે મળીને બીજો બ્રોન્ઝ મેડલ જીતીને નવો ઈતિહાસ રચ્યો. મનુ એક જ ઓલિમ્પિક ગેમ્સમાં બે મેડલ જીતનાર પહેલી ભારતીય બની. મનુ ૨૫ મીટર પિસ્તોલમાં સહેજ માટે રહી ગયેલી અને ચોથા સ્થાને આવેલી. બાકી એક જ ઓલિમ્પિકમાં ત્રીજો મેડલ પણ જીતી ગઈ હોત.

મનુની સફળતાના કારણે રાણાની મહેનત તરફ સૌનું ધ્યાન ગયું, બાકી રાણા ૨૦૧૨થી જુનિયર શૂટર્સને ટ્રેનિંગ આપવાનો કાર્યક્રમ ચલાવતા. મનુ આ કાર્યક્રમમાં જ તૈયાર થયેલી. મનુ ઉપરાંત સૌરભ ચૌધરી, અનીશ ભાનવાલા અને ચિંકી યાદવ સહિતના હાલના ભારતના શૂટિંગ સ્ટાર્સ રાણાના કોચિંગમાં જ તૈયાર થયા છે અને દેશને ગૌરવ અપાવી રહ્યા છે.

રાણાના નિધન પછી મીડિયાએ મનુ ભાકર સાથેની એક તસવીર પ્રસિદ્ધ કરી છે અને આ તસવીર જ રાણાએ ભારતીય યંગ શૂટર્સ માટે શું કર્યું ને યંગસ્ટર્સ તેમને કેવું માન આપતા એ સ્પષ્ટ કરી દે છે. તસવીરમાં મનુ અને જસપાલ રાણા કારની પાછલી બેઠકમાં બેઠા છે ને મનુ રાણાના ખભે માથું ઢાળીને સૂઈ ગઈ છે. જે દેશમાં ફેડરેશનના રાજકારણી હોદ્દેદારો સામે સગીર છોકરીઓની જાતિય સતામણીના કેસ થયા છે ત્યાં એક શૂટરનું કોચ સાથે આવું બોન્ડ ક્યારે હોય ? કોચને પિતાતુલ્ય માનીને છોકરી ક્યારે વર્તી શકે ?

જસપાલ રાણા શું હતા તેનો જવાબ આ સવાલના જવાબમાં છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, શનિવાર, તા. ૧૩–૬–૨૦૨૬, શિવરાત્રિ, ભદ્રા

- ભારતીય દ્દિનાંક ૨૩, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ વદ –૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ વદ–૧૩
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૮મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૫–૧૬ સુધી, પછી રોહિણી
- ચંદ્ર મેષમાં સવારે ક. ૦૯–૨૪ સુધી, પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભમાં (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૪, સ્ટા. ટા.

–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતીઓટ ઃ–

- ભરતી : સવારે ક. ૧૦–૩૮, રાત્રે ક. ૨૨–૦૬
- ઓટઃ સાંજે ક. ૧૬–૩૧, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૨૯ (તા. ૧૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અધિક જયેષ્ઠ કૃષ્ણ – ત્રયોદશી. શિવરાત્રિ, ભદ્રા સાંજે ક. ૧૬–૦૭ થી મધ્યરાત્રિ પછી ક. ૨૬–૧૫, સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષ વાહન, દેડકો, શનિ રોહિણી અમૃતસિદ્ધ યોગ ક. ૨૫–૧૬ થી સૂર્યોદય.

શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.

- મુહૂર્ત વિશેષઃ સૂર્ય–શનિ અગ્નિ દેવતાનું પૂજન, ઉંબરાનું વૃક્ષનું પૂજન, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશું લેવડદેવડ, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શિવરાત્રિ ઉપવાસ, રાત્રિ જાગરણ, શિવભક્તિ. શનિ રોહિણી અમૃતસિદ્ધિ યોગમાં સુંદરકાંડ, હનુમાનચાલીસા, ઈષ્ટદેવતાના મંત્રના જાપ, શ્રી યંત્ર, અભિષેક પૂજા, દૈવી સુક્ત, રાત્રિ સુક્ત, લક્ષ્મી સુક્ત પાઠ વાંચન.
- પુરુષોત્તમ માસ મહિમાઃ પુરુષોત્તમ માસમાં શિવ–શક્તિ અને વિષ્ણુની સંયુક્ત પૂજા (હરિહર પૂજા) કરવાથી અકાળ મૃત્યુનો ભય ટળે છે.

આચમનઃ ચંદ્ર–હર્ષલ યુતિ અચોક્કસ સ્વભાવના, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ શંકાશીલ.

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–હર્ષલ યુતિ, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ (તા. ૧૪), ચંદ્ર કૃત્તિકા યુતિ, ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ ઉત્તરે ૫ અંશ ૨ કળાના અંતરે રહે છે.

ગ્રહગોચરઃ સૂર્ય–વૃષભ, મંગળ–મેષ, માર્ગી બુધ–મિથુન, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–કર્ક, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર.

### ઈંધણનું રેશનિંગ શરૂ, શરૂઆત ઉદ્યોગોથી

# વાહનને દિવસમાં ૨૦૦ લિટર ડીઝલ જ મળશે

### મોબાઈલ ટાવર્સ, એસટી બસો, ઉદ્યોગોમાંના ડીઝલ પર પણ નિયંત્રણ મુકાયાં

નવી દિલ્હીઃ સરકારે દિવસમાં વાહન–દીઠ ૨૦૦ લિટર ડીઝલ જ વેચવા દેવા પરવાનગી આપવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત, ઔદ્યોગિક, ધંધાદારી કે સંસ્થાકીય વપરાશકારો પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ અને ડીઝલ ખરીદી નહિ શકે. ઈંધણનો વૈશ્વિક પુરવઠો ખોરવાયો હોવાથી સ્થાનિક સ્તરે ઈંધણની ઊભી થયેલી અછતને પહોંચી વળવા સરકારે આ પગલું ભર્યું છે.

પેટ્રોલ પંપ વાહનની ટૅન્કમાં કે પેટ્રોલિયમ ઍન્ડ સેફ્ટી ઑર્ગેનાઇઝેશન (પીઇએસઓ) દ્વારા માન્યતાપ્રાપ્ત કન્ટેનરમાં જ ડીઝલ વેચી શકશે અને વાહન–દીઠ દિવસનું ૨૦૦ લિટરથી વધુ ડીઝલ વેચી નહિ શકાય.

આ ઉપરાંત, ઔદ્યોગિક, ધંધાદારી અને સંસ્થાકીય ગ્રાહકો છૂટક આઉટલૅટ્સ (પેટ્રોલ પંપ) ખાતેથી પેટ્રોલ કે ડીઝલ ખરીદી નહિ શકે. તેઓએ પોતાના કન્ઝ્યુમર પંપ્સ ખાતેથી જ ઈંધણ ખરીદવાનું રહેશે.

ઈંધણના વેચાણ પરના આ નિયંત્રણ હાલમાં ૯૦ દિવસ માટે છે. છૂટક ડીઝલ વેચતા પેટ્રોલ પંપ્સ અને મોટા જથ્થામાં ડીઝલ વેચતા પંપ્સ ખાતે ડીઝલના ભાવમાં મોટો તફાવત હોવાથી મોટા જથ્થામાં ડીઝલ ખરીદનારા ગ્રાહકો પણ છૂટક પેટ્રોલ પંપ્સ ખાતેથી ડીઝલ ખરીદવા લાગ્યા હતા.

દિલ્હીમાં પેટ્રોલ પંપ્સ ખાતે ડીઝલનો ભાવ લિટર–દીઠ રૂપિયા ૯૫.૨૦ છે, જ્યારે મોટા જથ્થામાં (બલ્ક સેલ્સ)માં તેનો ભાવ રૂપિયા ૧૩૪.૫૦ છે. (એજન્સી)

### અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસ ક્યારે પૂરી થશે?

# એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરો કોઈ તારીખ નથી આપતું

નવી દિલ્હીઃ એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરો (એએઆઇબી) ગયા વર્ષે અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનાની તપાસ ક્યારે પૂરી થશે અને તપાસનો અંતિમ અહેવાલ ક્યારે જાહેર કરાશે, તેની કોઇ સંભવિત તારીખ હજી નથી આપતું.

આમ છતાં, એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરોએ શુક્રવારે આ કિસ્સામાં બહાર પાડેલા વચગાળાના નિવેદનમાં જણાવ્યું હતું કે બધી તપાસ પૂરી થયા બાદ, જરૂરી આંતરરાષ્ટ્રીય સમીક્ષા કર્યા પછી અને સંબંધિત સલાહમસલત કરીને અંતિમ અહેવાલ જાહેર કરાશે.

ઍર ઇન્ડિયાનું બોઇંગ ૭૮૭-૮ ડ્રીમલાઇનર એક વર્ષ પહેલાં અમદાવાદમાં તૂટી પડ્યું હતું અને તેમાં જમીન પરના ૧૯ લોકો સહિત કુલ ૨૬૦ જણ માર્યા ગયા હતા.

એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરોએ દાવો કર્યો હતો કે ઍરક્રાફ્ટ સિસ્ટમ્સ, ફ્લાઇટ રેકોર્ડર ડેટા, એન્જિનને લગતી સાધનસામગ્રી, મેન્ટેનન્સ (જાળવણી), ઑપરેશનલ રેકોર્ડ્સ અને અન્ય પુરાવા તપાસવામાં નોંધપાત્ર પ્રગતિ કરાઇ છે.

તેણે પ્રસારમાધ્યમો અને જનતાને હાલમાં ચાલી રહેલી સંબંધિત તપાસ અંગે અગાઉથી કોઇ ધારણા નહિ કરી લેવા વિનંતિ કરી હતી.

તપાસ કરતી એજન્સીનો હવે એકમાત્ર હેતુ ભૂતકાળની ખામીમાંથી પાઠ શીખીને વિમાનોની સલામતી વધારવાનો છે.

તેણે બહાર પાડેલા વચગાળાના નિવેદનમાં જણાવ્યું હતું કે એએઆઇબી સ્વતંત્ર નિષ્પક્ષ તપાસ યોજવા કટિબદ્ધ છે. બધી તપાસ પૂરી થયા બાદ, જરૂરી આંતરરાષ્ટ્રીય સમીક્ષા કર્યા પછી અને સંબંધિત સલાહમસલત કરીને અંતિમ અહેવાલ જાહેર કરાશે. (એજન્સી)

# મમતા પક્ષ ગુમાવવાને આરે : 'અસલી ટીએમસી' માટે સ્પીકર સમક્ષ દાવો કરાશે

નવી દિલ્હીઃ તૃણમૂલ કોંગ્રેસમાં શુક્રવારે રાજકીય કટોકટી વધુ ઘેરી બની હતી. ૧૯ લોકસભાના સાંસદોનું સમર્થન હોવાનો દાવો કરનારા અસંતુષ્ટ સાંસદોના એક જૂથે જાહેરાત કરી કે તેઓ આગામી અઠવાડિયે સ્પીકર ઓમ બિરલાને મળશે અને ''અસલી ટીએમસી'' સંસદીય દળ તરીકે માન્યતા મેળવવાની માંગ કરશે. મમતા બેનરજીના નેતૃત્વ હેઠળની પાર્ટીએ આ પગલાને પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ કાયદેસર રીતે અયોગ્ય ગણાવીને ફગાવી દીધું. બળવાખોર સાંસદ જગદીશ ચંદ્ર બર્મા બસુનિયાએ જણાવ્યું હતું કે અસંતુષ્ટ સાંસદોના જૂથે સ્પીકરને પહેલાથી જ એક રજૂઆત કરી હતી અને સોમવારે ઔપચારિક રીતે પોતાનો દાવો રજૂ કરશે. (એજન્સી)

### અમદાવાદ પ્લૅન ક્રૅશમાં બચેલી એક માત્ર વ્યક્તિની વ્યથા-કથા

# 'બંધ દરવાજા પાછળના મારી સામેના પડકારો લોકોને નથી દેખાતા'

લંડન : અમદાવાદથી લંડન જતી ઍર ઇન્ડિયાની વિમાન દુર્ઘટનાને એક વર્ષ થઈ ગયું છે. ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ બનેલી ભયાનક દુર્ઘટનામાં ફક્ત એક જ મુસાફર વિશ્વાસ કુમાર રમેશ બચી ગયો હતો. અકસ્માત થયાને એક વર્ષ પછી પણ વિશ્વાસ તે ભયાનક ઘટનાની યાદોમાંથી બહાર નીકળી શક્યો નથી. તે હજુ પણ યોગ્ય રીતે સૂઈ શકતો નથી અને હંમેશા ચિંતા અનુભવે છે. નોંધનીય છે કે એર ઇન્ડિયાની ફ્લાઇટ એઆઇ ૧૭૧માં સવાર ૨૬૦ મુસાફરોમાંથી એકમાત્ર વિશ્વાસકુમાર રમેશ જીવિત રહ્યો હતો. તેણે કહ્યું કે દુનિયા તેના જીવિત રહેવાને જોવે છે પરંતુ તે દરરોજ જે માનસિક બોજ ઉઠાવી રહ્યો છે તે સમજી શકતી નથી.

વિશ્વાસનું કહેવું છે કે આ ઘટનાએ તેને સંપૂર્ણપણે બદલી નાખ્યો છે. પીટીઆઈના જણાવ્યા અનુસાર, રમેશે પોતાનું દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે ''લોકો જુએ છે કે હું બચી ગયો છું, પરંતુ તેઓ બંધ દરવાજા પાછળ ચાલુ રહેલા પડકારો જોતા નથી. હું હજુ પણ અનિદ્રા, ચિંતા અને ભયાનક યાદો સાથે સંઘર્ષ કરી રહ્યો છું. એક વર્ષ પછી પણ હું મારા જીવનને ફરીથી સંભાળવાનો અને મારા પરિવારને શક્ય તમામ સહાય પૂરી પાડવાનો પ્રયાસ કરી રહ્યો છું.''

# દિલ્હીમાં ભીષણ આગ, ત્રણ મોત

નવી દિલ્હીઃ દક્ષિણ–પૂર્વ દિલ્હીના ગોવિંદપુરી વિસ્તારમાં શુક્રવારે મધરાતે એક પાંચ માળની રહેણાંક ઇમારતમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. જેમાં એક જ પરિવારના ત્રણ લોકોનાં મોત નીપજ્યા હતા. જ્યારે ૭૦ વર્ષીય મહિલા સહિત બે ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ જાણકારી પોલીસે આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર ગોવિંદપુરી પોલીસ સ્ટેશન પાસે લગભગ રાત્રે ૨-૩૧ વાગ્યે તુઘલકાબાદ એક્સટેન્શન સ્થિત એક રહેણાંક મકાનમાં આગ ફાટી નીકળી હોવાનો પીસીઆર કોલ આવ્યો હતો.

ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ હેમંત તિવારીએ જણાવ્યું કે ઇમારતમાં ગાઢ ધુમાડો છવાયો હોવાથી અને ઘણા રહેવાસીઓ અંદર ફસાયા હોવાથી તેમને સુરક્ષિત બહાર કાઢવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આઠ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. તેમને સારવાર અર્થે સફદરજંગ હોસ્પિટલ અને ઍઇમ્સ ટ્રૉમા સેન્ટરમાં મોકલવામાં આવ્યા હતા.

## પહેલા પાનાનું ચાલુ

### તેજીની બોલબાલા

જોવા મળ્યો હતો. બ્લૂમબર્ગના અહેવાલમાં જી–સેવનના અધિકારીએ અમેરિકા અને ઈરાન શાંતિ કરારની નજીક હોવાનું જાહેર કરતા બજારના સેન્ટિમેન્ટમાં સુધારો થયો હતો. અહેવાલ મુજબ, બંને પક્ષો રવિવારની શરૂઆતમાં સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કરી શકે છે. ઔપચારિક કરારની શક્યતાએ રોકાણકારોને ઇક્વિટી સહિતની જોખમી એસેટ્સમાં એક્સપોઝર વધારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

બજારોને ટેકો આપતું બીજું મુખ્ય પરિબળ ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો છે. ભૂ–રાજકીય તણાવ ઓછો થવાની આશા વધતાં, બ્રેન્ટ ક્રૂડ ઝડપી ઘટાડા સાથે લગભગ ૮૭ ડૉલર પ્રતિ બેરલ બોલાયું હતું. ભારત માટે ક્રૂડના નીચા ભાવ હકારાત્મક છે, જે તેની મોટાભાગની ક્રૂડ તેલની જરૂરિયાતોનો આયાત કરે છે. ક્રૂડના નીચા ભાવ આયાત ખર્ચ ઘટાડવામાં, ફુગાવાના દબાણને ઘટાડવામાં અને દેશની ચાલુ ખાતાની સ્થિતિ સુધારવામાં મદદ કરી શકે છે.

આ ઉપરાંત ભારતીય રૂપિયો પણ યુએસ ડૉલર સામે મજબૂત બન્યો હોવાથી બજારના સેન્ટિમેન્ટમાં વધુ સુધારો થયો હતો. બેંકિંગ અને નાણાકીય શેરોમાં લાવલાવનો માહોલ સર્જાતા વ્યાપક બજારને ઊંચી સપાટીએ પહોંચવામાં મદદ મળી હતી. ક્રૂડ તેલના નીચા ભાવ, મજબૂત રૂપિયો અને ઘટેલી ભૂ–રાજકીય અનિશ્ચિતતાના સંયોજનને આધારે રોકાણકારો આર્થિક વૃદ્ધિ અને કોર્પોરેટ કમાણી માટે સકારાત્મક ચિત્ર જોઇ રહ્યા છે.

### મસ્ક ટ્રિલ્યનર

અદાણી કરતાં બે ગણી સંપત્તિ કમાઇ હતી.

'સ્પેસએક્સ'નો આઇપીઓ ખૂલે તેની પહેલાં ઇલૉન મસ્કની ચોખ્ખી સંપત્તિ ૯૮૨.૬ અબજ ડૉલર હતી. મસ્કની ચોખ્ખી સંપત્તિમાં માત્ર છેલ્લા ૨૪ કલાકમાં ૨૭૨ અબજ ડૉલરનો વધારો થયો હતો. મુકેશ અંબાણીની ચોખ્ખી સંપત્તિ ૮૩ અબજ ડૉલર અને ગૌતમ અદાણીની ૧૦૨ અબજ ડૉલર છે એટલે ઇલૉન મસ્કે છેલ્લા ૨૪ કલાકમાં જ અંબાણી કરતાં ત્રણ ગણી અને અદાણી કરતાં બે ગણી સંપત્તિ કમાઇ હતી. કંપનીએ દસ લાખ લોકોને મંગળ ગ્રહ પર વસાવવાનું, અવકાશમાંની સંભવિત આપત્તિથી માનવોને બચાવવાનું, અંતરિક્ષમાંની ભ્રમણકક્ષામાં ફૂટબૉલના મેદાન જેટલા કદના ડેટા સેન્ટર્સ શરૂ કરવાનું અને આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ)માંથી નાણાં કમાવાની સ્પર્ધામાં એન્થ્રોપિક તેમ જ ઓપનએઆઇથી આગળ નીકળી જવાની બાંયધરી આપી છે. આ બધા વચન પૂરા કરવા માટે સ્પેસએક્સને અબજો ડૉલરની જરૂર પડશે. હાલમાં તે રૉકેટ અને ઉપગ્રહના ધંધામાંથી મોટા ભાગની કમાણી કરે છે.

અહીં રસપ્રદ વાત એ છે કે આ કંપનીએ ૨૦૨૫ના પ્રારંભ અને ૨૦૨૬ની ૩૧ માર્ચ સુધીના સમયગાળામાં ૮.૭ અબજ ડૉલરનું નુકસાન કર્યું હતું. કંપનીએ ૭૫ અબજ ડૉલર ભેગા કરવા માટે ૫૫.૫૬ કરોડ શૅર ઑફર કર્યા છે. જો ભરણું છલકાઇ જશે તો કંપનીની સાથે ઇલૉન મસ્ક માલામાલ થઇ જશે. સ્પેસએક્સ પછી એન્થ્રોપિક અને ઓપનએઆઇના પણ ચાલુ વર્ષે આઇપીઓ આવવાના છે. (એજન્સી)

### રવિવારે ટ્રમ્પના

આમ છતાં, ઇરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ યુદ્ધવિરામ કરારને લગતા ટ્રમ્પના તાજેતરના નિવેદન અંગે સરકારી ટેલિવિઝન પર જણાવ્યું હતું કે યુદ્ધનો અંત લાવવા કંઇ નક્કી નથી થયું. ટ્રમ્પનો જન્મદિવસ રવિવારે ઊજવવા માટે હજારો લોકો વાઇટ હાઉસના મેદાનમાં ભેગા થવાની આશા રખાય છે. અલ્ટિમેટ ફાઇટ ચેમ્પિયનશિપ્સના અંતિમ રાઉન્ડના થોડા કલાક પછી ટ્રમ્પ ફ્રેંચ એલ્પ્સમાં યોજાનારી જી–૭ના સભ્ય દેશોના નેતાઓની શિખરમંત્રણામાં ભાગ લેવા રવાના થશે અને ત્યાં તેઓ વિશ્વના અનેક નેતાઓ સમક્ષ યુદ્ધની સ્થિતિ અને ટૅરિફ અંગે રજૂઆત કરશે.

અમેરિકાના પ્રમુખે ગુરુવારે જણાવ્યું હતું કે આ સપ્તાહના અંતે યુદ્ધવિરામનો કરાર થવાની આશા છે. ત્રણ મહિનાથી ચાલતા ઇરાન સાથેના યુદ્ધનો અમેરિકામાં પણ હવે વિરોધ વધી રહ્યો છે અને મોંઘવારી ઘણી વધી ગઇ છે. આ ઉપરાંત, વિશ્વભરમાં ઈંધણની અછત ઊભી થઇ છે. ઇરાન હોર્મુઝ ખાડી પરનો પોતાનો અંકુશ છોડવા તૈયાર નથી. ટ્રમ્પ દાવો કરે છે કે અમેરિકાએ આ યુદ્ધ જીતી લીધું છે અને ઇરાનના મોટા ભાગના નેતાને મારી નાખ્યા છે તેમ જ ઇરાનના નૌકાદળ અને હવાઇદળને ભારે નુકસાન પહોંચાડ્યું છે. (એજન્સી)

### શૂટિંગ સ્ટાર

રાણાના પરિવારમાં તેમની પત્ની રીના, પુત્રી દેવાંશી, પુત્ર યુવરાજ, પિતા નારાયણ સિંહ અને તેમના બે ભાઈ–બહેન, સુષ્મા સિંહ અને સુભાષ છે. નેશનલ રાઇફલ એસોસિએશન ઓફ ઇન્ડિયાના પ્રમુખ કલિકેશ નારાયણ સિંહ દેવના જણાવ્યા અનુસાર, રાણાએ ગુરુવારે રાત્રે દિલ્હીની એક હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા.

સૂત્રોએ જણાવ્યું હતું કે તેમનું હૃદય સંબંધિત ગૂંચવણોને કારણે અવસાન થયું હતું. રાણાના અકાળ મૃત્યુથી શૂટિંગ સમુદાય આઘાતમાં છે. જર્મનીના મ્યુનિકમાં વર્લ્ડ કપમાંથી ભારતીય ટુકડીની પરત ફરતી ફ્લાઇટ દરમિયાન બીમાર પડ્યા બાદ તાજેતરમાં તેમની તબીબી સારવાર કરવામાં આવી હતી. નવી દિલ્હી પહોંચ્યા પછી, તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને હૃદય રોગના બ્લોકેજને દૂર કરવા માટે સ્ટેન્ટ લગાવવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમની સ્થિતિ સ્થિર હોવાના પ્રારંભિક અહેવાલો હોવા છતાં, તેમની તબિયત વધુ ખરાબ થઈ હતી.

રાણા ભારતીય પિસ્તોલ શૂટર્સ માટે ઉચ્ચ–પ્રદર્શન કોચ તરીકે સેવા આપી રહ્યા હતા. ભૂતપૂર્વ શૂટર, જેમને તેમના સ્પષ્ટવક્તા વર્તન અને રમત પ્રત્યેના જુસ્સા માટે ભારતીય શૂટિંગ વર્તુળોમાં એક માવેરિક માનવામાં આવતા હતા, તે એક વિશિષ્ઠ પ્રતિભા હતા અને તેમણે માત્ર ૧૨ વર્ષની ઉંમરે તેમનો પહેલો રાષ્ટ્રીય સ્તરનો ગોલ્ડ મેડલ જીત્યો હતો. (એજન્સી)

### ભારતના જહાજ

નજીક ચાલુ અઠવાડિયે ત્રણ ભારતીય જહાજ પર હુમલા કરાયા હતા. તેમાંના એક હુમલામાં ત્રણ ભારતીય ખલાસી માર્યા ગયા હતા. ઓમાનના દરિયાકાંઠે એક કમર્શિયલ જહાજ પર થયેલા હુમલા અંગે ભારતે કડક વલણ અપનાવ્યું છે જેમાં ત્રણ ભારતીય ખલાસીઓના મોત થયા હતા. ભારતે શુક્રવારે અમેરિકાના દૂતાવાસના ચાર્જ ડી'અફેર્સ જેસન મીક્સને બોલાવ્યા હતા અને ઓમાનના દરિયાકાંઠે ભારતીય ક્રૂ સભ્યો સાથેના જહાજો પર અમેરિકાના નૌકાદળના હુમલાઓ પર સખત વિરોધ નોંધાવ્યો હતો. આ અઠવાડિયામાં આ બીજી વખત છે જ્યારે ભારતે અમેરિકી રાજદૂતને બોલાવ્યા છે. ગુરુવારે ૨૦ ભારતીય ક્રૂ સભ્યોને લઈ જતું અન્ય એક વેપારી જહાજને નિશાન બનાવવામાં આવ્યું હતું. ભારતે આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પર ભારતીયોની સલામતી અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે.

વિદેશ મંત્રાલયના અધિક સચિવે અમેરિકાના અધિકારીને બોલાવ્યા હતા અને વિરોધ નોંધાવ્યો હતો. બીજી વખત છે જ્યારે ભારતે આ મુદ્દા પર યુએસ મિશનને સમન્સ પાઠવ્યા હતા. ભારતે જણાવ્યું હતું કે ઓમાનના દરિયાકાંઠે ભારતીય ક્રૂ સભ્યો સાથેના કોમર્શિયલ જહાજો પર અમેરિકન સૈન્યના ઘાતક હુમલાઓ અસ્વીકાર્ય છે.

અમેરિકાના પ્રમુખે ટ્રૂથ સોશ્યલ પરની પોસ્ટમાં દાવો કર્યો હતો કે ઇરાને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થતાં ભારતીય જહાજો પર ગુરુવારે રાતે ડ્રોનથી કરેલા હુમલા ચલાવી ન લેવાય.

દરમિયાન, ટ્રમ્પે સૂચિત શાંતિ–કરારની જોગવાઇ હોવાનું કહેવાતી ખોટી માહિતી પ્રસારમાધ્યમને આપવાનો ઇરાન પર આક્ષેપ કર્યો હતો અને જણાવ્યું હતું કે આવા મુદ્દે કોઇ ચર્ચા જ નથી કરાઇ.

અગાઉ, ભારતે નવી દિલ્હીમાંની અમેરિકી એમ્બસીના વડાને બોલાવ્યા હતા અને ઓમાનના કાંઠાની નજીક ભારતીયોને લઇ જતાં વેપારી જહાજો પર અમેરિકાએ હુમલા કર્યા હોવાનો આક્ષેપ કરીને તે સંબંધમાં વિરોધ નોંધાવ્યો હતો.

ભારતે આ હુમલાને ચિંતાજનક ગણાવીને આ કિસ્સામાં અમેરિકા પાસે વધુ સ્પષ્ટતા માગી હતી. (એજન્સી)

# ઍર ઈન્ડિયા પ્લૅન ક્રેશની વરસી: ક્રૂ મેમ્બરોને શ્રદ્ધાંજલિ

મુંબઈ: ગયા વર્ષે અમદાવાદમાં ૧૨ જૂને એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં માર્યા ગયેલા ૨૬૦ લોકોમાં સામેલ ક્રૂના ૧૨ સભ્યને શ્રદ્ધાંજલિ આપવા મિત્રો, સગા અને વિમાન સર્વિસ સાથે સંકળાયેલા સભ્યો શુક્રવારે મુંબઈમાં એકઠા થયા હતા. પ્રાર્થના સભામાં હાજર રહેલા લોકોમાં અમોલ તટકરે પણ હતા જેમની પત્ની અપર્ણા મહાડીક, વરિષ્ઠ ક્રૂ મેમ્બર, એઆઈ -૧૭૧ ફ્લાઇટ દુર્ઘટનામાં મૃત્યુ પામી હતી. એર ઈન્ડિયાનું બોઇંગ ૭૮૭-૮ વિમાન ઉડાન ભર્યા પછી તરત જ ક્રેશ થતા વિમાનમાં સવાર ૨૪૧ લોકો અને જમીન પર રહેલા અન્ય ૧૯ લોકો માર્યા ગયા હતા. અકસ્માતમાં એક મુસાફર બચી ગયો હતો જ્યારે તમામ ૧૨ ક્રૂ સભ્યોના મોત થયા હતા.

અમોલ તટકરેએ જણાવ્યું હતું કે મને એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો અને દુર્ઘટનાની તપાસ કરી રહેલી તમામ એજન્સીઓ પર સંપૂર્ણ વિશ્વાસ છે. મને આશા છે કે અંતિમ તપાસ અહેવાલમાં સત્ય બહાર આવશે. (પીટીઆઈ)■

# મેટ્રો એક્વા લાઈન પર હવે ગ્રેજ્યુએશન સુધીના વિદ્યાર્થીઓને કન્સેશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વધુને વધુ મુંબઈગરા મેટ્રો રેલવેમાં પ્રવાસ કરે તે માટે મેટ્રો રેલ દ્વારા અનેક યોજનાઓ બહાર પાડવામાં આવી રહી છે, જેમાં હવે વિદ્યાર્થીઓ માટે જાહેર પરિવહનને વધુ સસ્તું અને સુલભ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતા મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (એમએમઆરસી)એ મુંબઈ મેટ્રોની એક્વા લાઇનમાં પ્રવાસ કરતા લાયક વિદ્યાર્થીઓ માટે તેની સ્ટુડન્ટ કન્સેશન ટ્રિપ પાસ સુવિધાનો લાભ ગ્રેજ્યુએશન સ્તર સુધી લંબાવ્યો છે.

સુધારેલા પાત્રતા માપદંડ હેઠળ મુંબઈમાં માન્ય શાળાઓ, કોલેજો, પોલિટેકનિક અને આઈટીઆઈએસમાં પૂર્ણ-સમયના અભ્યાસક્રમો ચલાવતા વિદ્યાર્થીઓ એમએમઆરસી-એનસીએમસી કાર્ડનો ઉપયોગ કરીને મેટ્રો મુસાફરી પર ૨૫ ટકા કન્સેશન માટે પાત્ર છે. આ લાભ ૪૫-ટ્રિપ અથવા ૬૦-ટ્રિપ પાસ દ્વારા મેળવી શકાય છે.

સ્ટુડન્ટ પાસ ફક્ત એક્વા લાઇન સ્ટેશનો પર અધિકૃત પોઇન્ટ ઓફ સેલ પર એમએમઆરસી-એનસીએમસી કાર્ડ પર જારી કરવામાં આવે છે, જે વિદ્યાર્થીઓના દસ્તાવેજોને ચકાસ્યા બાદ જ આપવામાં આવે છે. આ કન્સેશનનો હેતુ વિદ્યાર્થીઓ માટે મુસાફરી ખર્ચ ઘટાડવા અને જાહેર પરિવહનના વધુને વધુ ઉપયોગ થાય તે માટે પ્રોત્સાહિત કરવાનો છે. ■

# કેરળની બ્યુટી કૉન્ટેસ્ટની રનર-અપ ૧૧.૮૨ કરોડના ડ્રગ્સ સાથે પકડાઈ

મુંબઈ: બૅન્ગકોકથી અંદાજે ૧૧.૮૨ કરોડ રૂપિયાના ઉચ્ચ ગુણવત્તાવાળા ગાંજા સાથે મુંબઈના ઍરપોર્ટ પર પહોંચેલી કેરળની બ્યુટી કૉન્ટેસ્ટની રનર-અપની કસ્ટમ્સના અધિકારીઓએ ધરપકડ કરી હતી. કસ્ટમ્સના ઍર ઈન્ટેલિજન્સ યુનિટે (એઆઈયુ) પકડી પાડેલી યુવતીની ઓળખ હર્ષા સની (૨૯) તરીકે થઈ હતી. ખાનગી બૅન્કાં રિલેશનશિપ મૅનેજર તરીકે કામ કરતી હર્ષાએ ગયા વર્ષે કેરળની બ્યુટી કૉન્ટેસ્ટમાં ભાગ લીધો હતો. હર્ષા બૅન્ગકોકથી ફ્લાઈટમાં ગુરુવારની વહેલી સવારે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ (સીએસએમઆઈએ) પહોંચી હતી. શંકાને આધારે એઆઈયુના અધિકારીઓએ તેની તપાસ કરી હતી. પર્સનલ સર્ચમાં તેની પાસેથી કંઈ શંકાસ્પદ મળ્યું નહોતું એટલે અધિકારીઓએ તેના સામાનની ચકાસણી કરી હતી. હર્ષા પાસેની ટ્રોલી બૅગમાંથી પ્લાસ્ટિકની થેલીનાં ૧૨ પૅકેટ મળી આવ્યાં હતાં. ફીલ્ડ ટેસ્ટિંગ કિટ પર પૅકેટમાંની વસ્તુની તપાસ કરતાં તે હાઈડ્રોપોનિક ગાંજો હોવાનું જણાયું હતું. અંદાજે ૧૧.૮૨ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કરી હર્ષાની ધરપકડ કરવામાં આવી હતી. ■




# 'બધું ઓલરાઈટ છે' હાસ્ય, મનોરંજન અને પારિવારિક મસ્તીનો ભરપૂર ડોઝ

મુંબઈ: ગુજરાતી સિનેમામાં છેલ્લા કેટલાક સમયથી કોમેડી ફિલ્મોનું ચલણ વધ્યું છે, પરંતુ 'બધું ઓલરાઈટ છે' એ માત્ર હસાવતી ફિલ્મ નથી, તે એક સંપૂર્ણ ફેમિલી એન્ટરટેઇનર તરીકે પોતાની છાપ છોડી જાય છે. દિગ્દર્શક ઉમંગ વ્યાસે મલ્ટી-સ્ટારર કાસ્ટને સુંદર રીતે સંભાળી એવી ફિલ્મ બનાવી છે, જે શરૂઆતથી અંત સુધી દર્શકોને મનોરંજનના રોલર-કોસ્ટર પર લઈ જાય છે.

ફિલ્મની સૌથી મોટી તાકાત તેનું હળવું-ફૂલ સ્ક્રીનપ્લે અને જોરદાર કોમિક ટાઈમિંગ છે. વાર્તા કોઈ જટિલતા વિના આગળ વધે છે અને દરેક થોડા સમય પછી આવતી રમૂજી પરિસ્થિતિઓ દર્શકોને હસવા માટે મજબૂર કરી દે છે.

વિરાજ ઘેલાણી અને જહાન્વી ગુરનાનીની ઓન-સ્ક્રીન કેમિસ્ટ્રી ફિલ્મમાં તાજગી ઉમેરે છે. બંને કલાકારોના નિખાલસ અભિનય અને હળવા રોમાન્સના સ્પર્શથી ફિલ્મને યુવા દર્શકો સાથે ખાસ જોડાણ મળે છે.

સહાયક પાત્રોમાં દીપ વૈદ્યનું 'સુપરસ્ટાર ત્રિકમ પોપટિયા' પાત્ર ખાસ યાદ રહી જાય એવું છે. તેમના દરેક દૃશ્યમાં હાસ્યનો નવો રંગ જોવા મળે છે. બીજી તરફ, ચેતન દૈયાએ 'લાલા ભરવાડ' તરીકે પોતાના અભિનયથી થિયેટરમાં તાળીઓ અને સીટીઓ મેળવવામાં સફળતા મેળવી છે.




જય ઉપાધ્યાય અને જીમેશ પટેલની પોલીસ જોડી ફિલ્મના સૌથી મનોરંજક પાસાઓમાંની એક છે. બંને વચ્ચેની રમૂજી નોકઝોક અને ગેરસમજો પરથી ઊભી થતી પરિસ્થિતિઓ દર્શકોને ખડખડાટ હસાવે છે. જ્યારે શરદ વ્યાસ અને પ્રેમ ગઢવી જેવા અનુભવી કલાકારોએ પોતાની ઉપસ્થિતિથી ફિલ્મને વધુ મજબૂત બનાવી છે.

ટેક્નિકલ પાસાઓની વાત કરીએ તો ફિલ્મનું સંગીત, બેકગ્રાઉન્ડ સ્કોર અને સંપાદન વાર્તાની ગતિ જાળવી રાખવામાં સફળ રહે છે. ફિલ્મ ક્યાંય બોજારૂપ લાગતી નથી અને તેના હળવા અંદાજને કારણે આખા પરિવાર સાથે માણી શકાય તેવી બની છે.

### શું સારું છે?

જોરદાર કોમિક ટાઈમિંગ
મલ્ટી-સ્ટારર કાસ્ટનો સંતુલિત ઉપયોગ
પારિવારિક મનોરંજન
યાદ રહી જાય એવા સહાયક પાત્રો

### શું વધુ સારું થઈ શકતું?

કેટલાક દૃશ્યો થોડા અનુમાનિત લાગે છે
વાર્તામાં નવીનતાનો અભાવ ક્યાંક-ક્યાંક અનુભવાય છે

### અંતિમ નિર્ણય

જો તમે રોજિંદા જીવનના તણાવમાંથી થોડો વિરામ લઈને પરિવાર અને મિત્રો સાથે નિરાંતે હસવા માંગતા હોવ, તો 'બધું ઓલરાઈટ છે' ચોક્કસપણે એક સારી પસંદગી સાબિત થઈ શકે છે. ફિલ્મમાં કોઈ ભારે સંદેશો નથી, પરંતુ મનોરંજનનો ડોઝ ભરપૂર છે. ગુજરાતી કોમેડી ફિલ્મોના ચાહકો માટે આ ફિલ્મ એક ''પૈસા વસૂલ'' અનુભવ બની શકે છે.




# લિફ્ટમાં ૯૦ મિનિટ ફસાતા ચાર યુવકના શ્વાસ અધ્ધર

મુંબઈ: નવી મુંબઈના ખારઘરમાં લિફ્ટમાં ચાર યુવકો ૯૦ મિનિટ સુધી ફસાઈ ગયા હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો છે. ટેક્નિકલ ખામીને કારણે બંધ પડેલી લિફ્ટમાં દોઢ કલાકથી પણ વધુ સમય કાઢનારા ચારે યુવકોએ સાક્ષાત મૃત્યુનો અનુભવ કર્યો હતો. નવી મુંબઈના ખારઘરમાં સેક્ટર ૩૪-બીમાં આવેલી ટ્યૂલિપ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં ગુરુવારે આ દુર્ઘટના બની હતી. અચાનક વીજ પુરવઠો ખોરવાઈ જવાથી લિફ્ટમાં ટેકનિકલ ખામી સર્જાતા દોઢ કલાક સુધી ચારેય યુવકો લિફ્ટમાં ચોથા માળે વચ્ચે ફસાયેલા રહ્યા હતા. લિફ્ટમાં અંધારુ અને તેમાં પાછું શ્વાસ રૂંધાઈ જતા એક-એક ક્ષણ તેમના માટે મુશ્કેલ બની ગઈ હતી. લિફ્ટમાં ફસાઈ ગયા બાદ હાર નહીં માનતા તેમાંથી બહાર નીકળવા માટે તેઓએ બૂમો પાડીને મદદ મેળવવાના પ્રયાસ કર્યા હતા. સદ્નસીબે બિલ્ડિંગના રહેવાસીઓના કાનમાં તેમની મદદની પોકાર સંભળાયા બાદ તાત્કાલિક સિડકો ફાયર સ્ટેશનને ફોન કરાયો હતો અને બાદ ફાયર બ્રિગેડ પહોંચી ગઈ હતી. પરિસ્થિતિની ગંભીરતા સમજીને ફાયરબ્રિગેડે કોઈપણ જોખમ લીધા વિના કટર અને સ્પ્રેડરનો ઉપયોગ કર્યો હતો અને કુશળતાપૂર્વક લિફ્ટનો દરવાજો ખોલ્યો. જોકે આ બધી કવાયતમાં ૯૦ મિનિટ થઈ ગઈ હતી. ■




# ભિવંડીમાં પેપર કંપનીમાં ભીષણ આગ

થાણે: થાણે જિલ્લાના ભિવંડીના પડઘામાં આવેલી પેપર કંપનીમાં ગુરુવારે લાગેલી ભીષણ આગને છેક શુક્રવારે નિયંત્રણમાં લાવવામાં સફળતા મળી હતી. શુક્રવારે મોડે સુધી કુલિંગ ઓપરેશન ચાલ્યું હતું. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ પડઘામાં પેપર કંપનીમાં આવેલી છે, જેમાં ગુરુવારે સાંજે છ વાગ્યાની આસપાસ ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ પર નિયંત્રણ મેળવવા માટે ભિવંડી સહિત, થાણે શહેર, ઉલ્હાસ નગર સહિત અન્ય ફાયર બ્રિગેડ સ્ટેશનમાંથી ફાયર બ્રિગેડની ગાડીઓ આવી હતી. ■











## ખરાત કેસ

# ઉજ્જવલ નિકમ વિશેષ સરકારી વકીલ

નાશિક: સમગ્ર દેશને હચમચાવનાર નાશિકના સ્વઘોષિત ધર્મગુરુ અશોક ખરાતના કેસમાં એક મહત્વપૂર્ણ ઘટનાક્રમ સામે આવ્યો છે. અંધશ્રદ્ધા સંબંધિત આરોપોના કેસ માટે વરિષ્ઠ વકીલ ઉજ્જવલ નિકમની 'સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર' તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂકથી તીવ્ર રાજકીય અટકળો શરૂ થઈ ગઈ છે.

ખરાત હાલમાં પોલીસ અને ઇડીની કસ્ટડીમાં છે. નાશિકના સરકારવાડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કુલ આઠ અલગ અલગ કેસોની કાર્યવાહી હવે સરકારી વકીલ તરીકે એડવોકેટ ઉજ્જવલ નિકમ સંભાળશે. રાજ્ય સરકારે આ કેસમાં એડવોકેટ ઉજ્જવલ નિકમને મદદ કરવા માટે એડવોકેટ પરિમલ ફાલેને 'સહાયક વિશેષ સરકારી વકીલ' તરીકે નિમણૂક કરી છે. રાજ્ય સરકારનો ગૃહ વિભાગ બંને વકીલોની ફીનો ખર્ચ ભોગવશે. ■



# વૉટ્સઍપ પ્રોફાઈલ પર જિલ્લાધિકારીનો ફોટો રાખી છેતરપિંડી કરનારા બે ઝારખંડમાં પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૉટ્સઍપ પ્રોફાઈલ પર પાલઘરનાં જિલ્લાધિકારીનો ફોટો રાખીને રૂપિયા પડાવનારા બે આરોપીની ઝારખંડમાંથી ધરપકડ કરવામાં આવી હતી. પાલઘર ક્રાઈમ બ્રાન્ચના ઇન્ચાર્જ ઇન્સ્પેક્ટર પ્રદીપ પાટીલની ટીમે પકડી પાડેલા આરોપીઓની ઓળખ બલવંતકુમાર કમલપ્રસાદ મંડલ (૨૬) અને રાજુકુમાર દુખન રવાની (૨૨) તરીકે થઈ હતી. ઝારખંડ રાજ્યના ધનબાદ જિલ્લામાંથી બન્નેને ગુરુવારે તાબામાં લેવાયા હતા.

આરોપીએ પાલઘરનાં જિલ્લાધિકારી ઈંદુરાણી જાખડની તસવીર વૉટ્સઍપ પ્રોફાઈલ પર રાખી હતી. પછી એ વૉટ્સઍપ નંબર પરથી ફરિયાદી વિનીતકુમાર મુંશીલાલ મીણા (૨૮)ને મેસેજ કર્યા હતા. મીણા પાલઘરમાં આવેલા રાષ્ટ્રીય સૂચના વિજ્ઞાન કેન્દ્રમાં કાર્યરત હોવાથી જિલ્લાધિકારીએ જ મેસેજ કર્યા હોવાનું સમજ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ૧૭ મેની સાંજે ૪.૪૫ વાગ્યે મીણાના વૉટ્સઍપ પર મેસેજ આવ્યો હતો, જેમાં તાત્કાલિક મદદની જરૂર હોવાનું લખ્યું હતું. મીટિંગમાં હોવાથી ઑનલાઈન નાણાં ટ્રાન્સફર કરવામાં ટેક્નિકલ વિઘ્ન આવી રહ્યું હોવાથી મીણાને ૫૦ હજાર રૂપિયા એક બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કરવાનું કહેવામાં આવ્યું હતું. મેસેજમાં બૅન્ક ખાતા સંબંધી વિગતો પણ મોકલવામાં આવી હતી.

જિલ્લાધિકારીએ મેસેજ કર્યો હોવાનું માની ફરિયાદીએ તાત્કાલિક ૫૦ હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. થોડી મિનિટ બાદ ફરી મેસેજ આવ્યો હતો, જેમાં અન્ય કોઈ બૅન્ક ખાતાની વિગતો હતી. તે ખાતામાં પણ પચાસ હજાર રૂપિયા ટ્રાન્સફર કરવાનું ફરિયાદીને કહેવામાં આવ્યું હતું. પરિણામે ફરિયાદીને શંકા ગઈ હતી. ફરિયાદીએ સંબંધિત નંબર પર કૉલ કરવાનો પ્રયાસ કરતાં મોબાઈલ સ્વિચ ઑફ્ફ હોવાનું જણાયું હતું.

પોતે છેતરાયો હોવાની જાણ થતાં મીણાએ સાયબર પોલીસમાં ફરિયાદ કરી હતી. પોલીસે જે ખાતામાં નાણાં ટ્રાન્સફર થયાં હતાં તેની વિગતો પ્રાપ્ત કરી હતી. તાંત્રિક વિશ્લેષણને આધારે પોલીસે ઝારખંડથી બન્ને આરોપીને પકડી પાડ્યા હતા. ■

# પુણેમાં આઈટી કંપનીના કર્મચારીની આત્મહત્યા: ત્રણ સાથી વિરુદ્ધ ગુનો

પુણે: કામના સ્થળે અપમાન અને ત્રાસથી કંટાળીને આઈટી કંપનીના કર્મચારીએ જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના પુણેમાં બનતાં પોલીસે ત્રણ સહકર્મચારી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ભોસરી પોલીસના જણાવ્યા મુજબ અમિત અભય બ્રહ્મે (૪૮) હિંજવડી ખાતેની ટીસીએસ કંપનીમાં કામ કરતો હતો. અમિતે નિવાસસ્થાને ગળાફાંસો ખાઈ કથિત આત્મહત્યા કરી હતી. આ પ્રકરણે અમિતના ૧૯ વર્ષના દીકરા અનિશની ફરિયાદ બાદ કંપનીના ત્રણ કર્મચારી વિરુદ્ધ આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

કહેવાય છે કે અમિતના ઘરમાંથી સુસાઈડ નોટ મળી હતી. કંપનીના વરિષ્ઠ અધિકારી અને અમુક કર્મચારી છેલ્લા કેટલાક સમયથી માનસિક ત્રાસ આપતા હતા અને ખોટી ફરિયાદ કરી અપમાન કરતા હોવાનો ઉલ્લેખ સુસાઈડ નોટમાં હોવાનું કહેવાય છે. ■

# ઝેર ભેળવેલો આઈસક્રીમ બન્ને સંતાન અને પત્નીને ખવડાવી પ્રિન્સિપાલનો આપઘાત

સોલાપુર: શૅરબજાર અને ઑનલાઈન ટ્રેડિંગમાં લગભગ કરોડ રૂપિયાના નુકસાનથી હતાશ શાળાના પ્રિન્સિપાલે આઈસક્રીમમાં ઝેર ભેળવી બન્ને સંતાન અને પત્નીને ખવડાવી દીધું હતું. ત્રણેયનાં મૃત્યુની ખાતરી થતાં પ્રિન્સિપાલે પણ જીવન ટૂંકાવ્યું હોવાની કરુણ ઘટના સોલાપુરમાં બની હતી.

મળતી માહિતી અનુસાર નંદુરબાર જિલ્લાની એક પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ વૅકેશન હોવાથી તેમના સોલાપુરમાં બાર્શી તાલુકાના વતને કુટુંબ સાથે આવ્યા હતા. રાતે જમ્યા પછી ખાવા માટે પ્રિન્સિપાલ આઈસક્રીમ લાવ્યા હતા. આઈસક્રીમ ખાધાની ગણતરીની મિનિટોમાં પત્ની અને બન્ને સંતાનનું સ્વાસ્થ્ય બગડ્યું હતું. તરફડીને ત્રણેયનાં મૃત્યુ થયા પછી પ્રિન્સિપાલે ગળાફાંસો ખાધો હતો.

બનાવની જાણ થતાં બાર્શી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ચારેયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. ઘરમાંથી લેવાયેલા આઈસક્રીમના નમૂના સહિત અન્ય વસ્તુઓ ફોરેન્સિક તપાસ માટે મોકલી દેવાઈ હતી. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે પ્રિન્સિપાલને શૅરબજાર અને ઑનલાઈન ટ્રેડિંગની આદત પડી હતી, જેમાં તેમણે એક કરોડ રૂપિયાનું નુકસાન વેઠ્યું હતું. આર્થિક મુશ્કેલીથી હતાશ થઈને પ્રિન્સિપાલે આવું પગલું ભર્યું હોવાનું કહેવાય છે. ■

# મ્યુઝિક કોન્સર્ટમાં ડ્રગ્સના ઓવરડોઝથી બેનાં મોત: નેસ્કોના બે કર્મચારીને જામીન

મુંબઈ: ગોરેગામમાં નેસ્કો સેન્ટરના એક હૉલમાં મ્યુઝિક કોન્સર્ટમાં ડ્રગ્સના ઓવરડોઝથી એમબીએના બે વિદ્યાર્થીનાં મોતના કેસમાં બૉમ્બે હાઈ કોર્ટે શુક્રવારે નેસ્કોના બે કર્મચારીના જામીન મંજૂર કર્યા હતા.

જસ્ટિસ શ્યામ ચાંડકની સિંગલ બૅન્ચે પ્રત્યેકી એક લાખ રૂપિયાની શ્યોરિટી આપવા, મહિનામાં એક વાર પોલીસ સ્ટેશનમાં હાજર થવા અને પુરાવા સાથે ચેડાં ન કરવાના પણ નિર્દેશ આપ્યા હતા.

લાઈવ ઈવેન્ટ્સ માટે સિનિયર મૅનેજર સની જૈન (૩૧) અને નેસ્કો એક્ઝિબિશનના વાઈસ પ્રેસિડેન્ટ (લાઈવ ઈવેન્ટ્સ અને આઈપી) બાલકૃષ્ણ બલરામ કુરુપ (૪૬)ની ૧૩ એપ્રિલે ધરપકડ કરવામાં આવી હતી. નેસ્કો એક્ઝિબિશન સેન્ટરમાં આયોજિત કોન્સર્ટમાં ગયેલા બે વિદ્યાર્થીના મૃત્યુ પછી બન્ને આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

કોન્સર્ટમાં ગયેલા મૅનેજમેન્ટના સ્ટુડન્ટ્સ શ્રેયા રાય અને બિસ્મત ભસીને ડ્રગ્સના કથિત ઓવરડોઝને કારણે જીવ ગુમાવ્યા હતા. તપાસમાં જણાયું હતું કે બન્ને વિદ્યાર્થીએ એમડીએમએ (સામાન્ય રીતે એક્સ્ટેસી તરીકે ઓળખવામાં આવે છે)નું કથિત રીતે સેવન કર્યું હતું.

પોલીસે હાઈ કોર્ટને જામીન આદેશ સામે ચાર સપ્તાહનો સ્ટે આપવાની વિનંતી કરી હતી, જેથી સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકાય. જોકે જસ્ટિસ ચાંડકે ઇનકાર કરી દીધો હતો.

જામીન અરજીમાં બન્નેએ જણાવ્યું હતું કે સલામતી વ્યવસ્થામાં તેમની અથવા નેસ્કોની કોઈ ભૂમિકા નથી અને આ ઘટના માટે તેમને જવાબદાર ગણી શકાય નહીં.

તેમણે દાવો કર્યો હતો કે સિક્યોરિટી એરેન્જમેન્ટ થર્ડ પાર્ટીને સોંપવામાં આવી હતી. ડ્રગ્સની પ્રાપ્તિ, વિતરણ કે સેવન સાથે તેમને કોઈ લેવાદેવા નથી અને તેમના કહેવાથી કશું હસ્તગત પણ કરાયું નથી.

ઈવેન્ટના સ્થળે ડ્રગ્સ લઈ જવું અને સેવન કરવું પ્રતિબંધિત હતું. આ અંગેની શરતો ટિકિટ પર છાપવામાં આવી હતી અને સ્થળ ખાતે પ્રદર્શિત પણ કરાઈ હતી, એવું અરજીમાં જણાવાયું હતું. (પીટીઆઈ) ■

# દેશની આર્થિક પરિસ્થિતિ પર ચર્ચા કરવા માટે સર્વપક્ષી બેઠક બોલાવો

મુંબઈ: એનસીપી (એસપી)ના નેતા સુપ્રિયા સુળેએ ગુરુવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને દેશની આર્થિક પરિસ્થિતિ પર ચર્ચા કરવા માટે સર્વપક્ષી બેઠક બોલાવવા વિનંતી કરી હતી, તેમણે એમ પણ કહ્યું હતું કે દેશના લોકો ઇંધણના વધતા ભાવ અને એલપીજી સબસિડીમાં ઘટાડો જેવા મુદ્દાઓનો સામનો કરી રહ્યા છે.

રાજકીય મતભેદોને બાજુ પર રાખવા જોઈએ અને દેશ સામેના પડકારોનો સામનો કરવા માટે અર્થશાસ્ત્રીઓની સલાહ લેવી જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે પક્ષો તોડવાના ભાજપના 'શોખ'ની પણ ટીકા કરી હતી, આ પ્રથાને લોકશાહી માટે હાનિકારક ગણાવી હતી.

પત્રકારો સાથે વાત કરતા સુળેએ કહ્યું હતું કે, 'દેશ પહેલા આવે છે, ત્યારબાદ રાજ્ય, પક્ષ અને પરિવાર. જો દેશ ટકી રહે છે, તો બાકીનું બધું ટકી રહે છે.'

બારામતીના સાંસદે જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર દરમિયાન વિપક્ષ સરકારની પાછળ મજબૂત રીતે ઊભો રહ્યો હતો અને આર્થિક મુદ્દાઓને સંબોધવામાં પણ આવી જ રીતે ટેકો આપવા તૈયાર છે. યુપીએ યુગ સાથે વર્તમાન પરિસ્થિતિની સરખામણી કરતા, એનસીપી (એસપી) ના કાર્યકારી પ્રમુખે જણાવ્યું હતું કે ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના કાર્યકાળ દરમિયાન ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ ૧૦૮-૧૧૦ ડોલરને સ્પર્શી ગયા હતા, જ્યારે રૂપિયો ડોલર સામે ૬૦-૬૫ રૂપિયા પર ટ્રેડ થઈ રહ્યો હતો આમ છતાં ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ નીચા હતા. ■

# એનડીએની બેઠકમાં એકનાથ શિંદેનું વધતું મહત્ત્વ: મોદીના અભિનંદનનો ઠરાવ રજૂ કરવાની તક મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દિલ્હીમાં યોજાયેલી નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (એનડીએ)ની મહત્વપૂર્ણ બેઠકમાં રાષ્ટ્રીય રાજકારણમાં શિવસેનાના મુખ્ય નેતા અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનું વધતું મહત્વ અને આદરણીય સ્થાન ફરી એકવાર જોવા મળ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સૌથી લાંબા સમય સુધી વડા પ્રધાન તરીકે સેવા આપવાના રેકોર્ડને યાદ કરવા માટે આયોજિત એનડીએના ઘટક પક્ષોની બેઠકમાં શિંદેએ શિવસેનાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

દેશભરના ૩૮ સાથી પક્ષોના વડાઓએ હાજરી આપેલી આ બેઠકમાં, એકનાથ શિંદેને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન આપતો ઠરાવ રજૂ કરવાની તક આપવામાં આવી. આને રાજકીય વર્તુળોમાં ભાજપના નેતૃત્વ દ્વારા શિંદે પ્રત્યે દર્શાવવામાં આવેલા વિશ્વાસ અને પરસ્પર આદરનું પ્રતીક માનવામાં આવે છે. મીટિંગ દરમિયાન, શિંદેને વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનની હરોળમાં બેઠક આપવામાં આવી હતી. ઉપરાંત, એવી ચર્ચા પણ થઈ હતી કે બેઠક પછી લેવાયેલા ગ્રુપ ફોટોગ્રાફમાં અમિત શાહની બાજુમાં ઊભા રહેવાની તક મળી હોવાથી એનડીએના રાષ્ટ્રીય નેતૃત્વમાં તેમનું વધતું મહત્વ જોવા મળ્યું હતું. ■

## હિન્દુ મરણ

ભાવનગર નિવાસી હાલ બોરીવલી સ્વ. હસમુખરાય જમનાદાસ હપાણીના ધર્મપત્ની (ઉં. વ. ૮૨) ગં. સ્વ. પ્રવીણાબેન તા. ૧૧-૬-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. નાગરદાસ સુંદરજી કોઠારીના પુત્રી. વિજયભાઇ, લલિતભાઇ, દર્શાનાબેન, સંગીતાબેનના માતુશ્રી. સ્વ. ભરતભાઇ કસળચંદ દોશી, ચેતનકુમાર અરવિંદભાઇ મોદી, હર્ષાબેન, રૂપલબેનના સાસુ. મૌલિક, રિદ્ધિ, મહિમા, વરુણના દાદી. પ્રાર્થનાસભા તા. ૧૩-૬-૨૬ના શનિવાર ૪થી ૬. ઠે. જૈનમ શાંતિસાગર હોલ, ચામુંડા સર્કલ, દિગંબર જૈન મંદિરની સામે, બોરીવલી (વેસ્ટ).

ગં. સ્વ. જયાબેન ગોવિંદભાઇ રૂપારેલ (ઉં. વ. ૭૫) તા. ૯-૬-૨૬ના રામશરણ પામેલ છે. કચ્છ ગામ બિટ્ટા, વિંજાણ, હાલ મુલુંડ તે સ્વ. ગોવિંદભાઇ કાનજી રૂપારેલના ધર્મપત્ની. દેવાંશભાઇ અને પ્રશાંતભાઇના માતુશ્રી. મોનિકા અને જુલીના સાસુમા. પર્લ અને ધીમયના દાદીમા. તે સ્વ. પાર્વતીબેન તથા સ્વ. થાવરદાસભાઇ હંસરાજભાઇ રૂપારેલના સુપુત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજિયા સોની**

ગળિયાણા (લીલાપુર)વાળા મીતાબેન તે તરુણકુમાર હમીરભાઇ સોલંકી (સલ્લા)ના ધર્મપત્ની (ઉં.વ. ૭૩). તે નીલાબેન, જ્યોતિબેન, ભરતભાઇના ભાભી. ફાલ્ગુનીબેનના જેઠાણી. પારસ, તેજલબેનના માતુશ્રી. ડિમ્પલ, રવિકુમારના સાસુ. સમૃદ્ધિ, જયકુમારના મોટા સાસુ. દામોદરદાસ વિઠ્ઠલદાસ હિરાણીના દીકરી તે તા.૧૧-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૬-૨૬ના સાંજે ૫થી ૬. ઠે. સોની વાડી, શીંપોલી ક્રોસ રોડ, બોરીવલી (વેસ્ટ).

**મચ્છુ ચાતુર્વેદી મોઢ બ્રાહ્મણ**

સ્વ. મીનાક્ષી નીતીન દવે (ઉં. વ. ૭૫) મૂળગામ રાજકોટ હાલ મુંબઇ ઘાટકોપર તા. ૧૧-૬-૨૬ ગુરુવારના કૈલાસવાસી થયા છે. તે નીતીન કાંતિલાલ દવેના ધર્મપત્ની. અમીતના માતુશ્રી. સ્વ. જયાલક્ષ્મી ત્રિકમદાસ સોમૈયાની પુત્રી. રીટાબેન ડો.ગોપાલ ભાટે અને મનોજભાઇ ત્રિકમદાસ સોમૈયાની બહેન. જ્યોતિ રસિકલાલ દવે, સ્વ. હર્ષા હરસુખરાય જોશી, અરુણા ઉપેન્દ્ર વેદના ભાભી. પ્રાર્થનાસભા રાખવામાં આવી નથી.

**વેદાંત બ્રાહ્મણ**

અ. સૌ. પારુલબેન પ્રતાપભાઇ વેદાંત (કચ્છ ગામ કોડાય હાલ મુલુંડ) (ઉં. વ. ૭૦) તા. ૧૧ જૂનના રામશરણ પામેલ છે. તે સ્વ. ઝવેરબેન હિરજીભાઇ વેદાંતના પુત્રવધૂ. ગં. સ્વ. રોહિણીબેન રજનીકાંત હિરજીભાઇ વેદાંતના દેરાણી. કશ્યપભાઇના માતુશ્રી. તે ગિરીશભાઇ, સ્વ. ભાનુમતી, ગં. સ્વ. ચંપાબેન, ગં. સ્વ. રસીલાબેન, અ. સૌ. જયોતિબેન, સ્વ. સરોજબેનના ભાભી.અનસુયાબેન પ્રહલાદભાઇ ઉપાધ્યાયના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડ સત્તર તાલુકા ઔદીચ્ય બ્રાહ્મણ**

વઢવાણ નિવાસી હાલ ઘાટકોપર ગુણવંતરાય આચાર્ય (ઉં. વ. ૧૦૨) તે નર્મદાશંકર અને દુર્ગાબેનના પુત્ર. મંજુલાબેનના પતિ. ઉષા પિયુષકુમાર શુકલા તથા પ્રદીપના પિતાશ્રી. રોહિણીના સસરા. હીરવિતા અને હર્ષના દાદા. તા.૧૧-૬-૨૬ના કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૬-૨૬ શનિવારના ૧લે માળે, શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, જોશી લેન, સાંજના ૫થી ૭. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

દેલવાડા નિવાસી હાલ કાંદીવલી સ્વ. હરકિશનદાસ સંઘવીના પુત્ર, સરોજબેનના પતિ. વિપિનભાઈ હરકિશનદાસ સંઘવી (ઉં. વ. ૮૭) તે અવની તથા રાજલના પિતા. સંદીપ ગાંધીના સસરા. સ્વ. પ્રાણજીવનદાસ જાદવજી દોશીના જમાઈ. દિલીપભાઈ, મધુકરભાઈ તથા અરુણાબેનના મોટાભાઈ. તા. ૧૦/૦૬/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળગામ મોટા આંકડીયા હાલ ભાયંદર, હરિતભાઈ માખેચા (ઉં. વ. ૭૪) ૧૧/૬/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. સૂર્યાબાળા જયંતીલાલ માખેચાના પુત્ર. સ્વ. મીનાક્ષીબેનના પતિ. સ્વ. બિપીનભાઈ, અશ્વિનભાઇ, ઇલાબેન તથા રેખાબેનના ભાઈ. સ્વ. ગંગાબેન જગજીવનદાસ ગઢીયાના જમાઈ. પ્રિતેશ, મોશમી, જલ્પેશના પિતા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

સ્વ. ભાનુમતિ ભગવાનદાસ ડોસા ગોકલ ગાંધીના સુપુત્ર મહેન્દ્રભાઈ ભગવાનદાસ ડોસા (ઉં. વ. ૭૨) તે મીતા (વીણા)ના પતિ. સ્વ. ભાષ્કરભાઈ, સ્વ રશ્મિબેન કિશન આશર, સ્વ. બિંદુબેન વિજય લીલાણી, સ્વ. લતાબેન પ્રવીણ સત્રા તથા ગં.સ્વ. જ્યોતિબેન સુરેન્દ્ર પલેજાના ભાઈ. પ્રતીક, ગૌરવ અને અંકિતના પિતા. સ્વ. ઇન્દુબેન જેન્તીલાલ ઘડીયાળીના જમાઈ બુધવાર તા.૧૦-૦૬-૨૬ના રોજ બોરીવલી શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા

## પારસી મરણ

પરવેઝ નાદીરશા ગઝદર તે મહાનાઝના ધની. તે મરહુમો ખોરશેદ નાદીરશા ગઝદરના દીકરા. તે કૈઝાદના પપા. તે નીમીશાના સસરા. તે ધન વીરાફ ને ઝીનોબીયાના ભાઇ. તે જીયાના બપાવાજી. (ઉં. વ. ૭૫) રે. ઠે. ૨૭૩, મની ભવન, બાબાસાહેબ જયકર માર્ગ, ઠાકુરદ્વાર રોડ, ચર્નીરોડ, મુંબઇ-૪૦૦૦૦૨.ઉઠમણાંની ક્રિયા : તા. ૧૩-૬-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે, સેઠના અગિયારીમાં છેજી.

હોમી જહાંગીર ઇરાની તે દોલતના ધની. તે મરહુમો બખતાવર જહાંગીર ઇરાનીના દીકરા. તે ખુશરૂના પપ્પા. તે મરહુમો બેહરામ, રુસ્તમ, નોશીર, શાપુર, યઝદી, અદી, રોશન, ઝરીન, દીનુ ને ડોલીના ભાઇ. તે જહાંગીર ફરહાદ, ખુશનુદ, યેનીશાના કાકા. તે બુરઝીન, ફ્રેદી, કેરમાન, ફીરદોશ, અસપી, શીરાઝ ને મરહુમો શીરાઝ ને પીલુના મામા. (ઉં. વ. ૭૭) રે. ઠે. શીરીન મેન્શન બિલ્ડિંગ, ડી વિંગ, ૪થે માળે, ફ્લેટ નં.૧૦, શંકરશેઠ રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૩-૬-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે.-મીઠાઇવાલા અગિયારી.

નુશાઝાર મેહેરનોશ પોરબંદરવાળા તે મેહેરનોશ તથા મરહુમ હુતોકશી પોરબંદરવાળાના દીકરા. તે મરહુમ ડોલી ને હોમી પોરબંદરવાળાના બપાવા. તે મરહુમ રોશનના મમઇ. તે મરહુમ મીનુંના મમાવા. (ઉં. વ. ૪૧) રે. ઠે. શાપુરબાગ, રૂમ. નં. ૧૬, ત્રીજે માળે, એફ બ્લોક, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૪.

## જૈન મરણ

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

થોરડી નિવાસી હાલ સુરત નીતિન નિકુંજ છોટાલાલ સરવૈયા (ઉં.વ. ૬૨) તા. ૧૦-૬-૨૬ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હર્ષાબેન છોટાલાલ સરવૈયાના સુપુત્ર. જયોતિબેન નીતિન સરવૈયાના પતિ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી જૈન**

મોરબી (ગાળા) હાલ ઘાટકોપર નેમચંદ જટાશંકરના સુપુત્ર મહેન્દ્રભાઇ (ઉં. વ. ૭૬) તા. ૧૦-૬-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. ભાવનાબેનના પતિ. રીનાના પિતાશ્રી. મિતુલભાઇ જિતુભાઇ કામદારના સસરા. રમેશભાઇ અને મંજુલાબેનના ભાઇ. . ધનપાળભાઇ, જિતેન્દ્રભાઇ તથા રાજેશભાઇના બનેવી. લૌકિક વ્યવહાર બંધ છે.

---

૧૩/૬/૨૬ના રોજ ૫ થી ૭. સનરાઇઝ પાર્ટી હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, શ્રીજીમહલ આનંદીબાઈ કાલે કોલેજ પાસે, સાઈબાબા નગર બોરીવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ ભાવનગર, હાલ કલ્યાણ, સ્વ. ચંદ્રકાન્ત હિરાલાલ ચંદ્રારાણાના પત્ની ગં.સ્વ. વાસંતીબેન (ઉં. વ. ૭૫) તા.૧૦/૦૬/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હરિભાઈ અને સ્વ.કાંતાબેન દાસાણીના દીકરી. રાકેશભાઈ, રીટાબેન, કમલેશભાઈના માતા. કિંજલબેન, પૂજાબેન અને અમિતકુમાર રાડિયાના સાસુ. ધ્રુવી, દ્રિશિના નાની-દાદી. પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૩/૦૬/૨૬ના સાંજે ૪થી ૬. ઠે. જલારામ હોલ, મહાજનવાડી, આગ્રા રોડ, કલ્યાણ (પ).

**હાલાઈ લોહાણા**

મુળગામ શિદસરા હાલ થાણા, ગં.સ્વ. લીલાવતીબેન મોહનલાલ પોપટ (ઠક્કર) (ઉં. વ. ૯૧) ગુરૂવાર તા. ૧૧/૦૬/૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મોહનલાલ કાકુભાઈ પોપટના ધર્મપત્ની. રંભાબેન કરશનદાસ ગોવિંદજી મામતુરાના દિકરી. સ્વ. ધરમશીભાઇ, સ્વ. તુલસીદાસભાઈ, સ્વ. દામોદરભાઈ, અમૃતલાલ કાકુભાઈના મોટાભાભી. પ્રફુલ્લભાઈ, ભરતભાઈ, ઉષાબેન મહેન્દ્રકુમાર, રશમિબેન જનકકુમાર, વિભાબેન કેતનકુમારના માતુશ્રી, નિલમબેન અને આશાબેનના સાસુ. તેમની બને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૩/૦૬/૨૬ના સાંજે ૦૪.૩૦ થી ૦૬.૦૦. રઘુવંશી હોલ, શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજનવાડી, ખારકર આળી, થાણા વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા.**

ગામ સાવરકુંડલા, હાલ મુંબઈ નિવાસી, વાસંતીબેન સૂર્યકાંત મસરાણી, (ઉં. વ. ૮૦) ગુરુવાર તા. ૧૧ જૂન, ૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. માધવદાસભાઈ સંપત તથા સ્વ. કબુબેનનાં પુત્રી, સૂર્યકાંતભાઈના પત્ની. આરતીબેન, દીપ્તિબેન, નયનાબેન તથા કિરણના માતૃશ્રી. સ્વ. પરાગભાઈ. જતીનભાઈ તથા અ. સૌ. દેવલબેનના સાસુ. સ્વ. ડાયાભાઈ તથા સ્વ. જમકુબેનના પુત્રવધૂ. પ્રાર્થનાસભા રવિવાર તા. ૧૪.૦૬.૨૦૨૬, લખમશી નપુ હોલ, ૩૧૧, ચંદાવરકર રોડ, માટુંગા સેન્ટ્રલ રેલવે, સાંજે ૫ થી ૬.૩૦. લૌકિક પ્રથા બંધ છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### મુંબઈગરાની તરસ

સંગ્રહ ૧,૭૦,૫૪૧ મિલ્યન લિટર છે. જોકે ગયા છેલ્લા બે વર્ષની સરખામણીમાં આ વર્ષે જળાશયોમાં પાણી વધુ છે, છતાં આ વર્ષે ચોમાસું નબળું જવાની શકયતાને પગલે પાલિકાની ચિંતામાં વધારો થયો છે. ગયા વર્ષે આ જ સમયે સાતેય જળાશયોમાં ૯.૫૦ ટકા એટલે કે ૧,૩૭,૫૧૩ મિલ્યન લિટર, ૨૦૨૪ની સાલમાં ૮૦,૧૩૯ મિલ્યન લિટર પાણી હતું. છેલ્લા બે વર્ષની સરખામણીમાં આ વર્ષે પાણી વધુ હોવા છતાં ચોમાસું લંબાઈ જવાની તથા નબળા રહેવાની શકયતાને પગલે પ્રશાસનની ચિંતામાં વધારો થયો છે. આકરી ગરમીને કારણે જળાશયમાં રહેલા પાણીનું બાષ્પીભવનનું પ્રમાણ પણ વધ્યું હોવાથી પણ જળાશયમાં પાણીનું સ્તર ઝડપથી ઘટી રહ્યું હોવાનું કહેવાય છે.

**કૂવા અને બોરવેલનું ઓડિટ કરવામાં આવશે**

જળાશયોમાં ઘટતા જતા પાણીના સંગ્રહ અને ચોમાસામાં વિલંબની આશંકા વચ્ચે પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ શહેરમાં આવેલા કુવાઓનું તાત્કાલિક ઓડિટ કરવાનો આદેશ આપ્યો છે. અધિકારીઓને આ કૂવા અને બોરવેલ સાફ, શુદ્ધ અને પુનર્જીવિત કરવાનો અને વરસાદી પાણીના રિચાર્જ કરવા પર ધ્યાન આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. શહેરના જળ સંસાધનો પર દબાણ ઓછું કરવા માટે અધિકારીઓને નજીકના હાઉસિંગ સોસાયટીઓ દ્વારા કૂવાના પાણીના ઉપયોગને પ્રોત્સાહન આપવાનું પણ કહેવામાં આવ્યું છે. કમિશનરે વોર્ડ અધિકારીઓને તમામ જાહેર, સરકારી અને ખાનગી કુવાઓ અને બોરવેલની અપડેટેડ ઇન્વેન્ટરી તૈયાર કરવાનો પણ નિર્દેશ આપ્યો છે. તેમણે હાઉસિંગ સોસાયટીઓને આ વૈકલ્પિક પાણી સ્રોતોનો ઉપયોગ કરવાની વિનંતી પણ કરી છે. ■

### કૉંગ્રેસ તો ડૂબી રહેલું

મળશે. કોંગ્રેસ ડૂબતું જહાજ છે અને ડૂબતા જહાજ પર કોઈ પગ મૂકતું નથી, પરંતુ જો કોઈની ઈચ્છા હોય તો એમાં અમારે કશું ગુમાવવાનું નથી.

મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે ભાજપે થોભો અને રાહ જુઓનો અભિગમ અપનાવ્યો છે. જો વિપક્ષી દળો કોંગ્રેસમાં પગ મૂકે તો પણ અમને વધુ મોકળાશ મળશે. બુધવારે શિવસેનાના સંસદ સભ્ય સંજય રાઉતે સૂચન કર્યું હતું કે તેમના નેતાઓએ કોંગ્રેસ છોડ્યા બાદ રચાયેલા તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એસપી) જેવા પક્ષોએ કોંગ્રેસમાં પાછા ફરવું જોઈએ જેથી ભાજપનો મજબૂત વિકલ્પ બનાવી શકાય. (પીટીઆઈ) ■

### ભયંકર ગરમી વચ્ચે

ટ્રેનસેવા પર અસર પડી હતી, પણ રેલવે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે ઓવરહેડ વાયરની મરમ્મતની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

કામ પૂર્ણ થતાં જ લોકલ સેવા ફરીથી પૂર્વવત કરવામાં આવશે તેવી જાહેરાત સ્ટેશનો પર વારંવાર કરવામાં આવી રહી છે. જોકે, ઓવરહેડ વાયર તૂટી જવાને કારણે બંને લાઈનનો વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો, જેથી ટ્રેનસેવા પર અસર થઈ હતી. ટ્રેન અને સ્ટેશન પર પ્રવાસીઓની હકડેઠઠ ભીડ જોવા મળી હતી. ■

### પ્રભાવિત વિસ્તારોમાં

પાણીના મેનેજમેન્ટ પણ ખાસ ધ્યાન આપવાની છે. એક તરફ પાણીકાપ લાગુ કરવામાં આવ્યો છે, તો બીજી તરફ પાણીની ચોરી અને પાણીનું ગળતર રોકવા પર ધ્યાન આપવાનો વોર્ડ સ્તરે એન્જિનિયરોને આદેશ આપવામાં આવ્યો છે. તેમ જ નાગરિકોને પણ કાયદેસર રીતે પાણીનું જોડાણ લેવાની અપીલ કરવામાં આવી છે.

નાગરિકોને અપૂરતું પાણી મળી રહ્યું હોવાની ફરિયાદ બાબદે બાંગરે જણાવ્યું હતું કે પાણીકાપ મૂક્યા બાદ મુંબઈના અનેક વિસ્તારોમાં ઓછું પાણી મળી રહ્યું હોવાની ફરિયાદ આવી છે. તેથી આ વિસ્તારના નાગરિકોને પૂરતું પાણી મળી રહે તે માટે પાલિકા તેમને ટેન્કર દ્વારા પાણીપુરવઠો કરશે. એ સાથે જ જે વિસ્તારમાં વોટર ટેન્કર દ્વારા પાણીપુરવઠો કરવામાં આવે છે ત્યાં કાયમી સ્વરૂપે પાણીપુરવઠા માટે નિયોજન કરવાનો અને ટેન્કર પર અવલંબન ઓછું કરવાની સૂચના વોર્ડ સ્તરે અધિકારીઓને આપવામાં આવી છે. ■

### સુપ્રીયા સુળે

છે. તેમણે એક સારું સૂચન કર્યું છે. મને ખબર નથી કે એ પ્રમાણે થશે કે નહીં. બીજી તરફ રોહિત પવારે એટલું જ કહ્યું કે જ્યારે થશે ત્યારે થશે. થાય પણ ખરું અને ન પણ થાય. સૌથી પહેલા એ જરૂરી છે કે તમામ વિપક્ષી દળો ભેગા થાય અને મોદી સરકાર વિરુદ્ધ મજબૂતીથી ઉભા રહે. ■

### રાષ્ટ્રીય સ્તરે શિંદે

જશે તો શિંદે જૂથ ફરી એકવાર ભાજપના કેન્દ્રીય નેતૃત્વ સાથે વાટાઘાટો કરી શકશે. બીજી તરફ ભાજપ પણ લોકસભામાં બે તૃતીયાંશ બહુમતી મેળવવાનો પ્રયાસ કરી રહી છે જેથી ભવિષ્યમાં મતદાર સંઘ પુનર્રચના ખરડો આસાનીથી પસાર થઈ શકે.

### ધર્મનિરપેક્ષ પક્ષોનું

જે થઈ રહ્યું છે અને દેશની બંધારણીય વ્યવસ્થાનું ધોવાણ થઈ રહ્યું છે. મતનું વ્યાપકપ વિભાજન રોકવા માટે, દેશને બચાવવા માટે, દેશના બંધારણને બચાવવા માટે, ધર્મનિરપેક્ષ વિચારોવાળા તમામ પક્ષોએ એક સાથે આવવું જોઈએ. આ પ્રકારની પ્રક્રિયા હવે રાષ્ટ્રીય સ્તરે શરૂ થઈ ગઈ છે. તૃણમૂલ કોંગ્રેસ હોય કે પવાર સાહેબ (એનસીપી-એસપી), તેમણે કોંગ્રેસમાં ભળી જવું જોઈએ.' (પીટીઆઈ) ■

### નીટ યુજી ૨૦૨૬ના

આકૃતિઓ અને કાર્યકારી નોંધો માટે વધારાની જગ્યા મળશે. પ્રશ્નપત્ર પુસ્તિકાની ફોર્મેટમાં પણ સુધારો કરવામાં આવ્યો છે. અગાઉ રફ-વર્ક પેજ ફક્ત પુસ્તિકાના અંતે મૂકવામાં આવતા હતા. હવે સૂચના પેજ પછી તરત જ બે રફ-વર્ક પેજ હશે, જ્યારે બાકીના બે અંતમાં રહેશે. આ સુધારેલું ફોર્મેટ અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાના પ્રશ્નપત્રો બંનેમાં ઉપલબ્ધ હશે. એનટીએ એ નોંધ્યું છે કે આ ફેરફાર ખાસ કરીને ડાબોડી ઉમેદવારોને મદદ કરશે જેમને અગાઉનો લેઆઉટ ઓછો અનુકૂળ લાગ્યો હતો.

એજન્સીએ જણાવ્યું હતું કે નીટ યુજી જેવી ઉચ્ચ-સ્તરની પરીક્ષામાં ડિઝાઇનમાં નાના સુધારાઓ પણ પ્રદર્શન પર હકારાત્મક અસર કરી શકે છે.

ઉમેદવારોને સલાહ આપવામાં આવી છે કે તેઓ તેમના પ્રવેશપત્ર અને માહિતી બુલેટિનમાં આપેલી સૂચનાઓ કાળજીપૂર્વક વાંચે અને પરીક્ષાના સુચારુ સંચાલન માટે પરીક્ષા સ્ટાફને સહકાર આપે.

વધુ વિગતો માટે, એનટીએ એ નોટિસમાં તેનો હેલ્પલાઇન નંબર, +૯૧-૧૧-૪૦૭૫૯૦૦૦ અને ઇમેઇલ, ક્ષયયીંલ૨૦૨૬ક્ષફિં.ફભ.શક્ષ અને સત્તાવાર વેબસાઇટની વિગતો પણ શેર કરી છે. ■

### રાઉતના નિવેદનથી

છે. વિધાન સભ્યોએ અંગત રીતે એવી લાગણી વ્યક્ત કરી છે કે અન્ય પક્ષના નેતાઓને તેમની આંતરિક બાબતો વિશે વાત કરવાની જરૂર નથી.

મહત્ત્વની વાત એ છે કે શરદ પવારના પક્ષના મોટાભાગના વિધાન સભ્યો કોંગ્રેસમાં ભળી જવા માટે બિલકુલ તૈયાર નથી. સભ્યોની દલીલ છે જે કોંગ્રેસમાં ભળી જવાને બદલે એનસીપીએ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવી રાખીને પોતાનું રાજકીય વલણ રજૂ કરવું જોઈએ. અથવા જો કોઈ નિર્ણય લેવો હોય તો સીધા સત્તામાં સહભાગી થવામાં શું ખોટું છે?

એક તરફ દિલ્હીમાં કોંગ્રેસ હાઈકમાન્ડ અને પ્રાદેશિક પક્ષો વચ્ચે વિલીનીકરણની વાત ચાલી રહી છે તો બીજી તરફ મહારાષ્ટ્રના વિધાન સભ્યોના આ આંતરિક વિરોધ અને સંજય રાઉત બદલ નારાજગીને કારણે આગામી દિવસોમાં મહા વિકાસ આઘાડીમાં મોટા ફેરફારની સંભાવના છે. ■

### બેસ્ટને રૂ.૪,૦૦૦ કરોડની

શકયતા છે. પાલિકા દ્વારા ૧,૦૦૦ કરોડ રૂપિયાની પ્રસ્તાવિત ગ્રાન્ટ બેસ્ટ ઉપક્રમ માટે અસરકારક રીતે ઓછી છે. પાલિકા દ્વારા ૨૦૧૪ થી અત્યાર સુધી ૧૨,૩૧૨ કરોડ રૂપિયાથી વધુની નાણાકીય સહાય બેસ્ટ ઉપક્રમને કરવામાં આવી હોવા છતાં ફરી એક વખત પાલિકા દ્વારા રકમની આ ફાળવણી કરવામાં આવવાની છે. વધતો ઓપરેશન ખર્ચ, અપૂરતી ભાડાની આવક અને વધતી જવાબદારીઓને કારણે બેસ્ટ ઉપક્રમના પરિવહન વિભાગ ગંભીર નાણાકીય તાણનો સામનો કરી રહી છે.

બેસ્ટને રિટાયર્ડ થયેલા લોકોની રકમ સહિત તેના કાફલામાં રહેલી ૩,૦૦૦થી વધુ બસ જે હવે ભંગારમાં જતી રહી છે, તેમાં ફરી વધારો કરવા માટે ૪,૦૦૦ કરોડ રૂપિયાના પેકેજની આવશ્યકતા છે. પાલિકાએ બેસ્ટ ઉપક્રમને ફક્ત સતત નાણાકીય સહાયથી બેસ્ટની લાંબા ગાળાની સદ્ધરતાને પુનઃસ્થાપિત કરશે નહીં એવી અનેક વખત ચેતવણી આપી છે. તેમ જ નાણાકીય રીતે સદ્ધર થવા માટે અનેક ઉપાયયોજના અમમલાં મૂકવાની સલાહ પણ ૨૦૧૭ની સાલથી આપતી આવી છે. આ દરમ્યાન પાલિકા દ્વારા ૧,૦૦૦ કરોડ રૂપિયાની આર્થિક સહાયના પ્રસ્તાવ પર શુક્રવારે સ્થાયી સમિતિમાં ચર્ચા થઈ હતી એ દરમ્યાન બેસ્ટ ઉપક્રમ આ રકમનો ઉપયોગ કયાં અને કેવી રીતે કરવાની છે, તેની માહિતી સ્થાયી સમિતિમાં બેસ્ટ ઉપક્રમ આપશે એ બાદ જ આ રકમ મંજૂર કરવામાં આવશે એવી સ્પષ્ટ શબ્દોમાં સ્થાયી સમિતિએ કહ્યું હતું અને પાલિકાનો પ્રસ્તાવ મંજૂર નહીં કરતા પાછો મોકલ્યો હતો.

**પાલિકાની બેસ્ટને નાણાકીય સહાય**

પાલિકા પ્રશાસન દ્વારા બેસ્ટને અનેક વખત નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી છે, જેમાં ૨૦૨૧-૨૨ની સાલમાં ૧,૨૬૬.૪૦ કરોડ રૂપિયા, ૨૦૨૨-૨૩ની સાલમાં ૨,૬૩૧.૯૪ કરોડ રૂપિયા અને ૨૦૨૩-૨૪ની સાલમાં ૧,૪૨૮.૭૭ કરોડ રૂપિયા તો ૨૦૨૪-૨૫ની સાલમાં ૮૧૦.૩૩ કરોડ રૂપિયા અને ૨૦૨૫-૨૬ની સાલમાં ૧,૦૦૬.૧૫ કરોડ રૂપિયા ગ્રાન્ટ તરીકે આપવામાં આવ્યા છે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

૧૪ મી પુણ્યતિથીએ
ભાવભીની શ્રદ્ધાંજલિ



ગૌ.વા. હિતેશ નટવરલાલ સંઘવી
જન્મ : ૦૫/૦૫/૧૯૬૮ – ગૌ.વા.: ૧૩/૦૬/૨૦૧૨

મુખ પર સ્મીત, સ્નેહ જેમની શક્તિ
યમુનામય જેમની ભક્તિ, પ્રભુ સેવા જેમનું કર્તવ્ય,
એવા પ્રેમ સભર આત્માને કોટિ કોટિ વંદના

| | | | |
|---|---|---|---|
| પિતા | : નટવરલાલ સંઘવી | માતા | : વનિતાબેન સંઘવી |
| ભાઈ | : હરેશ સંઘવી | ભાભી | : વીણા સંઘવી |
| ભત્રિજા | : નિકુંજ સંઘવી | ભત્રિજા વહુ | : નીલિમા સંઘવી |
| પત્નિ | : ગં.સ્વ.વિભા સંઘવી | પુત્ર | : ધવલ સંઘવી |
| પુત્રી | : હસ્તી દિવ્ય મહેતા | ભત્રિજી | : અવની રોનક મહેતા |

ચિ. થીયા નિકુંજ સંઘવી • ચિ. ખ્રિશાંગ નિકુંજ સંઘવી

તથા વીણા ડેવલપર્સના સ્ટાફ મેમ્બર્સની ભાવભીની શ્રદ્ધાંજલિ

VEENA DEVELOPERS
Nikunj Developers - Sanghavi Associates
અંધેરી (ઇસ્ટ) • કાંદિવલી (વેસ્ટ)


# અલ-નિનોની શરૂઆત, ચોમાસામાં સિસ્ટમ વધુ મજબૂત થવાની ધારણા

નવી દિલ્હીઃ વર્તમાનમાં વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં અલ-નિનોની સ્થિતિ પ્રવર્તી રહી હોવાના એંધાણ વર્તાય રહ્યા છે. જે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા દરમિયાન વધુ મજબૂત થવાની ધારણા છે. આ આગાહી ભારત હવામાન વિભાગ(આઇએમડી)એ કરી હતી.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ દરિયાની સપાટીના વધતા તાપમાનની વાતાવરણ પર અસર પડી છે. હવે સમુદ્ર અને વાતાવરણની મિશ્ર પ્રણાલી અલ-નિનોની સ્થિતિ જેવા સંકેતો આપી રહી છે.

ભારતીય હવામાન વિભાગે જણાવ્યું કે મોન્સૂન મિશન કપલ્ડ ફોરકાસ્ટ સિસ્ટમ(એમએમસીએફએસ)ની આગાહી દર્શાવે છે કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા દરમિયાન અલ-નિનોની સ્થિતિ વધુ મજબૂત બનશે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લે અલ-નિનોની સ્થિતિ ૨૦૨૩માં સર્જાઇ હતી. વર્ષ ૨૦૦૦ પછી આ સ્થિતિ ૨૦૦૨, ૨૦૦૯ અને ૨૦૧૫માં પણ સર્જાઇ હતી. ■

# મે મહિનામાં ફુગાવો વધીને ૩.૯૩ ટકા થયો

નવી દિલ્હી : શુક્રવારે જાહેર કરાયેલા સત્તાવાર ડેટા અનુસાર, ખાદ્યપદાર્થોના ઊંચા ભાવને કારણે મે મહિનામાં છૂટક ફુગાવો વધીને ૩.૯૩ ટકા થયો હતો, જે અગાઉના મહિનામાં ૩.૪૮ ટકા હતો.

નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઑફિસ(એનએસઓ)ના ડેટા અનુસાર, ખાદ્યપદાર્થોમાં ગ્રાહક ભાવ સૂચકાંક આધારિત ફુગાવો મે મહિનામાં ૪.૭૮ ટકા હતો, જે એપ્રિલમાં ૪.૨ ટકા હતો.

કિંમતી ધાતુના ઘરેણાં, ટામેટા, આદુ, કિસમિસ અને કાળી દ્રાક્ષ એ પાંચ વસ્તુ હતી જેમાં સૌથી વધુ ફુગાવો થયો હતો. બીજી તરફ, મે, ૨૦૨૬માં બટાકા, વટાણા, મોટર કાર અને જીપ, જીરું અને 'મોટર સાયકલ અને સ્કૂટર' ટોચની પાંચ વસ્તુ હતી જેમાં અખિલ ભારતીય સંયુક્ત ફુગાવો ઓછો હતો.

ભારતીય રિઝર્વ બેંક, જે મુખ્યત્વે તેની નાણાકીય નીતિ બનાવતી વખતે સીપીઆઈને ધ્યાનમાં લે છે, તેને સરકારે ખાતરી કરવા માટે આદેશ આપ્યો છે કે બંને બાજુ બે ટકા માર્જિન સાથે મુખ્ય ફુગાવો ચાર ટકા પર રહે.

ગયા અઠવાડિયે, આરબીઆઈએ ચાલુ નાણાકીય વર્ષ માટે ફુગાવાનો અંદાજ ૪.૬ ટકાથી વધારીને ૫.૧ ટકા કર્યો, જે મુખ્યત્વે વધતા જતા ઇનપુટ ખર્ચને કારણે છે, જે વૈશ્વિક ઊર્જાના ઊંચા ભાવ પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં પસાર થવાને કારણે છે.

મે મહિનાથી, રિટેલ ઇંધણના ભાવમાં પેટ્રોલ માટે ૭.૪ ટકા અને ડીઝલ માટે ૮.૪ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ વધારો મુખ્ય ફુગાવા પર લગભગ ૩૬ બેસિસ પોઈન્ટની સીધી અસર સૂચવે છે, જે, બીજા ક્રમની અસરો સાથે, આગામી મહિનાઓમાં ગ્રાહક ભાવ (સીપીઆઈ) ફુગાવામાં પ્રતિબિંબિત થશે, એમ આરબીઆઈએ આ મહિનાની શરૂઆતમાં તેના નાણાકીય નીતિ નિવેદનમાં જણાવ્યું હતું. ■

# અમેરિકા હાલ ૧૦ ટકા ટૅરિફ વસૂલવાનું ચાલુ રાખેઃ કોર્ટ

વૉશિંગ્ટનઃ ટૅરિફને મામલે ઊભા થયેલા કાયદાકીય પડકારોનું કોર્ટ સમાધાન કરે ત્યાં સુધી અમેરિકા સરકારે ફેબ્રુઆરીમાં વૈશ્વિક સ્તરે લાગુ કરેલો ૧૦ ટકા ટૅરિફ વસૂલવાનું હાલ ચાલુ રાખી શકે છે એવો ચુકાદો અમેરિકાની ફેડરલ કોર્ટે ગુરુવારે આપ્યો હતો.

કોર્ટના આ નિર્ણયથી ટ્રમ્પ વહીવટીતંત્રને પ્રક્રિયાત્મક જીત મળી છે. આ કેસ મૅરિટના ધોરણે આગળ વધશે, એમ કોર્ટે કહ્યું હતું.

અમેરિકા દ્વારા વૈશ્વિક સ્તરે વધુ વ્યાપકપણે લાદવામાં આવેલા બે આંકડાના ટૅરિફને કોર્ટે રદ કર્યા બાદ ફેબ્રુઆરીમાં ટ્રમ્પે કામચલાઉ ધોરણે વિશ્વના લગભગ તમામ દેશો પર વધુ ૧૦ ટકા ટૅરિફ લાદ્યો હતો.

ટ્રેડ ઍક્ટ ૧૯૭૪ના કલમ ૧૨૨ હેઠળ લાદવામાં આવેલા આ ટૅરિફની મુદત ૨૪ જુલાઈએ પૂરી થઈ રહી છે.

નાના વેપારીઓએ આ ટૅરિફ રદ કરવાની માગણી કરતો કેસ દાખલ કર્યા બાદ ત્રણ ન્યાયાધીશની બનેલી ન્યૂ યૉર્કસ્થિત સ્પેશ્યાલાઈઝ્ડ કોર્ટ ઑફ ઈન્ટરનેશનલ ટ્રેડને ૧૦ ટકા વૈશ્વિક ટૅરિફ ગેરકાયદે હોવાનું ગયા મહિને જણાઈ આવ્યું હતું. (એજન્સી)■

# મહિલાઓ દેશના વિકાસનો નકશો બદલી રહી છેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું હતું કે એનડીએસ સરકારના પ્રયાસોએ મહિલાઓનાં ગૌરવ, સશક્તીકરણ અને તકનાં મૂળિયા નાખ્યાં છે અને આ બાબતે મહિલાઓમાં પોતે પૂર્ણપણે સક્ષમ હોય અને રાષ્ટ્રના નિર્માણમાં વધુ યોગદાન આપી શકે એમ હોવાની ભાવના જગાડી છે.

છેલ્લાં ૧૨ વર્ષમાં એનડીએ સરકારે મહિલાઓની આગેવાનીમાં વિકાસ થાય તે દિશામાં કામ કર્યું છે અને દરેક ક્ષેત્રમાં આ દેખાઈ રહ્યું છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આર્થિક, વેપાર,ઉદ્યોગ, શિક્ષણ, આરોગ્ય, હાઉસિંગ, સેનિટેશન, સ્પોર્ટ્સ, વિજ્ઞાનથી લઈને વહીવટી ક્ષેત્રમાં મહિલાઓ મુખ્ય અને મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે.

ખાસ કરીને સાયન્સ, સ્પેસ અને ઈનોવેશન ક્ષેત્રમાં 'નારી શક્તિ'નું યોગદાન જોઈને હું ગર્વ અનુભવી રહ્યો છું, એમ તેમણે કહ્યું હતું.

ડ્રોન ટૅક્નોલૉજી સહિતના ઊભરતા ક્ષેત્રમાં મહિલાઓની વધી રહેલી ભાગીદારી નવી તક ઊભી કરી રહી છે અને દેશના વિકાસનો નકશો બદલી રહી છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

# મીનાક્ષી નટરાજનને ઝટકો આપી સુપ્રીમ કોર્ટે કહ્યું, ચૂંટણી પ્રક્રિયામાં દખલ નહીં કરીએ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે મીનાક્ષી નટરાજનની અરજી ફગાવી દેતા તેમને રાહત આપવાનો ઇનકાર કરી દીધો છે. કોંગ્રેસના નેતા મીનાક્ષી નટરાજને રાજ્યસભા ચૂંટણી માટે તેમના ઉમેદવારી પત્રને રદ કરવાને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં કરી હતી. સુપ્રીમ કોર્ટે આ મામલે હસ્તક્ષેપ કરવાનો ઇનકાર કર્યો હતો અને તેમની અરજી ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે રાજ્યસભા ચૂંટણી માટે તેમના ઉમેદવારી પત્ર રદ કરવાના રિટર્નિંગ ઓફિસરના નિર્ણયને માન્ય રાખ્યો હતો. કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે તે ચૂંટણી પ્રક્રિયામાં દખલ કરી શકે નહીં. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે અરજદાર હાઇકોર્ટમાં ચૂંટણી અરજી દાખલ કરી શકે છે.

કોર્ટે નટરાજનને એવા ચુકાદાઓ પણ બતાવવા કહ્યું હતું જેમાં કોર્ટે આ પ્રકારના કેસમાં દખલગીરી કરી હોય. જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને જસ્ટિસ અતુલ એસ ચંદુરકરની બનેલી બેન્ચે કહ્યું હતું કે નિર્ણય ગમે તેટલો ખોટો હોય, એકવાર નામાંકન નકારવામાં આવે તો તેનું સમાધાન સામાન્ય રીતે અન્યત્ર થાય છે. શું આ કોર્ટનો કોઈ ચુકાદો એવો છે જ્યાં અમે તે તબક્કે દખલગીરી કરી હોય?

નટરાજન તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીએ રજૂઆત કરી હતી કે ઉમેદવારે ફોજદારી કેસની જાણકારી આપવાની હોય છે જેમાં ઓછામાં ઓછી બે વર્ષની સજાની જોગવાઈ હોય છે અને હાલના કિસ્સામાં ફક્ત સમન્સ જાહેર કરવામાં આવ્યા હતા.

રાજ્યસભા ચૂંટણીના રિટર્નિંગ ઓફિસર અરવિંદ શર્માએ એક આદેશમાં જણાવ્યું હતું કે ઉપલબ્ધ દસ્તાવેજોની તપાસ કર્યા પછી જાણવા મળ્યું કે નટરાજને તેમના નામાંકન સાથે સબમિટ કરેલા ફોર્મ ૨૬માં કોર્ટની એક ફરિયાદનો ઉલ્લેખ કર્યો નથી. ■

# મોહન ભાગવતની ટ્રેન પર કરાયો પથ્થરમારો, બેની ધરપકડ

ફિરોઝાબાદઃ ગુરુવારે સાંજે ફિરોઝાબાદ નજીક લખનઊ-નવી દિલ્હી સ્વર્ણ શતાબ્દી એક્સપ્રેસમાં સંઘના વડા મોહન ભાગવત મુસાફરી કરી રહ્યા હતા ત્યારે ટ્રેન પર પથ્થરમારો કરવાના આરોપસર બે સગીરોની ધરપકડ કરવામાં આવી છે. આ જાણકારી પોલીસે શુક્રવારે આપી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે ત્રીજા સગીર આરોપીની શોધખોળ ચાલી રહી છે. ફિરોઝાબાદના સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ(એસએસપી) આદિત્ય લાંઘેએ જણાવ્યું કે આ ઘટના ગુરુવારે સાંજે ૭-૨૦ વાગ્યાની આસપાસ પેમેશ્વર ગેટ પાસે બની હતી. એક્સપ્રેસ ટ્રેનના ઇ/૧ કોચ પર પથ્થર ફેંકવામાં આવ્યા હતા. જેમાં બારીનો કાચ તૂટી ગયો હતો. આ કોચમાં સંઘના વડા સવાર હતા. તેઓ કાનપુરથી ટ્રેનમાં ચઢ્યા હતા. જોકે તેમને કોઇ ઇજા થઇ ન હતી. આ ઘટના બાદ પોલીસ અને રેલવે અધિકારીઓએ બનાવને ગંભીરતાથી લેતા પથ્થરમારો કરનારાઓની ઓળખ કરવા માટે આગ્રા ઝોનના અધિક પોલીસ મહાનિર્દેશક(એડીજી) એસ. કે. ભગતના નેતૃત્વ હેઠળ સાત ટીમો બનાવી હતી. પોલીસે ૫૦થી વધુ સીસીટીવી કેમેરાના રેકોર્ડિંગ્સની તપાસ કરી હતી. પોલીસને ફૂટેજમાં ત્રણ સગીર જોવા મળ્યા હતા. આ સગીરો કથિત રીતે કચરો વીણનારા હતા અને પાટા નજીક કચરો વીણતી વખતે પસાર થતી ટ્રેન પર પથ્થરો ફેંકી રહ્યા હતા. લાંઘેએ કહ્યું કે પથ્થર કોચની બારી પર વાગતા કાચ તૂટી ગયો હતો. (એજન્સી)■


## પશ્ચિમ રેલવે મુંબઈ સેન્ટ્રલ–સુરત ફ્લાઈંગ રાની એક્સપ્રેસનું ઉમરગામ રોડ સ્ટેશન ખાતે વધારાના સ્ટોપેજની જોગવાઈ કરશે

| ૧૨૯૨૧ મુંબઈ સેન્ટ્રલ–સુરત ફ્લાઈંગ રાની એક્સપ્રેસ | સ્ટેશન નામ | ૧૨૯૨૨ સુરત–મુંબઈ સેન્ટ્રલ ફ્લાઈંગ રાની એક્સપ્રેસ |
|---|---|---|
| સુધારેલ સમય | | સુધારેલ સમય |
| ૧૭.૫૫ (D) કોઈ ફેરફાર નહીં | મુંબઈ સેન્ટ્રલ | ૦૯.૫૫ (A) |
| કોઈ ફેરફાર નહીં | અંધેરી | ૦૯.૧૦ (A) - ૦૯.૧૨ (D) |
| કોઈ ફેરફાર નહીં | બોરીવલી | ૦૮.૫૫ (A) - ૦૮.૫૮ (D) |
| કોઈ ફેરફાર નહીં | પાલઘર | ૦૮.૧૧ (A) - ૦૮.૧૩ (D) |
| ૧૯.૫૮ (A) - ૨૦.૦૦ (D) | ઉમરગામ રોડ | ૦૭.૨૫ (A) - ૦૭.૨૭ (D) |
| ૨૦.૧૮ (A) - ૨૦.૨૦ (D) | વાપી | કોઈ ફેરફાર નહીં |
| ૨૨.૩૫ (A) કોઈ ફેરફાર નહીં | સુરત | ૦૫.૧૦ (D) કોઈ ફેરફાર નહીં |

- પ્રયોગિક ધોરણે વધારાના સ્ટોપેજ આપવામાં આવ્યા છે.
- અન્ય મધ્યવર્તી સ્ટેશનો પરના સમયમાં કોઈ ફેરફાર થશે નહીં.
- વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક અને અમને ફોલો કરોઃ facebook.com/WesternRly X.com/WesternRly Instagram.com/WesternRly https://www.youtube.com/@WesternRly https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે ID ઓળખપત્ર સાથે રાખશોજી.





LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# ખાલી સીટો, મોંઘીદાટ ટિકિટો અને રસ્તાઓ પર રમખાણ...

## વર્લ્ડ કપમાં પહેલા જ દિવસે ફિયાસ્કો

મેક્સિકો સિટીઃ ૨૩મા ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપની શરૂઆત ભવ્ય થવી જોઈતી હતી, પરંતુ એને બદલે પહેલા જ દિવસે આ વિશ્વ કપ વિવાદો અને સવાલોમાં ઘેરાઈ ગઈ. એક તરફ મેક્સિકો સિટીના ઐતિહાસિક એઝટેકા સ્ટેડિયમમાં રંગારંગ ઉદ્ઘાટન સમારોહ અને યજમાન મેક્સિકોની જીતનો જશન જોવા મળ્યો ત્યાં બીજી તરફ સ્ટેડિયમમાં ખાલી સીટો, મોંઘીદાટ ટિકિટો અને રસ્તાઓ પરના તોફાનોએ ફેડરેશન ઇન્ટરનૅશનલ દ ફૂટબૉલ અસોસિયેશન (ફિફા)ની મુશ્કેલી વધારી દીધી છે. મેક્સિકો સિટીમાં (ભારતીય સમય અનુસાર ગુરુવારે મધરાત બાદ) મેક્સિકોએ સાઉથ આફ્રિકાને પ્રથમ મૅચમાં ૨-૦થી હરાવ્યું હતું. ત્યાર બાદ ઝૅપોપૅન શહેરમાં બીજી મૅચમાં સાઉથ કોરિયાએ ચેક રિપબ્લિક (ચેકિયા)ને ૨-૧થી પરાજિત કરીને મેક્સિકોની માફક ત્રણ પૉઇન્ટ મેળવ્યા હતા. જોકે મુખ્ય વાત એ છે કે સાઉથ કોરિયા અને ચેકિયા વચ્ચેની મૅચ દરમ્યાન સ્ટેડિયમમાં (ખાસ કરીને વીઆઇપી સ્ટૅન્ડમાં) મોટા ભાગની સીટ ખાલી હતી.

ફિફાના અધ્યક્ષ જિઆની ઇન્ફેન્ટિનોએ એપ્રિલમાં દાવો કર્યો હતો કે આ ટૂર્નામેન્ટ માટે ૫૦૦ મિલિયન (૫૦ કરોડ) ટિકિટની રિક્વેસ્ટ મળી છે. તેમના મુજબ પાછલા બે વર્લ્ડ કપ વખતે મળેલી કુલ ૫૦ મિલિયન (પાંચ કરોડ) રિક્વેસ્ટ કરતાં ૧૦ ગણી વધુ છે. જોકે વાસ્તવિક સ્થિતિ જુદી જ છે. ફિફાએ ટિકિટોની કિંમત ઘટાડવી પડી છે મુખ્ય યજમાન દેશ અમેરિકાની પારાગ્વે સામેની શનિવારની મૅચ (ભારતીય સમય મુજબ સવારે ૬.૩૦ વાગ્યાથી)ની પણ બધી ટિકિટો વેચાઈ નહોતી. ■

# મેક્સિકોનો રોમાંચક વિજયી આરંભઃ સાઉથ આફ્રિકાને ૨-૦થી હરાવ્યું

## પ્રારંભિક મૅચમાં ત્રણ રેડ કાર્ડનો વિક્રમઃ ગોલ કરતાં રેડ કાર્ડની સંખ્યા વધુ!



ગુરુવારે મેક્સિકોમાં રંગારંગ કાર્યક્રમ દરમ્યાન ઈન્ટરનેશનલ પોપ સ્ટાર, સિંગર અને પર્ફોર્મર શકિરા.

મેક્સિકો સિટીઃ ભારતીય સમય અનુસાર અહીં ગુરુવારે મધરાત બાદ ફિફા વર્લ્ડ કપમાં યજમાન મેક્સિકોએ ઘરઆંગણે ૮૦,૮૨૪ પ્રેક્ષકોની હાજરીમાં સાઉથ આફ્રિકાને પ્રારંભિક મૅચમાં ૨-૦થી હરાવીને રોમાંચક અને શાનદાર વિજયી આરંભ કર્યો હતો અને આ જીતના સેલિબ્રેશનની શરૂઆત મૅચની નવમી મિનિટમાં જ થઈ ગઈ હતી. ૨૯ વર્ષીય ખેલાડી જુલિયન કીન્યોનેઝે નવમી મિનિટમાં આ વર્લ્ડ કપનો પ્રથમ ગોલ કર્યો કે તરત જ મેક્સિકોના સ્ટેડિયમના કેટલાક ઉત્સાહિત પ્રેક્ષકોએ બીયર, સોડા તથા અન્ય ડ્રિન્કસની બોટલ ઉછાળી હતી. આ બોટલ તેમણે કોઈ પ્રકારના વિરોધમાં કે તોફાન મચાવવા માટે નહીં, પરંતુ મેક્સિકોની ઐતિહાસિક મૅચના પ્રથમ ગોલ બદલ અનેરો આનંદ વ્યક્ત કરવા માટે ફેંકી હતી.

આ પ્રથમ મૅચમાં બંને ટીમના ખેલાડીઓ વચ્ચે ભારે રસાકસી થઈ હતી. રેફરી સાથે રકઝક અને ખેલાડીઓ વચ્ચે શારીરિક ટક્કરના બનાવ પણ બન્યા હતા. રેફરીએ કુલ ત્રણ ખેલાડીને રેડ કાર્ડ બતાવ્યા હતા. એમાંથી બે ખેલાડી સાઉથ આફ્રિકાના હતા અને એક ખેલાડી મેક્સિકોનો હતો. વર્લ્ડ કપની પહેલી મૅચમાં ત્રણ રેડ કાર્ડ બતાવાયા હોય એવું પહેલી જ વખત બન્યું. આ મૅચમાં ગોલ (૨-૦)ની સંખ્યા કરતાં રેડ કાર્ડની સંખ્યા (૩) વધુ હતી.

મૅચની ૬૭ મિનિટ સુધી બીજો એક પણ ગોલ નહોતો થયો અને ૬૭મી મિનિટમાં મેક્સિકોના જ આર. હીમેનેઝે ગોલ કરીને મૅચમાં મેક્સિકોનું વર્ચસ્વ વધુ મજબૂત કરી આપ્યું હતું.

### બીજી મૅચમાં સાઉથ કોરિયા ૨-૧થી જીત્યું

વર્લ્ડ કપની બીજી મૅચમાં સાઉથ કોરિયાએ ચેક રિપબ્લિક (ચેકિયા)ને ૨-૧થી હરાવ્યું હતું. કોરિયાએ ૦-૧થી પાછળ રહ્યા બાદ મૅચ જીતી લીધી હતી.

### વર્લ્ડ કપમાં આજે કઈ મૅચ?

(૧) અમેરિકા વિ. પારાગ્વે (સવારે ૬.૩૦ વાગ્યે)

(૨) કતાર વિ. સ્વિટ્ઝરલૅન્ડ (મધરાત બાદ ૧૨.૩૦ વાગ્યે)

(૩) બ્રાઝિલ વિ. મોરોક્કો (મધરાત બાદ ૩.૩૦ વાગ્યે)

# ચૅમ્પિયન ટીમને મળશે ૪૭૬ કરોડ રૂપિયા

## સૉકર વર્લ્ડ કપનો રંગેચંગે શુભારંભઃ શકિરા અને બર્ના બૉયે જલસો કરાવી દીધો

ન્યૂ જર્સીઃ ૧૯મી જુલાઈ સુધી ચાલનારા ૪૮ દેશ વચ્ચેના ફૂટબૉલ વર્લ્ડ કપમાં વિજેતાપદ મેળવનારી ટીમને ફિફા તરફથી ૫૦ મિલિયન ડૉલર (૪૭૬ કરોડ રૂપિયા)નું પ્રથમ ઇનામ મળશે. રનર-અપ ટીમને ૩૩ મિલિયન ડૉલર (૩૧૪ કરોડ રૂપિયા) અને ત્રીજા નંબર પર આવનારી ટીમને ૨૯ મિલિયન ડૉલર (૨૭૬ કરોડ રૂપિયા) મળશે. આ વખતે કુલ ૬૫૫ મિલિયન ડૉલર (૬,૨૪૦ કરોડ રૂપિયા)ના ઇનામ અપાશે.

મેક્સિકો સિટીઃ ફૂટબોલનો મહાકુંભ એટલે ફિફા વર્લ્ડ કપ, આ આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટનો ગુરુવારે મોડી રાતે મેક્સિકો સિટીથી રંગેચંગે શુભારંભ થઈ ગયો. આ પ્રસંગે મેક્સિકોના એસ્ટાડિયો એઝટેકા સિટી સ્ટેડિયમમાં રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઈન્ટરનેશનલ પોપ સ્ટાર, સિંગર અને પર્ફોર્મર શકિરાએ સ્ટેડિયમમાં સૌને મોજ કરાવી દીધી હતી. ઑપનિંગ સેરેમની જોઈને લોકો ખુશ થઈ ગયા હતા. આતશબાજી અને ડાન્સ પર્ફોમન્સથી આ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ શરૂ થઈ હતી. શકિરા અને બર્ના બૉય એકથી એક ચડિયાતા ડાન્સ મૂવ્ઝ અને ગીતોથી લોકોને જલસો કરાવી દીધો હતો. અમેરિકાના રાજ્યો તથા વિદેશથી આવેલા મહેમાનો માટે આ ક્ષણો યાદગાર બની ગઈ હતી. પોતાના ગીત લલકારીને શકિરાએ સ્ટેડિયમમાં ડાન્સફ્લોર જેવી ફીલ કરાવી દીધી હતી. હાલ ઈન્ટરનેટ પર ટ્રેન્ડ થઈ રહેલું 'ડાઈ-ડાઇ' અંગ્રેજી સોંગે ધૂમ મચાવી હતી.

### વાકા-વાકાની યાદ તાજા થઈ

આ ઑપનિંગ સેરેમની જોઈને શકિરાએ વર્ષ ૨૦૧૦ના વર્લ્ડ કપની યાદ તાજી કરાવી દીધી હતી. એ સમયે એનું ગીત 'વાકા-વાકા' ખૂબ જ લોકપ્રિય થયું હતું. આ વખતે ઑપનિંગ સેરેમનીમાં એજટેક કલ્ચર રજૂ કરવામાં આવ્યું, મેક્સિકોની જાણીતી સિંગર લિલા ડાઉન્સનું પર્ફોર્મન્સ શરૂ થતા સમગ્ર સ્ટેડિયમ ગુંજી ઊઠ્યું હતું. કલાકારોના સ્ટેપ સાથે લોકો પણ ત્યાં ડાન્સ કરવા લાગ્યા હતા. એકથી એક બેસ્ટ પર્ફોમન્સ સાથે ફૂટબૉલ ટૂર્નામેન્ટનો પ્રારંભ થયો. ■

# કેન વિલિયમસને ટેસ્ટ સિરીઝ પૂરી કર્યા વગર નિવૃત્તિ જાહેર કરી દીધી

## અંતિમ મૅચમાં 0 અને ૧૮ રનઃ રનનો ઢગલો અને સફળ કૅપ્ટન્સીમાં વિક્રમોની વણજાર



ક્રાઇસ્ટચર્ચ/લંડનઃ ક્રિકેટ જગતના શ્રેષ્ઠ બૅટ્સમેનોમાં ગણાતા અને ન્યૂ ઝીલૅન્ડ ક્રિકેટના સૌથી સફળ યુગના પ્રતીક સમાન કેન વિલિયમસને શુક્રવારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. વિલિયમસન પર્ફોર્મન્સમાં સાતત્યતા, ત્રુટિહીન માનસિકતા અને અપ્રતિમ કૅપ્ટન્સી માટે જાણીતો હતો અને એ શાનદાર કારકિર્દી પર તેણે પડદો પાડી દીધો છે. એ સાથે, કિવી ક્રિકેટના એક યુગનો અંત આવી ગયો છે. ચોથી જૂને લૉર્ડ્સમાં ઇંગ્લૅન્ડ સામે સિરીઝની પ્રથમ ટેસ્ટ વિલિયમસનની અંતિમ ઇન્ટરનૅશનલ મૅચ બની ગઈ. તેણે શ્રેણીની બીજી અને ત્રીજી ટેસ્ટમાં ન રમવાનું જણાવીને ઓચિંતી નિવૃત્તિ લઈ લીધી છે. લૉર્ડસની ટેસ્ટના પ્રથમ દાવમાં તે ઝીરોમાં અને બીજા દાવમાં માત્ર ૧૮ રન બનાવીને આઉટ થયો હતો. તે બે વર્ષથી ન્યૂ ઝીલૅન્ડ ક્રિકેટ બોર્ડ સાથે કૉન્ટ્રૅક્ટથી બંધાયેલો નહોતો અને પસંદગીની આંતરરાષ્ટ્રીય મૅચ જ રમતો હતો અને કેટલીક ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટ સાથે પણ કરારબદ્ધ રહ્યો છે.

ન્યૂ ઝીલૅન્ડના સર્વશ્રેષ્ઠ બૅટ્સમૅન તરીકે ગણાતો વિલિયમસન ૧૬ વર્ષની કરીઅરમાં તેના દેશ વતી કુલ ૩૭૮ મૅચ રમ્યો હતો, તેણે અગણિત વિક્રમો રચ્યા હતા તેમ જ સમગ્ર ક્રિકેટ જગતની વાહ-વાહ મેળવી હતી.

### ટોચના આ ચાર બૅટ્સમેનોમાં ગણના

એક સમય હતો જ્યારે ક્રિકેટના ફલક પર ટોચના ચાર બૅટ્સમેનોની એકબીજાના કટ્ટર હરીફ માનવામાં આવતા હતા અને એમાં કેન વિલિયમસન ઉપરાંત વિરાટ કોહલી, જૉ રૂટ અને સ્ટીવ સ્મિથનો સમાવેશ હતો.

### અમદાવાદની પ્રથમ ટેસ્ટમાં ૧૩૧ રન, પ્રથમ વન-ડેમાં ઝીરો

કેન વિલિયમસને ટેસ્ટ અને વન-ડેની શરૂઆત ભારત સામે કરી હતી. નવેમ્બર ૨૦૧૦માં અમદાવાદમાં તે કરીઅરની પ્રથમ ટેસ્ટ રમ્યો હતો જેના પ્રથમ દાવમાં તેણે ૧૩૧ રન બનાવીને ક્રિકેટ જગતને પોતાની ક્ષમતા બતાવી દીધી હતી. એ ટેસ્ટમાં રાહુલ દ્રવિડે ૧૭૩ રન અને વીરેન્દર સેહવાગે ૧૦૪ રન બનાવ્યા હતા. એ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી હતી. જોકે તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દી ત્રણ મહિના વહેલી (ઑગસ્ટ, ૨૦૧૦માં) વન-ડે મૅચથી શરૂ થઈ હતી જેમાં દામ્બુલાની ટ્રાયેન્ગ્યુલરમાં તે ભારત સામેની વન-ડેમાં શૂન્યમાં આઉટ થઈ ગયો હતો.

### ભાવુક નિવેદનમાં શું કહ્યું?

૩૫ વર્ષના કેન વિલિયમસને ન્યૂ ઝીલૅન્ડ ક્રિકેટ બોર્ડની એક યાદીમાં જણાવ્યું, 'હું થોડા સમયથી નિવૃત્તિ વિશે વિચારતો જ હતો, પણ છેલ્લા થોડા દિવસથી મારા મનમાં સ્પષ્ટતા થઈ ગઈ હતી કે રિટાયર થઈ જવાનો આ જ યોગ્ય સમય છે. હું મારી પોતાની શરતે છોડી રહ્યો છું એ બદલ પણ પોતાને ભાગ્યશાળી માનું છું.'

### કેન વિલિયમસનની કરીઅરની આંકડાબાજી

(૧) ૧૧૦ ટેસ્ટ, ૧૮૩૦૬ બૉલમાં ૯૫૧૫ રન, ૩૩ સેન્ચુરી, ૩૮ હાફ સેન્ચુરી, ૧૦૬૩ ચોગ્ગા અને ૨૮ છગ્ગા, ૯૬ કૅચ, ૨૫૧ રન હાઇએસ્ટ અને ૫૪.૦૬ની બૅટિંગ સરેરાશ.


(૨) ૧૭૫ વન-ડે, ૮૮૯૩ બૉલમાં ૭૨૫૬ રન, ૧૫ સેન્ચુરી અને ૪૭ હાફ સેન્ચુરી, ૬૬૭ ચોગ્ગા અને ૬૦ છગ્ગા, ૭૬ કૅચ, ૧૪૮ રન હાઇએસ્ટ અને ૪૮.૬૯ની બૅટિંગ સરેરાશ.

(૩) ૯૩ ટી-૨૦, ૨૦૯૨ બૉલમાં ૨૫૭૫ રન, ૧૮ હાફ સેન્ચુરી, ૨૪૫ ચોગ્ગા અને ૫૮ છગ્ગા, ૯૫ રન હાઇએસ્ટ અને ૩૩.૪૪ની બૅટિંગ સરેરાશ.

(૪) અન્ય સિદ્ધિઓઃ ન્યૂ ઝીલૅન્ડ વતી સૌથી વધુ વ્યક્તિગત ટેસ્ટ રન (૯૫૧૫), ડેબ્યૂ ટેસ્ટના પ્રથમ દાવમાં સેન્ચુરી (૧૩૧ રન), ટેસ્ટના બન્ને દાવમાં સદી, ટેસ્ટ ક્રિકેટમાં ૫૦૦૦ રન અને ૫૦ કૅચ, ટેસ્ટમાં છઠ્ઠી વિકેટ માટે બીજા નંબરની સૌથી મોટી પાર્ટનરશિપ (વૉટલિંગ સાથે ૩૬૫ રનની અતૂટ ભાગીદારી), વન-ડેમાં સૌથી વધુ નવ વખત નર્વસ-નાઇન્ટીઝ, વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપમાં પોતાની કૅપ્ટન્સીમાં ટાઇટલ-વિજેતા (૨૦૨૧ની ફાઇનલમાં ભારત સામે વિજય), ૪૦ ટેસ્ટમાં કૅપ્ટન્સી જેમાંથી બાવીસમાં કિવીઓનો વિજય તથા ૧૦માં પરાજય અને આઠ મૅચ ડ્રૉ, ૭૫ વન-ડેમાં કૅપ્ટન્સી જેમાંથી ૩૯માં વિજય તથા ૩૪માં પરાજય અને એક મૅચ ટાઇ. ■

# વૈભવનો નાનો ભાઈ પણ ચમકી ગયો

## સ્થાનિક મૅચમાં ૨૦ ચોગ્ગા ફટકાર્યા અને પછી...



પટનાઃ બિહારનો ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી બે વર્ષથી ક્રિકેટની દુનિયામાં ધમાલ મચાવી રહ્યો છે એમાં હવે તેનો નાનો ભાઈ આશીર્વાદ સૂર્યવંશી પણ ચમકી ગયો છે અને એક સ્થાનિક ટૂર્નામેન્ટની મૅચમાં તેણે સેન્ચુરી ફટકારી એને લીધે સોશ્યલ મીડિયામાં છવાઈ ગયો છે. તેના આ પર્ફોર્મન્સથી ખુશ થઈને સૌથી મોટા ભાઈ ઉજ્જવલે ઇન્સ્ટાગ્રામ પર સ્ટોરી, ફોટો તથા સ્કોરકાર્ડ શૅર કર્યા હતા. ખુદ ઉજ્જવલ પણ સારું ક્રિકેટ રમે છે. આશીર્વાદ ૧૦ વર્ષનો છે. તે પણ વૈભવની જેમ ઓપનિંગમાં બૅટિંગ કરે છે. આશીર્વાદે સમસ્તીપુરની સ્થાનિક ટૂર્નામેન્ટની પ્રૅક્ટિસ મૅચમાં ૮૭ બૉલમાં એક છગ્ગા અને ૨૦ ચોગ્ગાની મદદથી ૧૦૩ રન બનાવ્યા હતા. પિતા સંજીવ સૂર્યવંશીએ તાજેતરમાં જ કહ્યું હતું કે તેઓ સૌથી નાના દીકરા આશીર્વાદને બે વર્ષમાં વૈભવની જેમ શાનદાર ક્રિકેટર બનાવી દેશે. ■

# શૂટર જસપાલ રાણાને વડા પ્રધાનની અંજલિ



૨૦૨૪માં શૂટર મનુ ભાકરને બે બ્રૉન્ઝ અપાવીને પાછા આવેલા જસપાલ રાણા.

નવી દિલ્હીઃ ભારતના ગોલ્ડ મેડલિસ્ટ નિશાનબાજ જસપાલ રાણાના દેહાંત બદલ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી તથા અન્યોએ તેમને અંજલિ આપી હતી. રાણા ૪૯ વર્ષના હતા અને શુક્રવારે હૃદયની બીમારીને કારણે તેમનું દેહાંત થયું હતું. ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સમાં મહિલા નિશાનબાજ મનુ ભાકરને બે ઐતિહાસિક બ્રૉન્ઝ મેડલ જીતવામાં જસપાલ રાણાનું મોટું યોગદાન હતું.

### જસપાલ રાણાની સિદ્ધિઓ

(૧) ૧૯૯૪મી કૉમનવેલ્થ તથા એશિયન ગેમ્સમાં પચીસ મીટર સેન્ટર ફાયર પિસ્તોલ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા. (૨) ૨૦૦૬માં દોહાની એશિયન ગેમ્સમાં ત્રણ ગોલ્ડ અને એક સિલ્વર મેડલ જીત્યા હતા અને વર્લ્ડ રેકૉર્ડની બરાબરી કરી હતી. (૩) કૉમનવેલ્થ ગેમ્સમાં કુલ નવ ગોલ્ડ, ચાર સિલ્વર અને બે બ્રૉન્ઝ જીત્યા હતા. (૪) અર્જુન અવૉર્ડ, પદ્મશ્રી તેમ જ દ્રોણાચાર્ય પુરસ્કાર જીત્યા હતા. ■

# જાપાનનો કૅપ્ટન ઈજાને લીધે ફિફા વર્લ્ડ કપની બહાર થઈ ગયો, નિવૃત્તિ જાહેર કરી દીધી

ન્યૂ યૉર્કઃ ફૂટબૉલ વર્લ્ડ કપમાં ભાગ લેતા એશિયન દેશોમાં મહત્ત્વના ગણાતા જાપાની દેશની વર્લ્ડ કપ ટીમને મોટો આંચકો લાગ્યો છે, કારણકે એનો કૅપ્ટન વાતારુ એન્દો ઈજાને કારણે ટૂર્નામેન્ટમાં જાપાનની પ્રથમ મૅચ રમાય એ પહેલાં જ આઉટ થઈ ગયો છે. તેને પગમાં ઈજા થઈ છે. તે વર્લ્ડ કપની બહાર થઈ જતાં તેણે નિરાશામાં આંતરરાષ્ટ્રીય ફૂટબૉલમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. ■

## સિટી ન્યૂઝ

# પાલિકા દ્વારા શાહુનગરના રહેવાસીઓનું સ્થળાંતરઃ ધારાવી પ્રોજેક્ટને વેગ મળ્યો

મુંબઈઃ ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટે જમીન પર અમલીકરણ તરફ વધુ એક પગલું ભર્યું છે, પાલિકા દ્વારા શાહુનગરના રહેવાસીઓને પુનર્વિકાસ કાર્ય માટે તેમના ઘરો ખાલી કરવા માટે નોટિસ જારી કરવાનું શરૂ કર્યું છે. આ પગલું ગયા મહિને એસઆરએ/ડીઆરપી દ્વારા સેક્ટર-૬ ના રહેવાસીઓને જારી કરવામાં આવેલી સમાન નોટિસને અનુસરે છે, જ્યાં પરિવારોને ભાડાના રહેઠાણ અથવા ટ્રાન્ઝિટ હાઉસિંગમાં સ્થળાંતર માટે અગાઉથી તૈયારી કરવા માટે કહેવામાં આવ્યું છે. સરકારી અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉદ્દેશ્ય ધારાવીમાં જમીન ખાલી કરવાનો છે જેથી પુનર્વસન અને નવીકરણ બાંધકામ કાર્ય ઝડપી બને જેથી રહેવાસીઓને શક્ય તેટલી વહેલી તકે કાયમી ઘરો પહોંચાડી શકાય. આ કવાયત મહારાષ્ટ્ર સરકાર અને સંલગ્ન રાજ્ય એજન્સીઓના પ્રોજેક્ટને યોજનાથી અમલીકરણ તરફ સામૂહિક રીતે ખસેડવા અને જમીન પર પુનર્વિકાસ કાર્યને વેગ આપવાના સામૂહિક ઇરાદાને પણ પ્રતિબિંબિત કરે છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના તાજેતરના નિર્દેશ બાદ આ નવીનતમ કાર્યવાહીને એક નિર્ણાયક પ્રોત્સાહન તરીકે જોઈ શકાય છે કે ૨૦૨૮ સુધીમાં ૧૦,૦૦૦ ઘરો ઉપલબ્ધ કરાવવામાં આવશે. શાહુ નગરમાં રહેતા લગભગ ૯૦૦ પાલિકા ભાડૂતોને કામચલાઉ સ્થળાંતર કરવું પડશે. ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળ શાહુનગરના રહેવાસીઓને ઓછામાં ઓછા ૫૦૦ ચોરસ ફૂટના કાર્પેટ એરિયા અથવા તેમના હાલના ઘરોના કાર્પેટ એરિયાના ૧.૩૫ ગણા, જે વધારે હોય તે નવા ઘરો મેળવવાનો હકદાર રહેશે. ■

# મુંબઈ-અમદાવાદ હાઈવે પર ફ્લાયઓવરનું કામ હજુ અધૂરું !: ૧૦ જૂનની સમયમર્યાદા પણ ચૂકાઈ

ભાયંદરઃ મુંબઈ-અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે પરિવહન પ્રધાને ફ્લાયઓવરના નિર્માણ માટે ૧૦ જૂનની સમયમર્યાદા નક્કી કરી હતી. જોકે, સમયમર્યાદા પસાર થઈ ગઈ હોવા છતાં કામ અધૂરું રહી ગયું હોવાથી વાહનચાલકો અને મુસાફરોને અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે. પરિણામે સંબંધિત યંત્રણાઓના આયોજન પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

દહિસર ચેક નાકા અને ફાઉન્ટેન હોટલ વચ્ચે સતત ટ્રાફિક જામથી નાગરિકો પરેશાન છે. આ સમસ્યાના ઉકેલ માટે બે સ્થળોએ ફલાયઓવર બનાવવામાં આવી રહ્યા છે. આમાંથી એક ફ્લાયઓવર ૨૦ મીટર લાંબો, ૫.૫ મીટર ઊંચો અને ૨૨ મીટર પહોળો છે, જ્યારે બીજો ફ્લાયઓવર લતા મંગેશકર નાટ્યગૃહની સામે બનાવવામાં આવી રહ્યો છે. એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે આ પુલ ટ્રાફિકમાં નોંધપાત્ર રાહત આપશે.

આ પ્રોજેક્ટ એપ્રિલમાં પૂર્ણ થવાની અપેક્ષા હતી, પરંતુ વિવિધ કારણોસર તેમાં વિલંબ થયો હતો. ત્યારબાદ ફ્લાયઓવરને ૧૦ જૂન સુધીમાં ટ્રાફિક માટે ખુલ્લો મૂકવાના નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા. જોકે કામ હજુ પણ ચાલુ છે. અધૂરા કામને કારણે આ માર્ગનો ઉપયોગ કરતા વાહનચાલકોને દરરોજ ટ્રાફિક જામનો સામનો કરવો પડે છે. ખાસ કરીને સવાર અને સાંજના ધસારાના સમયે વાહનોની લાંબી કતારો લાગે છે, જેના પરિણામે મુસાફરોનો સમય અને બળતણ બંનેનો બગાડ થાય છે.

નાગરિકો ફરિયાદ કરી રહ્યા છે કે આ ટ્રાફિક જામના કારણે એમ્બ્યુલન્સ અને સ્કૂલબસ સેવાઓ પણ પ્રભાવિત થઈ રહી છે. ચોમાસુ નજીક હોવાથી લોકોમાં અસંતોષ વધી રહ્યો છે અને લોકો હવે સંબંધિત અધિકારીઓ પાસેથી આ અંગે સ્પષ્ટ માહિતી માગી રહ્યા છે. ■

# પચીસથી વધુ મહિલા સાથે લગ્ન કરી કરોડો રૂપિયા પડાવનારો યુપીમાં પકડાયો

થાણેઃ વિવિધ રાજ્યોની પચીસથી વધુ મહિલા સાથે લગ્ન કરીને તેમની પાસેથી કરોડો રૂપિયા કથિત રીતે પડાવનારા ઠગની મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસે ઉત્તર પ્રદેશમાંથી ધરપકડ કરી હતી.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઈમ) સંદીપ ડોઈફોડેએ જણાવ્યું હતું કે આરોપી અનુજકુમાર ચંદ્રપ્રકાશ ત્રિવેદી ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાં સંતાયો હોવાની માહિતી મળી હતી. આરોપી ત્યાં પોતાની ઓળખ બદલીને રહેતો હતો. યુપી પહોંચેલી પોલીસની ટીમે તેને તાબામાં લીધો હતો.

આરોપી લગ્નસંબંધી જાહેરખબર જોઈને યુવતીઓ-મહિલાઓને ટાર્ગેટ કરતો હતો. તે અજય અગ્રવાલ, અજય સંતોષ સિંહ અને જયપ્રકાશ રમેશચંદ ગુપ્તા જેવાં વિવિધ નામે મહિલાઓનો સંપર્ક સાધતો.

મીરા રોડના નયા નગર પોલીસ સ્ટેશનમાં ચોથી માર્ચ, ૨૦૨૨ના રોજ ૭૫ વર્ષની વૃદ્ધાએ નોંધાવેલી ફરિયાદને આધારે આરોપીની શોધ હાથ ધરવામાં આવી હતી. ફરિયાદ અનુસાર એક અખબારમાંની લગ્નસંબંધી જાહેરખબર વાંચીને આરોપીએ ફરિયાદીની ૪૫ વર્ષની દીકરી સાથે લગ્ન કરવા સંપર્ક સાધ્યો હતો. આરોપીએ પોતાનું નામ અજય અગ્રવાલ જણાવ્યું હતું. મુલાકાત અને ચર્ચા બાદ પહેલી માર્ચ, ૨૦૧૯ના બન્નેનાં લગ્ન થયાં હતાં.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે નવો ફ્લૅટ ખરીદવાનું વચન આપીને આરોપીએ પત્નીને મીરા રોડનો ફ્લૅટ વેચવા દબાણ કર્યું હતું. પછી એ નાણાંમાંથી તેણે તકનાઉમાં બે માળનું ઘર બનાવ્યું હતું. એ સિવાય તબક્કાવાર તેણે ફરિયાદીની દીકરી પાસેથી ૮૨ લાખ રૂપિયા લીધા હતા.

૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૨માં સગાના લગ્નમાં જવાને બહાને પત્નીને દિલ્હી લઈ ગયો હતો, જ્યાં રેલવે સ્ટેશન પર જ પત્ની પાસેથી તેણે ૩૩ તોલા સોનાના દાગીના પડાવી લીધા હતા. પછી મુંબઈ જતી ટ્રેનમાં પત્નીને બેસાડી મોબાઈલ સ્વિચ ઑફ કરી દીધો હતો. ફરિયાદ અનુસાર આરોપીએ ૯૭ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી.તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીએ આ જ મોડસ ઑપરેન્ડીનો ઉપયોગ કરી વિવિધ રાજ્યોમાં પચીસથી વધુ મહિલાને છેતરી હતી, જેમાં શારીરિક રીતે અક્ષમ અને વિધવાનો પણ સમાવેશ થાય છે. આમાંથી અમુક મહિલાનો મેટ્રિમોનિયલ વેબસાઈટ પરથી સંપર્ક મેળવ્યો હતો.

છેતરપિંડીથી મેળવેલી રકમમાંથી આરોપીએ ૨૦ લાખની કાર ખરીદી હતી, જે પોલીસે જપ્ત કરી હતી. અમરાવતીના પરિવાર પાસેથી તો આરોપીએ પચીસ લાખ રૂપિયા પડાવ્યા હતા. આ કેસમાં આરોપીના પુત્રની પણ સંડોવણી હોવાનું જણાતાં તેને સહઆરોપી બનાવાયો હતો. (પીટીઆઈ) ■

# જાતીય અત્યાચારની ફરિયાદ કરતા લોકો અચકાય તેથી વિલંબ થવાને કારણે એફઆઈઆર રદ ન કરાયઃ હાઈ કોર્ટ

મુંબઈઃ ભારત જેવા પરંપરાગત સમાજમાં પરિવારો જાતીય સતામણી અને અન્ય સતામણીના કેસની ફરિયાદ કરતા અચકાતા હોય છે. માત્ર એફઆઈઆર નોંધવામાં વિલંબને કારણે આવી બાબતોને રદ ન કરવી જોઈએ એવી સ્પષ્ટતા બોમ્બે હાઈ કોર્ટે કરી છે. ઘર નોકરાણી સાથે વિનયભંગ કરનારા એક પુરુષને રાહત આપવાનો ઈનકાર કરતી વખતે હાઈ કોર્ટે આ ટકોર કરી હતી.

ન્યાયાધીશ રણજીતસિંહ ભોસલેની ખંડપીઠે બુધવારે આપેલા આદેશમાં કેરળની ૫૮ વર્ષની વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. અરજીમાં ૨૦૧૯માં તેની વિરુદ્ધ ઘર નોકરાણીનો કથિત રીતે વિનયભંગ કરવા બદલ નોંધાયેલી એફઆઈઆર રદ કરવાની માગ કરવામાં આવી હતી.

ફરિયાદ અનુસાર પીડિતા ૧૦ માર્ચ, ૨૦૧૯ ના દિવસે કામ માટે આરોપીના ઘરે ગઈ ત્યારે તેણે તેની છેડતી કરી હતી. મહિલા ત્યાંથી ભાગી ગઈ હતી. તેણે તેના પતિને કથિત ઘટના વિશે જાણ કરી હતી. પતિએ સોસાયટીના સભ્યોને આ ઘટના જણાવી હતી. મહિલાએ બીજી એપ્રિલે આરોપી વિરુદ્ધ કરેલી ફરિયાદના આધારે એફઆઈઆર નોંધવામાં આવી હતી. આરોપીએ અરજીમાં વિલંબ પર સવાલ ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે મહિલા અને તેના પતિએ તેને ખોટી રીતે ફસાવ્યો હતો અને નોકરાણીના પતિએ પૈસા પડાવવાની કોશિશ કરી હતી. (પીટીઆઈ) ■

# વીક એન્ડ

## સ્પોર્ટ્સમૅન

યશવંત ચાડ
feedback@bombaysamachar.com



# સૂર્યકુમારને શું કામ ૩૬૦ ડિગ્રીમાંથી ૦ ડિગ્રી બનાવી દીધો?

ત્રણ મહિના પહેલાં ભારતને ટી-૨૦ વર્લ્ડ કપનો તાજ અપાવનાર કૅપ્ટન સૂર્યકુમાર યાદવને સરતાજ આપવાને બદલે નજરાણામાં મળી હકાલપટ્ટી અને ૩૬૦ ડિગ્રીવાળા Suryakumar Yadav (SKY)નું અવમૂલ્યન કરીને ૦ ડિગ્રી કરી નાખતા ભારતીય ક્રિકેટ ચાહકો આપણા ક્રિકેટ બોર્ડના વલણથી આંચકો પામી ગયા છે. આ આંચકો સૂર્યા સહિત બધા ખમી શકશે કે? આયરલૅન્ડ અને ઇંગ્લૅન્ડના પ્રવાસે જનારી ભારતીય ટીમમાંથી સુકાની સૂર્યકુમાર યાદવનું પત્તું કપાઈ ગયું અને તેને ખેલાડી તરીકે પણ ન રાખી મૂક્યો અને કેમ સાવ એકલો પાડી દીધો એ સમજાતું નથી.

ટી-૨૦ આઇસીસી ટૂર્નામેન્ટમાં વિશ્વ કપ જાળવી રાખનારા વિશ્વ વિજયી અને ૩૬૦ ડિગ્રીની બૅટિંગ-સ્ટાઇલ માટે પ્રખ્યાત થયેલા સૂર્યકુમારને પસંદગીકારોએ સાવ ઝીરો કરાવી દીધો એનાં કારણો ગળે નથી ઊતરતાં.

સૂર્યકુમારે અતિ આક્રમક શૈલીવાળી કૅપ્ટન્સી નિભાવીને યુવા ખેલાડીઓ જેવા કે ડાબોડી ઍગ્રેસિવ બૅટ્સમૅન અભિષેક શર્મા, ઇશાન કિશન કે પછી તિલક વર્મા અને સંજુ સૅમસન, શિવમ દુબે...હજી પણ બીજા નામો ગણાવી શકીએ તેમને બધાને (સુકાની સૂર્યકુમારે) બેધડક, ખચકાટ વગર આક્રમક શૈલીથી રમવા કહ્યું હતું અને ખાતરી આપી હતી કે તેઓ 'નિષ્ફળ' જશે તો પણ તેમને પડતા નહીં મૂકવામાં આવે. જોકે Suryakumar Yadav (SKY) એટલે કે જેની આકાશ જેવી મર્યાદા છે એવા સૂર્યકુમારે ભારતને ટી-૨૦નો વર્લ્ડ કપ તો જિતાડી આપ્યો, સુકાની તરીકે યુવા ખેલાડીઓમાં આત્મવિશ્વાસ જગાડી તેમને પોતાની આવડત પર ભરોસો અપાવ્યો, વ્યક્તિગત નહીં પરંતુ ભારતીય ટીમની સફળતા વધુ મહત્ત્વની છે એ સમજાવીને યુવા ટીમમાં શક્તિનો સંચાર કરાવવામાં પોતાની સર્વે શક્તિ ખર્ચી નાખીને 'એકરસ' અને અતિ આક્રમક ટી-૨૦ ટીમ બનાવનાર સૂર્યકુમારને બલિનો બકરો બનાવી દીધો એ પસંદગીકારોને એક પ્રશ્ન પૂછવો પડશે કે સૂર્યકુમાર યાદવ ૨૦૨૮માં ૩૮ વર્ષનો થઈ જશે એ માટે એને અત્યારથી અવગણવાની શરૂઆત કરી દીધી કે શું? રનના દુકાળને લીધે ટીમમાંથી તેની હકાલપટ્ટી કરવામાં આવી છે તો કહેવાનું કે રોહિત શર્મા ૩૯ વર્ષનો છે અને વિરાટ કોહલી ૩૭ વર્ષનો છે તો ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ વખતે તેઓ અનુક્રમે ૪૦ વર્ષ અને ૩૮ વર્ષના થઈ જશે તો પછી શું રોહિત-વિરાટ માટે 'માપદંડ' અલગ છે?

વાચક મિત્રોને યાદ હશે જ કે ઑસ્ટ્રેલિયાના પ્રવાસ દરમ્યાન વિરાટ કે રોહિત વિશે શું રંધાયુ હતું એ તો ભગવાન જાણે (અરે...ભૂલી ગયા...ગૌતમ ગંભીર અને અજિત આગરકર જાણે). આ જ બે દિગ્ગજને ભારતીય ક્રિકેટની નીતિના ઘડવૈયા જેવા માનવામાં આવે છે તેમને એક પ્રશ્ન પૂછવો જોઈએ અને તેઓ કબૂલ પણ કરશે કે ગાંગુલી અને માત્ર ગાંગુલીના જ સાથને લીધે તેમની કારકિર્દીમાં આંચ નહોતી આવી એવી જ રીતે મુખ્ય પસંદગીકાર અજિત આગરકર અને હેડ-કોચ ગૌતમ ગંભીરે સૂર્યકુમારને બહુ નહીં તો આયરલૅન્ડ-ઇંગ્લૅન્ડના પ્રવાસ માટે 'છેલ્લી' તક આપવી જોઈતી હતી. તેમણે તેને કહેવું જોઈતું હતું કે 'સૂર્યા, સુકાની તરીકે આ તારો છેલ્લો પ્રવાસ છે અને ત્યાર બાદ દરેક વખતે તારી પસંદગી 'કરન્ટ ફૉર્મ'ના હિસાબે થશે. તને કદાચ પડતો પણ મૂકવામાં આવે એટલે આ પ્રવાસ દરમ્યાન સુકાની તરીકે તું નિવૃત્તિ જાહેર કરી દે.' સિલેક્ટરોએ સૂર્યકુમારને આવું કહીને 'માનભેર' સુકાનીપદેથી નિવૃત્ત થવા દેવો જોઈતો હતો, નહીં કે હકાલપટ્ટી કરીને.

ટી-૨૦નો એશિયા કપ અને આઇસીસી ટી-૨૦ વર્લ્ડ કપ, એમ બે મહત્ત્વની આંતરરાષ્ટ્રીય ટ્રોફી જિતાડી આપનાર તેમ જ 'ઑપરેશન સિંદૂર' બાદ ટૉસ વખતે તેમ જ મૅચ બાદ પાકિસ્તાનના ખેલાડીઓ સાથે હાથ ન મિલાવીને તેમને કરોડો ભારતીયોના ક્રોધનો સંકેત આપી દીધો એટલું જ નહીં, પણ પાકિસ્તાન ક્રિકેટના સર્વેસર્વા મોહસિન નકવીના હાથે ટ્રોફી સ્વીકારવાની ના પાડીને સૂર્યકુમારે માત્ર ભારતના ક્રિકેટપ્રેમીઓનું જ નહીં, પણ સમગ્ર ભારતનું દિલ જીતી લીધું હતું એમ કહેવામાં કંઈ જ અતિશ્યોક્તિ નથી. અત્યાર સુધી કૅપ્ટન તરીકે એક પણ ટી-૨૦ ક્રિકેટ સિરીઝ ન હારનારા અને બબ્બે મોટી આંતરરાષ્ટ્રીય ટ્રોફી જિતાડી આપનાર સૂર્યકુમારને કેમ ભારતની ટી-૨૦ ફૉર્મેટથી સાવ અલગ કરી નાખવામાં આવ્યો એ જ નથી સમજાતું. આપણે ઇચ્છીએ કે સૂર્યકુમાર ફાઇટબૅક કરીને શાનથી ભારતની ટી-૨૦ ટીમમાં કમબૅક કરશે.



**હજી ત્રણ મહિના પહેલાં જ જેણે વર્લ્ડ કપ જિતાડ્યો એને હવે નજરાણામાં મળી હકાલપટ્ટી**

## સૂર્યાની કૅપ્ટન્સીનો કેમ અસ્ત કરાવી દીધો? તે શું હવે બીજા દેશોની લીગમાં રમવા જશે?

અજય મોતીવાલા

આઠમી માર્ચે સૂર્યકુમાર યાદવ અમદાવાદમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં પહેલા જ બૉલ પર આઉટ થઈ ગયો ત્યારે તેના નબળા બૅટિંગ ફૉર્મનો સિલેક્ટરોને વધુ એક પુરાવો મળ્યો હતો, પરંતુ એ વિકેટ બાદ દોઢ-બે કલાકમાં ભારતે સૂર્યાના નેતૃત્વમાં નવો ઇતિહાસ રચ્યો એને જરૂર પસંદગીકારોએ થોડા હળવાશથી લીધો હશે અને એટલે જ તેને આવડી મોટી સિદ્ધિ છતાં તાજેતરમાં ટી-૨૦ના કૅપ્ટનપદેથી તો ઠીક, ટીમમાંથી જ કાઢી નાખ્યો.

૨૦૦૭માં ભારત મહેન્દ્રસિંહ ધોનીની કૅપ્ટન્સીમાં અને ૨૦૨૪માં રોહિત શર્માના સુકાનમાં ટી-૨૦નો વિશ્વ કપ જીત્યું ત્યાં સુધી ભારતના બે વિજેતાપદની વેસ્ટ ઇન્ડિઝ અને ઇંગ્લૅન્ડ સાથે સરખામણી થતી હતી, પરંતુ ૨૦૨૬માં સૂર્યકુમારની કૅપ્ટન્સીમાં પણ ભારતે ટ્રોફી જીતીને લાગલગાટ બે વખત વિજેતાપદ અને કુલ ત્રણ વાર ટાઇટલ જીતવાનો વર્લ્ડ રેકૉર્ડ કર્યો એ કેમ સિલેક્ટરો ભૂલી ગયા? સૂર્યાનું બૅટિંગ-ફૉર્મ નબળું ખરું, પણ અપ્રતિમ કૅપ્ટન્સીનું શું? અગિયારની ટીમમાં બીજા ૧૦ ખેલાડીના (બૅટિંગ, બોલિંગ, ફીલ્ડિંગના) પર્ફોર્મન્સ પણ મહત્ત્વના હોય છે, પણ કૅપ્ટન તો એક જ હોય છેને? તેણે બોલિંગમાં ફેરફારો, ફીલ્ડિંગમાં અદલાબદલી, બૅટિંગક્રમમાં ફેરફાર, હરીફ ટીમ પર માનસિક દબાણ લાવતી વ્યૂહરચના વગેરે કામ તો કૅપ્ટન જ કરતો હોય છે. તો પછી સિલેક્શન કમિટીની બેઠકમાં કૅપ્ટન્સીને કેમ અવગણવામાં આવી? કેમ માત્ર બૅટ્સમૅન સૂર્યકુમારને જ નજરસમક્ષ રાખવામાં આવ્યો? શા માટે કૅપ્ટન્સીમાં ચમકતા સૂર્યનો અસ્ત કરાવી દીધો?

સૂર્યકુમાર યાદવ ૨૦૨૧થી ૨૦૨૬ સુધીની પાંચ વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં એક ટેસ્ટ અને ૩૭ વન-ડે પણ રમ્યો છે, પરંતુ થોડાં વર્ષોથી તેને ફક્ત ટી-૨૦ ટીમનો જ મેમ્બર બનાવવામાં આવ્યો અને હવે તો એમાં પણ તેનું નામ નથી. હવે સૂર્યકુમાર વર્ષ દરમ્યાન શું કરશે? આઇપીએલ તો એપ્રિલ-મે મહિનામાં રમાતી હોય છે. એ સિવાયના મહિનાઓમાં ઘરમાં બેઠો રહે એવો તે નથી. બની શકે કે સૂર્યા જેવા કુશળ અને દમદાર બૅટ્સમૅનને અન્ય દેશોની ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટ (ઑસ્ટ્રેલિયાની બિગ બૅશ, સાઉથ આફ્રિકાની એસએ૨૦, કૅરિબિયન પ્રીમિયર લીગ, યુએઇની આઇએલટી૨૦ વગેરે)ના આયોજકો પણ પોતાને ત્યાં રમવા બોલાવશે. આ બધી લીગ માણતા ક્રિકેટપ્રેમીઓને પણ સૂર્યાના ધમાકા જોવાનું જરૂર ગમશે. ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# સ્ત્રીન - આ નોર્વેજિયન ટાઉનમાં છે બ્લુ રંગનો દરેક શેડ...



ગ્લેસિયર પાસે હોવાના અનુભવને ઘણે અંશે દરિયાકિનારાના અનુભવ સાથે સરખાવી શકાય. જેમ દરિયો જાણે કોઈ અંત વિના પાણીથી ભરેલો દેખાતો, એવું જ કંઇક ગ્લેસિયરમાં અનંત સ્નોનું પણ છે. અંતે તો બધે પાણી જ દેખાઈ રહ્યું છે. અમે ગ્લેસિયરને પેરેલલ સ્ત્રીન ગામની નજીક જરા ટેકરી પર રોલ થઈ રહ્યા હતાં. ત્યાં પાસે ગ્લેસિયર વોટરની કેનાલ પણ વહી રહી હતી. જરા જગ્યા મળી એટલે સાઇડમાં ઊભાં રહીને ગ્લેસિયરનું પાણી બોટલમાં ભર્યું અને થોડું તો ત્યાં ઊભાં ઊભાં જ ગાટકી ગયાં. બધી તરફ બ્લુ, ગ્રીન અને વ્હાઇટ જ અલગ અલગ સ્વરૂપમાં જોવા મળી રહ્યાં હતાં. ગ્લેસિયર વોટરનો સ્ટોક ગાડીમાં ભરીને અમે સ્ત્રીન તરફ આગળ વધ્યાં. અમારા સ્ટાવાન્ગરનાં મિત્રોએ ખાસ ભાર મૂકીને કહ્યું કે ટ્રોન્ડહાઇમ તરફ ડ્રાઇવ કરીને જાઓ તો રસ્તામાં સ્ત્રીનમાં ખાસ રોકાજો. તેમના કહેવા મુજબ સ્ત્રીન નોર્વેનાં સૌથી સુંદર દૃશ્યોથી ભરેલું છે. બસ એ દૃશ્યો ક્યાં આવેલાં છે તેની જરા શોધ કરવી પડશે.

એક વાર સ્ત્રીન ચાલું થયું એવું અમે જરા જોવાલાયક સ્થળોના લિસ્ટ તરફ નજર કરી. એવામાં એક મેઇન રોડમાં તો આખું ટાઉન પૂરું થઈ ગયું. પછી ખબર પડી કે સ્ત્રીનનાં મુખ્ય જોવાલાયક સ્થળોને ગામ સાથે કંઇ લેવા દેવા નથી. બધાં સ્થળો પહાડો અને પાણીથી જ ઘેરાયેલાં હતાં. અમે હવે ઓલરેડી કન્વિનિયન્સ સ્ટોરથી સાથે લાવેલો નાસ્તો પૂરો કરી ચૂક્યાં હતાં. અહીં એક બેકરીથી સેન્ડવિચીઝ લીધી અને સાથે દેસી નાસ્તાનો થેલો ખૂલ્યો. સ્ત્રીનના ખ્યાતનામ ફ્યોર્ડના કિનારે પથ્થરોના પિકનિક ટેબલ પર બેસીને અમે મહેફિલ જમાવી. આ બ્રિક્સડાલ ફ્યોર્ડની આસપાસના પહાડો આકાશને બરાબર એવી રીતે ફ્રેમ કરતા હતા કે તે લાઇટમાં ત્યાંનું પાણી બાકીના નોર્વે જેવું ઘેરું બ્લુ હોવાને બદલે ટર્કોઈઝ બની ગયું હતું. બ્રિક્સડાલનો દરેક ખૂણો સુંદર હતો, તેમાં ત્યાંનાં ખ્યાતનામ દૃશ્યો રિક્રિયેટ કરવા માટે ખરી જગ્યા કઈ હતી તે ખબર જ ન પડી.

અહીં જરા માણસો પણ દેખાયા. બાકી નોર્વેમાં રસ્તામાં ટ્રાફિક માટે પણ હવે નજર તરસી જતી હતી. પહેલા દિવસે ઓસ્લોથી સ્ટાવાન્ગર જતી વખતે જે ટ્રાફિક નડ્યો હતો, તે પછી ફરી આખી ટ્રિપમાં ક્યાંય દેખાયો ન હતો. બસ અહીં માઉન્ટ સ્કાલા તરફ જતી હાઇક ટ્રેલ પર મુલાકાતીઓ અને હાઇકરોનો ટ્રાફિક હતો. અહીં છૂટાંછવાયાં સ્લોપી નળિયાંવાળાં ઘરોની છત પર પણ પ્લાન્ટ ઊગી નીકળ્યા હતા. એવામાં અહીં ઘરો પણ જાણે જમીનમાંથી જ ઊગી નીકળ્યાં હોય તેવું લાગતું હતું. બીજી તરફ ફ્યોર્ડનાં પાણીમાં કાયાક સરકી રહ્યાં હતાં. અમને પણ એક વાર તો બોટ લઈને નીકળી પડવાની ઇચ્છા થઈ આવી. જોકે બીજા દિવસે ગાઇરેન્ગર પર બોટનું બુકિંગ હતું જ. આજે પાણીને કિનારાથી જ માણીને સંતોષ માનવાનો હતો. જોકે સ્ત્રીનને ફરતી ૨૭ કિલોમીટરની ડ્રાઇવ માત્ર સમરના બે મહિના જ ખુલ્લી હોય છે. અમે તેનો પૂરતો લાભ ઉઠાવ્યો અને જેટલું આગળ વધ્યાં, પાણી ઘેરું એમરાલ્ડ રંગનું બની જતું જોયું.

આ ૨૭ કિલોમીટરની ડ્રાઇવમાં વેંડેડાલેન વેલીના જળધોધ પણ આવ્યા. તે સાથે એ પણ સમજાયું કે શા માટે લોકો આ રસ્તા પર ડ્રાઇવ કરવાને બદલે હાઇક કરે છે. ફાસ્ટ ફૂડની જેમ ત્યાંથી ફટાફટ ડ્રાઇવ કરીને નીકળી જવાને બદલે અહીં સ્લો ફૂડ મૂવમેન્ટમાં મેમ્બરની જેમ ધીમે ધીમે, ચાવી ચાવીને નજારાને વાગોળવામાં વધુ મજા આવતી હશે એ તો સ્પષ્ટ હતું. હવે આ વ્યૂને એકદમ પરફેક્ટ સ્થળથી જોવા માટે અમે સ્કી લિફ્ટનો રસ્તો પકડ્યો. વિયા લોએન ફેરાટા થઈને અમે લોએન સ્કી લિફ્ટ પહોંચ્યાં. આ કદાચ દુનિયાની સૌથી સ્ટીપ કેબલકાર છે. ત્યાંથી દરેક દૃશ્ય જરા વધુ પડતું એલિવેટ થઈ ગયું હોય તેવું લાગતું હતું. જાણે અચાનક જ અમને તે કેબલકાર મારફતે સ્ત્રીનના લેન્ડસ્કેપ પર ઝૂમ આઉટ કર્યું હોય તેવું લાગતું હતું.

આ કેબલકાર અમને માઉન્ટ હોવનની ટોચ પર લઈ આવી. અહીંથી ગ્લેસિયર તો નહોતાં દેખાયાં, પણ હજી ઉનાળામાં પણ સ્નોથી લદાયેલા બીજા પહાડોની ટોચ જરૂર દેખાઈ ગઈ હતી. અમે તે રાતેથી ટ્રોન્ડહાઇમની દિશામાં એક ટાપુ પર ફ્યોર્ડના વ્યૂવાળા વિલામાં રોકાવાનાં હતાં. પણ જો ઓપ્શન ઓપન હોત તો તે પહાડની ટોચ પરના સ્કી રિસોર્ટમાં રહેવાનું મજેદાર બની રહ્યું હોત. તે સમયે સ્કીની સિઝન તો ન હતી, પણ આ એવું રેર સ્થળ છે જ્યાં સમરમાં પણ સ્કી કરવા મળી જાય છે. વળી જકુઝી અને સ્પાની કોઈ ખાસ સિઝન થોડી હોય. તે હોટલને લાલચની નજરે જોઈને અમારી ટોળકી આગળ ચાલી. લોએનથી સ્ત્રીનનો બેસ્ટ વ્યૂ જરૂર આવતો હતો, પણ તેનો અર્થ એ પણ કે હવે અમે સ્ત્રીન છોડી ચૂક્યાં હતાં અને થોડી જ વારમાં લોએન પણ પાછળ છૂટી જવાનું હતું. માઉન્ટ સ્કાલા ભલભલા પ્રોફેશનલ હાઇકર્સના બકેટલિસ્ટ પર હોય છે. અમે ત્યાંની હાઈક તૈયારી વિના સ્પોન્ટેનિયસલી તો ન કરી શક્યાં, પણ તેને જોવાનું પણ કોઈ લહાવાથી ઓછું નહોતું લાગતું.

અહીં નજીકમાં જ જોસ્ટેડાલ્સબ્રીન નેશનલ પાર્કમાં મેઇનલેન્ડ યુરોપનો સૌથી મોટો ગ્લેસિયર તો છે જ. અમે એ તરફ તો ન ગયાં, પણ મિત્રો સ્ત્રીન જરૂર જજો એવો આગ્રહ કરતાં હતાં તે જરૂર સમજી ચૂક્યાં હતાં. આ વિસ્તાર છોડતા પહેલાં અમને બ્રેન્ગ પાશ્ચરનું ખેતર પણ જોવા મળી ગયું.

આ સમર ફાર્મ પર હવે માણસો તો નહીં, પણ ઘેટાંનો ટ્રાફિક જોવા મળી ગયો. કોને ખબર હતી આ અત્યંત ફોટોજેનિક વિસ્તારમાં બસ ઘેટાંની કમી હતી. તે સાથે જ નોર્વે અચાનક જ સ્કોટલેન્જના હાઇલેન્ડ્સમાં કે આલ્પ્સમાં જ કોઈ ગામ હોય તેવું લાગવા માંડેલું. અહીં સ્ત્રીન આસપાસના રિજનમાં જ્યાં પણ જાઓ ત્યાં બ્લુ રંગના શક્ય એટલા બધા શેડમાં પાણી જોવા મળી રહ્યું હતું. તે પછીના દિવસે ગાયરેન્ગરના પાણીમાં ઝંપલાવવાનું હતું. ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૪વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર — ધર્મતેજ — આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર — તરોતાજા (તન-મન-ધનથી રહો) — મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર — ઈન્ટરવલ — થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર — લાડકી પુરુષ — સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર — મેટિની — મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર — વીક એન્ડ — વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર — ઉત્સવ — અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ

# લંડન-અમેરિકાઃ ગ્લેમર ઓછું ને ગૂંગળામણ વધારે!

ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

એક અત્યંત શ્રીમંત પરિવારના બાળકની દોસ્તી ગામડામાં રહેતા ગરીબ બાળક સાથે થઈ ગઈ. બે-ત્રણ દિવસ પેલા ગરીબ બાળક સાથે રમત-ગમત અને મોજમસ્તીમાં વિતાવ્યા બાદ શ્રીમંત બાળક ઘરે પાછું ફર્યું. પિતાએ પૂછ્યુંઃ 'કેવો રહ્યો ગામડામાં જીવવાનો અનુભવ?'

શ્રીમંત બાળક ઉદાસ થઈ ગયું :

તમે તો કહેતા હતા કે એ લોકો ગરીબ છે. પણ એમના ગામમાં નહાવા અને ધિંગામસ્તી કરવા માટે આપણા સ્વિમિંગ પૂલ કરતાં અનેકગણું મોટું તળાવ છે. તમે જે મોંઘાદાટ ફળો લાવો છો એના કરતાં અત્યંત સ્વાદિષ્ટ ફળો આજે મેં વગડામાં જઈને ખાધાં. આપણા બેડરૂમમાં તો કાયમ એસી ચાલુ રાખવું પડે, જ્યારે ત્યાં ખુલ્લા આકાશ નીચે તારા ગણતાં ગણતાં એવી મીઠી નીંદર આવી જતી કે આખા દિવસની રઝળપાટનો થાક ઊતરી જતો!

શ્રીમંત બાપ દીકરાના મોઢે આવી સરખામણી સાંભળીને ભૌતિકવાદની મર્યાદાઓ વિશે વિચારતો રહે છે.

આ કાલ્પનિક વાર્તામાં આજે કદાચ દરેક મુંબઈગરો જીવી રહ્યો છે. અહીં બધું મળે છે, પણ એમાં કુદરતી મીઠાશ નથી. એસીની ઠંડકમાં કુદરતી પવનની લહેરખીનું સુખ ક્યાં ગોતવું? હજી ઘણી સરખામણી થઈ શકે, પણ મૂળ મુદ્દો એ છે કે જેમ જેમ શહેર મોટાં થઈ રહ્યાં છે, આવક વધી રહી છે તેમ તેમ લોકોનું જીવન વધુ દુષ્કર બની રહ્યું છે. ભૌતિક સાધનોની કમી નથી, પણ મનને જે મોકળાશ જોઈએ એ નથી. ગીચ વસ્તીને કારણે મહાનગરોમાં વસતા લોકો કીડી-મંકોડાની માફક એકબીજા સાથે ઘસાઈ-ઘસાઈને જીવતાં શીખી ગયા છે.

આ કહાની માત્ર મુંબઈની નથી, બલકે સમૃદ્ધિની છોળમાં આળોટતા દુનિયાના દરેક મહાનગરની છે.

હાલમાં વસ્તી ગણતરી ચાલી રહી છે. એ માટેના ફૉર્મમાં તમારા રહેઠાણને લગતા પ્રશ્નોય સામેલ છે. તમે કાચા ઘરમાં રહો છો કે પાકા? દીવાલો, ફ્લોરિંગ અને છતમાં કયું મટિરિયલ વપરાયું છે? ઘરમાં કેટલા લોકો રહે છે?

ઘણાને આ પ્રશ્નો નકામા લાગશે, પણ ભવિષ્યની સરકારી નીતિઓ ઘડવા માટે આ જ ડેટા ઉપયોગી સાબિત થશે. અત્યારે



લંડન



ન્યૂ યૉર્ક

વિકસિત અને સમૃદ્ધ ગણાતાં રાષ્ટ્રોમાં પણ રહેઠાણની સમસ્યા અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. વિશ્વના બે સૌથી પ્રસિદ્ધ અને સૌથી સમૃદ્ધ ગણાતાં બે શહેર : લંડન અને ન્યૂ યૉર્કનું જ ઉદાહરણ લો.

લંડનઃ ઈ.સ. ૪૭માં રોમન સામ્રાજ્ય દ્વારા આ શહેરની સ્થાપના કરવામાં આવી, જેને તે 'લોન્ડિનિયમ' (Londinium) તરીકે ઓળખતા હતા. શહેર થેમ્સ નદીને કાંઠે વસેલું હોવાને કારણે એક મહત્ત્વપૂર્ણ બંદર બન્યું, જેણે વિશ્વભરના વેપારને આકર્ષિત કર્યો. મુંબઈ માટે કહેવત છે કે અહીં રોટલો મળે, પણ ઓટલો ન મળે. આજે લંડનની હાલત એથીય બૂરી થવા જઈ રહી છે. વસ્તીના ઘસારાને પહોંચી વળવામાં નિષ્ફળ ગયેલા આ શહેરમાં અઢળક લોકો નાની-નાની જગ્યાઓમાં પૂરતાં હવા-પાણી કે ઉજાસના અભાવમાં જીવવા મજબૂર બન્યા છે. વર્ષ ૨૦૨૩નો 'ધ ગાર્ડિયન' અખબારનો રિપોર્ટ કહે છે કે પ્રજાનો મોટો વર્ગ યુરોપિયન દેશોના જીવનધોરણ કરતાં ઊતરતી કક્ષાનાં ઘરોમાં રહે છે. વળી લોકોની આવકનો મોટો હિસ્સો તો મકાનોના હપ્તા ભરવામાં ખર્ચાઈ જાય છે.

આ પણ સાંભળો : બ્રિટનનાં ૩૫ ટકા ઘર ઇસ ૧૯૪૬ પહેલાં બંધાયેલાં છે. દેશનાં મોટા ભાગનાં મકાન ૧૯૪૬થી ૧૯૮૦ વચ્ચે બન્યાં છે. દેશનાં કુલ રહેણાક મકાનોનો માત્ર દસેક ટકા હિસ્સો છેલ્લા અઢી દાયકામાં બન્યો છે અને આ વર્ષો દરમિયાન બીજા દેશોમાંથી આવેલા લોકોની વસ્તી કૂદકે ને ભૂસકે વધી હશે.

ન્યૂ યૉર્કની દશા પણ બગડી રહી છે. લંડનની માફક ન્યૂ યૉર્ક પણ ઐતિહાસિક શહેર છે. ઉત્તરીય ઍટલાન્ટિક સમુદ્ર અને હડસન નદીના સંગમ પર વસેલું આ શહેર સદીઓથી એક બંદર તરીકે વિકસ્યું છે. વિશ્વનાં સૌથી સમૃદ્ધ શહેરોમાં એની ગણના થાય છે. ઇસ ૧૬૬૪માં બ્રિટિશરોએ આ શહેર પર કબજો મેળવ્યો અને ઇંગ્લૅન્ડના 'ડ્યુક ઑફ યૉર્ક'ના નામ પરથી શહેરનું નામ બદલીને ન્યૂ યૉર્ક' રાખ્યું. તમે 'ગૂગલ' મૅપ ખોલીને જોશો તો ન્યૂ યૉર્ક શહેર સુવ્યવસ્થિત રીતે ગોઠવાયેલા ચોસલા જેવું દેખાશે, પણ આ વ્યવસ્થાની વરવી બાજુય છે. ખાસ કરીને બહારના દેશોમાંથી આવીને અહીં વસી ગયેલા લોકોને માથે છાપરું મેળવવામાં ફાંફાં પડી જાય છે.

૨૦૨૪માં પ્રગત થયેલા 'ઑફિસ ઑફ બજેટ પૉલિસી ઍન્ડ એનાલિસીસ'નો રિપોર્ટ કહે છે કે ન્યૂ યૉર્ક શહેરના આશરે ૬૭ ટકા જેટલાં રહેઠાણ ભાડે આપવામાં આવ્યાં છે. મૂળ માલિકો વસવાટ કરતા હોય એવાં મકાનો પ્રમાણમાં ઓછાં છે. એકાદ લાખ જેટલા લોકો તો શેલ્ટર્સમાં રહે છે. આપણે ત્યાં જાહેર વ્યવસ્થાપન કે શહેર-સુધરાઈને મુદ્દે વારે વારે યુરોપ-અમેરિકાનું ઉદાહરણ અપાય છે, પણ આજની તારીખે જમીની વાસ્તવિકતા અને આંકડાઓ ન્યૂ યૉર્ક અને લંડન જેવા ગ્લૅમરસ શહેરોની વરવી બાજુ રજૂ કરે છે. ■

# મનોરંજક છે આ વસતિ ગણતરી...

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

કહેવાય છે કે ભારતમાં બે જ વસ્તુ ગમે ત્યારે આવી શકે છેઃ એક, ચોમાસામાં વરસાદ (ભલે હવામાન ખાતું ના પાડે) અને બીજા, લગ્નના વેવાઈ બનવા નીકળેલા મહેમાનો!

અમારા એક પાડોશીના ઉંમરલાયક મોહિતના ઘરમાં પણ શનિવારની ગુલાબી સાંજે આવો જ એક ચમત્કાર થયો.

દરવાજો ખખડ્યો અને મોહિતના પિતાજીએ દરવાજો ખોલ્યો. સામે બે સજ્જનો હાથમાં સરકારી લુકવાળી ફાઈલ્સ અને ચહેરા પર ગંભીરતા લઈને ઊભા હતા. બાપાએ એમના ચહેરાના ભાવ અને હાથની ફાઈલો જોઈને મનોમન ગણિત માંડી દીધું :

'બસ, આ નક્કી ચુનિયા માટે કન્યાના પિતા અને મોટાભાઈ જ છે!'

મહેમાનો સોફા પર ગોઠવાયા. પછી શરૂ થઈ સવાલોની ઝડી અને મોહિતના સપનાની ઉડાન...

મહેમાનોએ ચશ્માં સરખા કરીને પૂછ્યું,

'મકાન તમારું પોતાનું છે?'

રઘલાએ છાતી ગજગજ ફુલાવીને કહ્યું, 'હા જી, આપણા દાદાના વખતનું છે, પણ હમણાં જ નવું કલરકામ કરાવ્યું છે!'


બીજો સવાલ આવ્યોઃ 'ઘરમાં AC કેટલા છે?'

મોહિતે ઓરડાની પાછળથી જ માથું ધુણાવીને ઈશારો કર્યો. બાપાએ તુરંત જ કહ્યું, 'બે છે સાહેબ, અને ત્રીજું મોહિતના રૂમમાં લગાડવાનું વિચારીએ છીએ. છોકરાને ગરમી બહુ લાગે!'

'રૂમ કેટલા છે? વાહન કયું વાપરો છો? ઘરમાં ડેસ્કટોપ કમ્પ્યુટર છે કે લેપટોપ?' સવાલોનો સિલસિલો ચાલતો રહ્યો.

મોહિત તો અંદરના રૂમમાં અરીસા સામે ઊભો રહીને માથાના વાળ સરખા કરવા લાગ્યો. એના મનમાં શરણાઈઓ વાગવા માંડી હતી. એણે મનોમન વિચારી લીધું કે છોકરી નક્કી હાઈ-ફાઈ ઘરની લાગે છે, એટલે જ પિતાજી આટલી બારીકાઈથી 'પ્રોપર્ટી'ની તપાસ કરી રહ્યા છે. મોહિતે તો મનોમન હનીમૂનનું બુકિંગ પણ સ્વિટ્ઝર્લૅન્ડ કરવું કે શિમલા એના પ્લાન ઘડી નાખ્યા!

અને પછી શરૂ થઈ મહેમાનોની એવી આગતાસ્વાગતા કે ઈન્દ્રદેવનું આસન સુધ્ધાં ડોલી જાય. બાપાએ રસોડામાં જઈને બાને ઓર્ડર આપ્યો, 'એ સાંભળે છે? ચામાં એલચી-આદું બરાબર નાખજે અને ઓલા કાજુ-બદામવાળા બિસ્કિટ કાઢ. ઘરાક બહુ મોટું છે!'




ટેબલ પર ગરમાગરમ ચા, મમરા, વેફર અને પેંડા ગોઠવાઈ ગયા. મહેમાનોએ પણ કોઈ જાતના સંકોચ વગર નાસ્તા પર ન્યાય આપવાનું શરૂ કર્યું. મોહિત આછું મલકાતો મલકાતો સોફાની બાજુમાં આવીને બેસી ગયો. મહેમાનોએ એની સામે જોયું, પણ કંઈ પૂછ્યું નહીં, બસ ફાઈલમાં ટપકાં કરતા રહ્યા.

નાસ્તો પતી ગયો, ચાની છેલ્લી ચુસ્કી લેવાઈ ગઈ એટલે રઘલાથી હવે રહેવાયું નહીં. એમણે અત્યાર સુધી દબાવી રાખેલો અસલી સવાલ બહુ જ મીઠાશ અને ભાવથી પૂછ્યોઃ

'બધું તો ઠીક સાહેબ, પણ આપણી કન્યા શું ભણી છે?'

સામે છેડે બે એક ક્ષણ માટે સ્મશાન શાંતિ છવાઈ ગઈ. બંને મહેમાનોએ ચાનો કપ ટેબલ પર મૂક્યો, એકબીજાની સામે જોયું અને પછી રઘલા સામે જોઈને બોલ્યાઃ

'અરે ભાઈ સાહેબ, કઈ કન્યા? અમે તો વસતિ ગણતરી (Census) વાળા છીએ!'

આ સાંભળતાં જ મોહિતના માથા પર જાણે આકાશ તૂટી પડ્યું! સ્વિટ્ઝર્લૅન્ડના બરફના પહાડો પીગળીને પાણી-પાણી થઈ ગયા. બાપાના હાથમાંથી ચાની રકાબી છૂટતા છૂટતા બચી. જે મહેમાનોને એ 'વેવાઈ' સમજીને કાજુ-બદામ ખવડાવતા હતા એ તો સરકારી આંકડા ભેગા કરવાવાળા નીકળ્યા!

આ તો થઈ મોહિતના ઘરની વાત, પણ વસતિ ગણતરીવાળા જ્યારે સોસાયટીઓમાં ફરે છે ત્યારે એવા એવા કિસ્સા બને છે કે હસવું રોકી શકાતું નથી.

આવો જ એક બીજો કિસ્સો બાજુની ગલીમાં રહેતા કાનજીભાઈના ઘરે બન્યો. કાનજીભાઈ નિવૃત્ત થઈને ઘરે બેઠા-બેઠા સાંજે પાડોશના ટ્યુશનનાં બાળકોને ભણાવે. સોસાયટીના ૧૦-૧૨ ટાબરિયાં કાનજીભાઈના હોલમાં ગોદડાં પાથરીને ભણવા બેઠેલા.

બરાબર એ જ સમયે વસતિગણતરીના અધિકારીઓ ફાઈલ લઈને ધબધબ કરતા ઘરમાં ઘૂસ્યા. ઘરમાં બાળકોની ભીડ જોઈને અધિકારીની આંખો પહોળી થઈ ગઈ. એમણે ચશ્માંના કાચ સાફ કર્યા અને કાનજીભાઈને પૂછ્યુંઃ 'આ બધા તમારા જ છે?'

કાનજીભાઈ ગણિતના દાખલા ગણાવવામાં એટલા મશગૂલ હતા કે એમણે પાછળ જોયા વગર જ કહી દીધું, 'હા, આ બધા મારા જ છે. રોજ સાંજે અહીં જ આવીને ધામા નાખે છે. આ મોટો છે એ બહુ તોફાની છે, અને ઓલી નાની છે એ બહુ હોશિયાર છે!'

અધિકારી તો ગંભીર થઈ ગયા. એમણે દેશના વસતિ વધારાના સંકટ પર મનોમન એક મોટું ભાષણ તૈયાર કરી નાખ્યું. એમણે ફટાફટ ફોર્મ ખોલ્યું અને કાનજીભાઈના નામે 'કુલ સંતાનોની સંખ્યાઃ ૧૨' લખી નાખી!

જો કાનજીભાઈના પત્નીએ સમયસર આવીને ચોખવટ ના કરી હોત કે, 'અલ્યા ભાઈ, આ તો ટ્યુશનનાં બાળકો છે, આપણા તો બે જ છે, જે અમેરિકા સેટલ છે!'

આ ખુલાસો ન થયો હોત તો ... તો કાનજીભાઈને સરકાર તરફથી 'વસતિ વધારા સમ્રાટ'નો વિશેષ એવોર્ડ મળી ગયો હોત!

જ્યારે આ લોકો પૂછે કે 'ઘરમાં ગાડી છે?' ત્યારે લોકો ટેક્સ બચાવવા કે સરકારી સબસિડી મેળવવા માટે એવી એક્ટિંગ કરે છે કે જાણે એમના જેવું ગરીબ દુનિયામાં કોઈ નથી :

'ના સાહેબ, ગાડી તો શું, સાઇકલમાંય પંચર છે!' (ભલે બહાર બ્રેન્ડ ન્યૂ સ્કોડા ઊભી હોય!)

કેટલાક ઘરોમાં તો વસતિ ગણતરી વખતે પાડોશીના છોકરાઓ પણ રમતા રમતા આવી જાય તો ઘરના વડીલો એમને પણ પોતાના ગણાવી દે છે, જેથી રેશનકાર્ડમાં કદાચ બે કિલો અનાજ વધારે મળે!

મોહિતના ઘરેથી જ્યારે વસતિ ગણતરીવાળા અધિકારીઓ ફાઈલ બંધ કરીને ઊભા થયા ત્યારે મોહિતે દિલ તૂટ્યાના દર્દ સાથે પૂછ્યું

'સાહેબ, તમારી ફાઈલમાં કોઈ કન્યાની વિગત હોય તો આપતા જાવ ને, અમારે ગણતરી સરખી થઈ જાય!'

અધિકારીએ હસીને કહ્યું, 'ભાઈ, અમે માણસો ગણીએ છીએ, માંડવા નથી રોપતા!'

### વિચારવાયુ

જ્યારે પણ ઘરે કોઈ અજાણ્યા મહેમાન આવીને તમારા ઘરની સુખ-સાહેબીના સવાલો પૂછે ત્યારે બહુ રાજી ન થવું. કાં તો એ વસતિ ગણતરીવાળા હશે કાં ઈન્કમટેક્સવાળા... ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પુકાર | ઈનામ |
| પુણ્ય | પવિત્ર |
| પુનિત | બૂમ |
| પુરસ્કાર | પ્રાચીન |
| પુરાતન | સત્કર્મ |

### જાણવા જેવું

ભારત સરકારે વિવિધ રમતોના શ્રેષ્ઠ ખેલાડીઓને સન્માનવા માટે ૧૯૬૧માં અર્જુન અવૉર્ડ શરૂ કરવામાં આવ્યો હતો. જુદી જુદી રમતોના શ્રેષ્ઠ રમતવીરોને પ્રતિવર્ષ અપાય છે. અર્જુન અવૉર્ડ મેળવવા માટે ખેલાડીએ ત્રણ વર્ષ સુધી સતત સર્વોચ્ચ દેખાવ ભારતમાં કે/અને પરદેશમાં કર્યો હોવો જોઈએ. અવૉર્ડ આપવામાં આવે તે વર્ષે તે ખેલાડીનો દેખાવ શ્રેષ્ઠ હોવો જરૂરી છે.

### ગુજરાત મોરી મોરી રે

પ્રવીણ જોશી સાથે અનેક યાદગાર નાટકોની ભેટ આપનારા અરવિંદ જોશીએ કઈ ગુજરાતી ફિલ્મમાં કામ કર્યું હતું એ કહી શકશો?

અ) જીવનરેખા બ) ડોક્ટર રેખા
ક) દરિયાખેડુ ડ) ઘેર ઘેર માટીના ચૂલા

### નોંધી રાખો

વિચાર કરે છે એ માણસ પ્રગતિ કરે છે. વિચાર નહીં કરવા માગતી વ્યક્તિ જીવનમાં નિષ્ફળતાને આમંત્રણ આપતી હોય છે.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | | ૪ | | ૫ |
| ૬ | | | ૭ | | | ૮ | | ૯ | |
| | | ૧૦ | | | ૧૧ | | ૧૨ | | |
| ૧૩ | ૧૪ | | ૧૫ | | | | | | |
| | ૧૬ | | | | | | | ૧૭ | |
| ૧૮ | | | | ૧૯ | | ૨૦ | | | |
| | | ૨૧ | | | | | | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | | | | | ૨૬ | ૨૭ | | |
| ૨૮ | | | | | ૨૯ | | | | |
| | | | | ૩૦ | | | | | |

**આડી ચાવી**

૩. બહેરાપણું (૨)
૬. --- રહેવું=ધામા નાખીને પડ્યું રહેવું (૫)
૮. ચક્રધારી (૨)
૧૦. ઠઠ્ઠામશ્કરી (૨)
૧૨. પાણી ભરવાની ચામડાની કોથળી (૩)
૧૩. મીણબત્તી (૨)
૧૫. દેવ, ઠાકોરજી વગેરેના ચરણ ધોયેલું પાણી (૫)
૧૬. રોચું, ગામડિયું (૩)
૧૭. પ્રતિજ્ઞા, ટેક (૨)
૧૮. દીકરીની મા --- ને ઘડપણમાં ભરે પાણી (૨)
૨૦. સંગીન, પોલું નહીં તેવું (૩)
૨૧. નોકરીમાંથી રુખસદ મળી હોય તેવું (૫)
૨૨. મંગળપ્રદ, કલ્યાણકારી (૨)
૨૪. ઘા (૩)
૨૬. પરમેશ્વર (૨)
૨૮. નાયક, આગેવાન (૪)
૨૯. મનમાંનું (૫)
૩૦. રોષ, ગુસ્સો (૨)

**ઊભી ચાવી**

૧. બોધ, શિખામણ (૪)
૨. ગપ્પું, ગપ (૩)
૩. --- ધણીનું થાય (૨)
૪. હુમલો કરનારું (૪)
૫. વાણિયો (૩)
૭. જમીન પર રહેનારું કે ફરનારું (૪)
૯. ફાંસો, ગાળો (૨)
૧૧. કારીગરોનો રજાનો દિવસ (૩)
૧૪. માગ, ખપત (૩)
૧૭. કુહાડી (૩)
૧૯. જુલમ (૩)
૨૦. ઘૃણા, તિરસ્કાર (૪)
૨૧. --- કરવું=સહન કરવું, વેઠવું (૪)
૨૩. શિક્ષણ (૪)
૨૪. રાજી, ખુશ (૩)
૨૫. પરાજય (૨)
૨૭. ભાલા જેવું એક હથિયાર (૩)
૨૯. પ્રજ્ઞાચક્ષુ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વાં | ૨ ધા | ૩ વ | ચ | ૪ કા | | ૫ ત | જ | ૬ વી | ૭ જ |
| ૮ સ | મ | ય | | ૯ મ | હો | ર | | ૧૦ જ | ગ |
| ળી | | સ્ક | | ણ | | ૧૧ લ | ૧૨ ક્ષ | | ન |
| | ૧૩ ચ | | ૧૪ લ | ગા | મ | | ૧૫ મા | ૧૬ ન | |
| | ૧૭ પ | ર | બા | રું | | ૧૮ છી | | ૧૯ વા | ળી |
| ૨૦ ખો | ળ | | ડ | | ૨૧ ઉ | છ | રં | ગ | |
| | ૨૨ તા | ૨૩ નો | | ૨૪ ક | પ | રું | | ત | |
| ૨૫ સુ | | ૨૬ મ | ૨૭ જા | | ર | | ૨૭અ આ | | ૨૮ સિ |
| ૨૯ રે | ૩૦ ખા | | ૩૧ પ | ર | વા | | ૩૨ સ | ૩૩ મ | તા |
| ૩૪ ખ | લ | બ | તો | | ૩૫ સ | ર્જ | ન | હા | ર |

### ઓળખાણ પડી?

ભારત વિરુદ્ધ રમાયેલી પ્રખ્યાત 'ટાઈ ટેસ્ટ'માં ડબલ સેન્ચુરી ફટકારનારા આક્રમક ઓસ્ટ્રેલિયન ખેલાડીની ઓળખાણ પડી?

અ) માઈકલ ક્લાર્ક
બ) ડીન જોન્સ
ક) ગ્રેગ મેથ્યુઝ
ડ) ડેવિડ બૂન



### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

દરેક દેશનું પોતાનું વિશિષ્ટ રાષ્ટ્રીય ફળ હોય છે. ઊગતા સૂર્યના દેશ જાપાનનું રાષ્ટ્રીય ફળ કયું છે એ વિકલ્પોમાંથી શોધી જણાવો.

અ) PERSIMMON બ) MAMEY ક) SABRA ડ) ACKEE

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૧૬, ૨૩, ૨૮, ૩૮, ૪૯ ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૪૯ પછી કઈ સંખ્યા આવે?

અ) ૫૧ બ) ૫૯ ક) ૬૨ ડ) ૬૮

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | | | ૯ | ૩ | | |
| ૧ | | ૯ | ૫ | | | | | |
| ૨ | ૭ | | | | ૮ | | | |
| | | | | ૪ | | ૧ | | ૭ |
| ૮ | | | | | | | | ૯ |
| ૭ | | ૬ | | ૮ | | | | |
| | | | ૨ | | | | ૩ | ૪ |
| | | | | | ૩ | ૯ | | ૧ |
| | | ૫ | ૪ | | | | ૨ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | ૬ | ૯ | ૮ | ૭ | ૨ | ૩ | ૪ |
| ૩ | ૨ | ૭ | ૪ | ૧ | ૫ | ૯ | ૬ | ૮ |
| ૪ | ૯ | ૮ | ૬ | ૩ | ૨ | ૭ | ૧ | ૫ |
| ૯ | ૩ | ૧ | ૭ | ૫ | ૮ | ૪ | ૨ | ૬ |
| ૮ | ૪ | ૨ | ૩ | ૬ | ૧ | ૫ | ૭ | ૯ |
| ૭ | ૬ | ૫ | ૨ | ૪ | ૯ | ૩ | ૮ | ૧ |
| ૨ | ૮ | ૯ | ૫ | ૭ | ૬ | ૧ | ૪ | ૩ |
| ૬ | ૫ | ૩ | ૧ | ૨ | ૪ | ૮ | ૯ | ૭ |
| ૧ | ૭ | ૪ | ૮ | ૯ | ૩ | ૬ | ૫ | ૨ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પિશાચ | પ્રેત |
| પીઠ | વાંસો |
| પીઢ | અનુભવી |
| પીસવું | ઘૂંટવું |
| પીંખવું | વિખેરવું |

ગુજરાત મોરી મોરી રેઃ
આગગાડી

ઓળખાણ પડી?
વિજય મર્ચન્ટ

માઈન્ડ ગેમ :
૮૫

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
કિવી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભામિની સંપટ (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) વિપીન શાહ (૧૦) ભરત કજરિયા (૧૧) હર્ષા મહેતા (૧૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૩) મીનળ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મહેશ સંઘવી (૧૬) નૂતન વિપીન શાહ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) ભાવના કર્વે (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) કમલ માતલિયા (૨૫) ખુશરૂ કાપડિયા (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) અંજુ ટોલિયા (૨૮) વિણા સંપટ (૨૯) અલકા વાણી (૩૦) ડાયના સંતોકે (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૩) અરવિંદ કામદાર (૩૪) સુભાષ મોમાયા (૩૫) પુષ્પા પટેલ (૩૬) પ્રવીણ વોરા (૩૭) મહેન્દ્ર લોઢાવિયા (૩૮) તાહેર ઔરંગાબાદવાલા (૩૯) શીરીન ઔરંગાબાદવાલા (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) ઈનાક્ષીબેન દલાલ (૪૨) હિનાબેન દલાલ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) નીતા દેસાઈ (૪૫) નિતીન જયંતીલાલ બજરિયા (૪૬) હેમાંગી કે. મારુ (૪૭) કલ્પના આશર (૪૮) નયના ગિરીશ મિસ્ત્રી (૪૯) વિરલભાઈ ઉદય શેઠ (૫૦) મહેશ દોશી

# હું રિયા કાપડિયા



## એક આગવી રહસ્ય કથા

ટીના દોશી

પ્રિય ડાયરી, તું તો જાણે જ છે ને કે સોફ્ટવેર એન્જિનિયર સમીર કાપડિયા સાથે મારાં લગ્ન થયાંને હજુ પાંચ જ મહિના થયાં. અમારું નાનું કુટુંબ સુખી કુટુંબ છે. સસરા શશીકાંતભાઈનો ધીરધારનો ધંધો છે. ભગવાનનું માણસ છે. કોઈ ખટપટ નહીં. એ ભલા ને એમનું કામ ભલું. સાસુ ભાવનાબહેન પણ લલિતા પવાર જેવાં જૂના જમાનાનાં ખાધેલ નહીં. પણ રીમા લાગુ જેવાં. હસમુખાં અને પ્રેમાળ. નણંદ મીરાં. મારી હમઉમ્ર. નણંદ ઓછી ને સખી વધારે. અમે તો જોતજોતામાં એકમેક સાથે હળીમળી ગયાં. સાથે જ ઘરનું કામ કરીએ અને હરવાફરવા પણ જઈએ. અમે એકમેકની મશ્કરી પણ કરી લઈએ. ક્યારેક હું ટીખળ પણ કરું કે, બહેનબા અહીં પિયરમાં થોડા દિવસ મજા કરી લ્યો. પછી તો સાસરિયે સીધાવાનું જ છે. મીરાં ક્યારેક આંખ બતાડે તો ક્યારેક શરમાઈને નાસી છૂટે. જોકે મને તો ક્યારેક એવું પણ લાગતું કે આ મીરાંને ક્યાંક એનો શ્યામ મળી તો નથી ગયોને! એકાદબે વાર મેં એને પૂછવા પ્રયત્ન કર્યો ત્યારે એણે માધવની વાત કરી. એના મનનો માણીગર. મીરાંનો માધવ! મેં નક્કી કરી લીધું કે મીરાં અને માધવનો મેળાપ અને હસ્તમેળાપ કરાવીને જ રહીશ. આ સમીરને તો કાંઈ પડી જ નથી. પોતે પરણી ગયો એટલે જાણે બધું પતી ગયું. બહેનનો તો વિચાર જ નહીં કરવાનો.

સમીર સવારે નવેક વાગ્યે ચાનાસ્તો કરીને ઓફિસ જવા નીકળી જાય. સાંજે ઘરે આવીને જ જમે. સસરાજી દસેક વાગ્યે જમીને જતા રહે. ઘરમાં હું, મીરાં અને સાસુજી. અમે ઘરનું નાનુંમોટું કામ પતાવી દઈએ. સાસુજી બપોરે આરામ કરવા જતાં રહે. અમે નણંદભાભી થોડીક વાર ગપ્પાં મારીએ. પછી મીરાં પોતાનું કાંઈક કામ લઈને બેસી જાય. કાં તો કોમ્પ્યુટર પર, કાં મોબાઈલ પર. હું પણ મારો વાંચવાનો શોખ પૂરો કરું. કોઈક પુસ્તક લઈને બેસી જાઉં. મોટા ભાગે સસ્પેન્સ સ્ટોરી જ હોય. સાંજ પડતાં ફરી રસોડામાં જઈને કામે વળગી જઈએ. સમીર અને સસરાજી આવે એટલે જમી લઈએ. પછી સાથે થોડો સમય પસાર કરીને પોતપોતાના ખંડમાં જતાં રહીએ. ચાર બેડરૂમનો આલીશાન ટેરેસફ્લેટ છે અમારો. એટલે સૌને પોતપોતાની મોકળાશ મળી રહે છે.

આમ ને આમ સરળતાથી જિંદગી પસાર થઈ રહી હતી. બાકીની જિંદગી પણ આમ જ પસાર થઈ જાત, જો એ રાત્રે...

વ્હાલી ડાયરી, તું જ મારી સાચી સાથી છે. એટલે લખી રહી છું... મારાં લગ્નને માંડ ત્રણ મહિના થયાં હતાં ત્યારની વાત છે. વાત એક રાતની.

એ રાત્રે મોડેથી પાણી પીવા હું ઊઠી અને મીરાંના ખંડ પાસેથી પસાર થઈને રસોઈઘરમાં જઈ રહી હતી ત્યારે મને એના કમરામાંથી ડૂસકાં સંભળાયાં. મને થયું કે આ ક્યાંક મારો વહેમ તો નથીને. કે પછી સાચે જ મીરાં રડે છે! મારાથી રહેવાયું નહીં એટલે હું સીધી જ એના ખંડમાં ધસી ગઈ. મીરાં ખરેખર રડતી હતી. મેં કારણ પૂછ્યું એટલે મને વળગી પડી. વધુ જોરથી રડવા લાગી. મેં વારંવાર પૂછ્યું ત્યારે માંડ માંડ એટલું જ બોલી શકી કે, રિયાભાભી, હું બહુ બૂરી રીતે ફસાઈ ગઈ છું. માધવ મારા ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપે છે. એક નંબરનો બદમાશ અને ગુંડો છે એ. ઘણી છોકરીઓની જિંદગી બરબાદ કરી એણે. તમને ખબર છે મહિના પહેલાં પેલી મોનાએ ગળે ટૂંપો દઈ જીવન ટૂંકાવી દીધું. એ માધવને જ કારણે. એણે પોતે જ કહ્યું મને. હું એને ઓળખી ન શકી. એણે કહ્યું છે કે પંદર દિવસમાં પાંચ લાખ રૂપિયા આપી દે અન્યથા આ ફોટા સોશ્યલ મીડિયામાં ફરતાં થઈ જશે. ભાભી, મારે પણ મોનાની જેમ આપઘાત જ કરવો પડશે.

હવે આ તો બહુ મોટી ઉપાધિ હતી. સાચું કહું તો માધવને તો હું પણ ન ઓળખી શકી. સામેની સાત માળની બિલ્ડિંગમાં જ તો રહેતો હતો. મીરાંની સાથે જ ભણ્યો હતો. કેવો ભલોભોળો દેખાતો હતો. અમારા ઘરે તો એની અવરજવર પણ હતી. મને તો હતું કે મીરાં અને માધવના રંગેચંગે લગ્ન કરાવી દઈશ, પણ આ માધવ તો માટીનો નીકળ્યો. નામ માધવ અને કામ દાનવનું. મીરાં નાદાન હતી પણ એની ભૂલ હતી જ. બીજા પર આંધળો વિશ્વાસ મૂકવાની સજા મળી હતી એને. મેં એને શાંત કરી. કોઈક ઉપાય નીકળી આવશે એમ કહી ધરપત આપી. આમ તો પોલીસમાં ફરિયાદ કરી શકાય, પણ સસરાજી કોઈ પણ ભોગે તૈયાર નહીં થાય એની મને ખબર હતી. આબરૂના ધજાગરા થાય, છોકરીની બદનામી થાય તો પછી એનો હાથ કોણ ઝાલે? અને સાસુજીને આવી ખબર પડે તો એમને તો હાર્ટ એટેક જ આવી જાય સમીરને કહું તો એ તો ગુસ્સાનો માર્યો શું નું શું કરી નાખે? માધવનું મર્ડર જ કરી નાખે. પછી જેલમાં અને...ના ના સમીરને ન જ કહેવાય..

મર્ડર! હં..હં.. મર્ડર જ કરવું પડશે માધવનું! સમીર નહીં, પણ હું જ મર્ડર કરીશ માધવનું! એ પણ કોઈને મારા પર શંકા ન જાય એ રીતે.. અરે, મીરાં આ શું કરી નાખ્યું!

ડાયરીજી, હું તો આ ઘરની વહુ છું. ગૃહલક્ષ્મી! લગ્ન કરીને આવી ત્યારે સાસુજીએ મને પોંખતાં કહેલું કે, હવે આ ઘરની આબરૂ અને માનમર્યાદા જાળવવાની તમારી જવાબદારી છે. તો હવે એ જવાબદારી નિભાવ્યે જ છૂટકો. મીરાંને સાંત્વન આપ્યું અને કહ્યું કે માધવ પાસેથી એકાદ મહિનાની મહેતલ માગી લે. એટલામાં હું કંઈક વિચારું છું. મીરાંએ માથું ધુણાવ્યું અને મારી સામે આશાભરી નજરે જોઈ રહી. કેવી માસૂમ લાગતી હતી મીરાં! મારે કંઈક કરવું જ રહ્યું. માધવનું મર્ડર કરવું જ રહ્યું.

અને ડાયરી, તને યાદ છે હું નાની હતી ત્યારે મને સ્વપ્ન આવતાં હતાં, એવાં સ્વપ્ન જે સાચાં પડતાં હતાં!

ક્યારેક મને ગણિતમાં કેટલા માર્ક આવશે તેવું સ્વપ્ન તો ક્યારેક મમ્મીની ખોવાયેલી વીંટી ક્યાંથી મળશે તેનું સ્વપ્ન. એક વાર તો પાડોશના રસિકકાકા લપસી જશે એવું સપનું પણ આવેલું અને એ સાચું પણ પડેલું. જોકે પછી ધીમે ધીમે એ સ્વપ્ના આવતાં બંધ થઈ ગયાં, પણ હવે ફરી સ્વપ્ન જોવાનો સમય આવી ગયો છે એવું મને લાગ્યું.

મારા મનમાં એક ચોક્કસ રૂપરેખા આકાર લેવા માંડી. સપનાના સથવારે માધવના મર્ડરની યોજના. બીજા જ દિવસથી મેં એકદમ સહજતાથી જાણે સબ્જીમાં નમક કે ખીરમાં ખાંડ ભેળવતા હોઈએ એવી સહજતા અને સ્વાભાવિકતાથી મારાં સ્વપ્ન સાચાં પડતાં હોવાની વાત કહી દીધી. સહુના ચહેરા પર આશ્ચર્યચિહ્નના ભાવ હતા. એમ કે! હજુ પણ સપનાં આવે છે કે એવા પ્રશ્નાર્થચિહ્ન સાથેના ભાવ પણ એમાં ભળેલા હતા.

બસ, આ જ ભાવ જોવા હતા મારે. હવે બે ત્રણ દિવસ પછી યોજના અમલમાં મૂકી શકાય તેમ છે!

માધવનું મર્ડર કરવા આ કરવું જરૂરી હતું!

અને ત્રણ દિવસ પછી સાસુજીનું મંગળસૂત્ર જડતું નહોતું એ તને યાદ છે, ડાયરી? હવે આ રહસ્ય પહેલી વાર હું કોઈકને કહી રહી છું, ડાયરી. તને તો ખબર જ છે ને કે સાસુજી નહાવા જાય ત્યારે મંગળસૂત્ર પલંગની બાજુના ડ્રેસિંગ ટેબલ પર મૂકીને પછી જ સ્નાનઘરમાં જતાં. એ દિવસે મેં સાસુજીનું મંગળસૂત્ર લઈને પલંગની નીચે નાખી દીધું. સાસુજી નાહીને બહાર નીકળ્યાં અને આખા ઘરમાં મંગળસૂત્ર શોધી વળ્યાં.પણ ક્યાંયથી મંગળસૂત્ર ન જડ્યું ત્યારે મેં ઠાવકાઈથી કહ્યું કે, મમ્મીજી, મને સ્વપ્ન આવેલું કે તમારું મંગળસૂત્ર પલંગની નીચે પડ્યું છે. અને ખરેખર મંગળસૂત્ર પલંગ નીચેથી મળી આવ્યું! પછી તો પૂરા ત્રણ દિવસ સુધી ઘરમાં અને અડોશપડોશમાં મારા સ્વપ્ન સાચાં પડતાં હોવાની ચર્ચા જ ચાલ્યા કરી. અને મને એ જ તો જોઈતું હતું!

માધવનું મર્ડર કરવા આ કરવું જરૂરી હતું !

મેં બીજા ચાર દિવસ જવા દીધા. દરમિયાન, મીરાંએ રડીકરગરીને માધવ પાસેથી એક મહિનાની

> **રિયાભાભી, હું બહુ બૂરી રીતે ફસાઈ ગઈ છું. માધવ મારા ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપે છે. એક નંબરનો બદમાશ અને ગુંડો છે એ...**

મહેતલ મેળવી લીધી હતી. એટલે હવે મારી પાસે ત્રણ અઠવાડિયાનો સમય જ હતો. જે કરવાનું હતું તે આ સમયમાં જ કરવાનું હતું. તને યાદ છે ડાયરી, એ પછીના બીજા દિવસે વહેલી સવારે મેં ગાડીની બ્રેક ફેલ કરી દીધી હતી. અને સસરાજી દુકાને જવા નીકળ્યા ત્યારે મેં એમને એકદમ રોકી લીધા. મેં અત્યંત ભયભીત હોવાનો અભિનય કરીને કહેલું કે, પપ્પાજી, તમે આપણી ગાડીમાં ન જશો. મને સ્વપ્ન આવ્યું છે કે આપણી ગાડીની બ્રેક ફેલ થઇ ગઈ છે. અને સસરાજીએ ગાડી તપાસી તો ખરેખર બ્રેક ફેલ થઇ ગઈ હતી! સાસુજી અને સસરાજી તો એકદમ ભાવુક થઇ ગયા અને જો સસરાજી એ દિવસે ગાડીમાં બેસીને ગયા હોત તો કેવો અનર્થ થઇ ગયો હોત તેનો વિચાર કરતાં જ સાસુજી રડી પડ્યા. સમીર પણ મારો આભાર માનવામાંથી ઊંચો જ નહોતો આવતો. અને પછી ઘરમાં અને આજુબાજુમાં બધે ફરી મારાં સ્વપ્ન સાચા પડતાં હોવાની પારાયણ ચાલ્યા કરી.

માધવનું મર્ડર કરવા આ કરવું જરૂરી હતું!

મેં બીજું એક અઠવાડિયું જવા દીધું. હવે મારી પાસે બે અઠવાડિયાનો સમય હતો. દરમિયાનમાં ચર્ચાનું કેન્દ્ર તો હું જ રહી. સમીરે તો એના સાયકોલોજીસ્ટ મિત્રોને પણ મારી વાત કરી. એ લોકો મને મળવાને આતુર હતા. મેં થોડા સમય પછી મળવાની વાત કરી. સમીરે તો સ્વપ્ન સાચાં પડવાનાં કેટલાય કિસ્સાઓ વાંચી નાખ્યા. અને હું જાણે કોઈ સુપરપાવર હોઉં એમ અહોભાવથી મને ક્યારેક જોયા કરતો. મને એના ભોળપણ પર હસવું આવતું. ક્યારેક પરિવારને છેતરવાનું દુઃખ પણ થતું. પણ મીરાં માટે આ નાટક ખેલવું જરૂરી હતું. હજુ થોડો જ સમય!

ડાયરીજી, તને યાદ હશે કે પછી મેં સમીર પર ધ્યાન કેન્દ્રિત કર્યું. સમીરના મહત્ત્વના પ્રોજેક્ટ પેપર્સ મેં દીવાનખંડની કેબિનેટમાં છુપાવી દીધાં. આ કેબિનેટમાં પસ્તીનાં છાપાં અને મેગેઝિન પડ્યા રહેતાં. સમીર જયારે શોધખોળ કરવા માંડ્યો અને કબાટના ખાના કે ઓફિસબેગમાં શોધવા છતાં પેપર્સ ન મળ્યાં ત્યારે મેં સલુકાઈથી કહ્યું કે, મને સ્વપ્ન આવેલું કે તમારા પેપર્સ પેલી કેબિનેટમાં છે. અને સ્વાભાવિક રીતે જ પેપર્સ ત્યાંથી મળી આવ્યાં. સમીર વિચારતો રહ્યો કે એના મહત્ત્વનાં પેપર્સ પસ્તીનાં ખાનામાં ક્યાંથી પહોંચ્યા હશે અને મેં ઠાવકાઈથી કહ્યું કે તમે જ ભૂલથી છાપાં વાંચ્યા પછી, છાપાંની સાથે પેપર્સ પણ મૂકી દીધા હશે. અને એ બિચારો માથું ખંજવાળતો ચાલ્યો ગયો. અલબત્ત મારો આભાર માન્યા પછી જ!

માધવનું મર્ડર કરવા આ કરવું જરૂરી હતું!

એ પછી મેં બાજુવાળા લીલાકાકીને આંટીમાં લીધાં. ડાયરી, તને યાદ છે કે એ દિવસે સાંજે મેં લીલાકાકીના પગથિયાં પર તેલ ઢોળ્યું હતું. થોડી જ વારમાં એ ઘરમાંથી બહાર નીકળ્યાં અને તેલ પર પગ પડવાથી લપસી ગયાં. ચીસ પાડી ઊઠ્યાં. એમને મોચ આવી ગઈ પણ ઝાઝી ઈજા નહોતી થઇ. પછી હું દોડી અને કહ્યું કે મને સ્વપ્ન આવેલું કે, તમે સીડી પરથી લપસી ગયાં છો. હું કહેવા આવતી જ હતી કે એટલામાં તમારી રાડ સંભળાણી. અને લીલાકાકી દુખાવા છતાં મારી સચોટ સ્વપ્ન શક્તિની પ્રશંસા કરવા લાગ્યાં. હવે મારાં સ્વપ્નની ચોફેર ચર્ચા થવા લાગી હતી.

માધવનું મર્ડર કરવા આ કરવું જરૂરી હતું !

મહિનો પૂરો થવાની અવધિમાં માંડ ત્રણ દિવસ રહ્યા હતા, ડાયરીજી. મેં યોજનાનો અંતિમ તબક્કો શરૂ કર્યો. સાસુજી અને સસરાજી એક પ્રસંગમાં હાજરી આપવા બહારગામ ગયાં હતાં. મીરાં એક સખીની જન્મદિનની પાર્ટીમાં ગઈ હતી. મેં જ એને પરાણે મોકલી હતી. સમીર ઓફિસના કામે શહેરની બહાર હતો. મોડેથી આવવાનો હતો. આવો મોકો મને ફરી મળે એમ નહોતો. રાતના લગભગ અગિયાર વાગ્યા. મેં અમારા ટેરેસમાંથી માધવને ઈશારો કર્યો અને એના બિલ્ડિંગની છત પર આવવા સંકેત કર્યો. અંધારામાં એ મને ઓળખી ન શક્યો કદાચ. એ તો મીરાં બોલાવે છે એવું જ સમજ્યો હશે. મેં પણ એને ભ્રમમાં જ રહેવા દીધો. પછી ઝડપથી પહોંચી ગઈ એની છત પર. મને જોઇને એ ચોંકી ગયો. પણ એને કશું બોલવાની તક આપ્યા વગર જ મેં એની પાસેથી મોબાઈલ ફોન આંચકી લીધો. મીરાંએ કહેલું કે એણે બધા ફોટા અને વીડિયો મોબાઈલમાં જ રાખ્યા છે. એટલે જ મોબાઈલને પોતાનાથી એક મિનિટ પણ અળગો નથી કરતો. મેં ફોન ઝૂંટવી લીધો એટલે એ મરણિયો બન્યો. પણ એ કાંઈ કરે એ પહેલાં જ મેં મારી પૂરી તાકાત લગાવી અને એની પીઠ મારી તરફ રહે એ રીતે ઊંધો ફેરવીને છત પરથી ધક્કો માર્યો. એ સીધો જ નીચે પટકાયો અને એનું પ્રાણપંખેરું ઊડી ગયું. મેં એક જ મિનિટમાં એના મોબાઈલમાંથી બધા જ ફોટા અને વીડિયો ડિલિટ કરી નાખ્યા અને એનો ફોન પણ નીચે ફેંકી દીધો. પછી ઝટપટ ઘરે આવીને રજાઈ ઓઢીને સૂઈ ગઈ. હજુ સુધી સમીર અને મીરાં ઘરે આવ્યાં નહોતાં. મને હાશકારો થયો. મને કોઈ કરતાં કોઈએ જોઈ નહોતી. મારા ઘરે આવ્યાના દસેક મિનિટમાં એ લોકો આવ્યાં ત્યારે હું ભરઊંઘમાંથી જાગી હોઉં એ રીતે દરવાજો ખોલ્યો.

પછી મેં શું કર્યું ડાયરી, એ ખબર છે? બીજે દિવસે સવારથી જ મેં સ્વપ્નની વાત વહેતી મૂકી દીધી કે, મેં સ્વપ્નમાં કોઈકને ઉપરથી નીચે પડતાં જોયો છે. એની પીઠ મારા તરફ હતી એટલે એનો ચહેરો હું જોઈ શકી નથી. પણ કોઈકે ચોક્કસ આપઘાત કર્યો છે. અને થોડી જ વારમાં રોકકળ સંભળાઈ. માધવની આત્મહત્યાના સમાચાર આવ્યા. એ સાથે જ મીરાંએ મારી સામે સાંકેતિક નજરે જોયું અને આંખોથી જ આભાર માન્યો. મેં પણ માથું સહેજ નમાવ્યું. પોલીસે પણ પૂછપરછ કર્યાં પછી આપઘાતના આ કેસ પર પરદો પાડી દીધો હતો.

કોઈકનો આપઘાત મારા સ્વપ્નમાં આવવાને કારણે હું એકદમ જ હેબતાઈ ગઈ અને મને માનસિક આઘાત લાગ્યાના બહાને હવે પછી મને કોઈ સ્વપ્ન આવવાનું નથી. એની જરૂર પણ નથી. મેં મારી જવાબદારી પૂરી કરી દીધી.આખરે તો હું ગૃહલક્ષ્મી હતી !

એટલે ડાયરીજી, મીરાં તો એમ જ માનતી રહી કે મેં એની જિંદગી બચાવી છે, પણ સાચી વાત તો એ છે કે મેં મારો અને સમીરનો સંસાર બચાવ્યો છે. માધવ પાસે માત્ર મીરાંના નહીં, મારા ફોટા પણ હતા. એ ફોટા પણ એણે વાયરલ કરવાની ધમકી આપી હતી. એટલે હું કંઇક ઉપાય વિચારતી જ હતી, એવામાં મીરાંએ પોતાની વાત કરી. અને મેં ચાલાકીથી આ માર્ગ લીધો.

પણ પ્રિય ડાયરી, મારા આ રહસ્યની કોઈનેય ખબર પડે નહીં એ માટે હવે હું તને સળગાવી દઉં છું. આ દીવાસળી ચાંપી. હવે મારું રહસ્ય પણ તારી સાથે જ રાખ થઇ જશે. ન રહેગા બાંસ, ન બજેગી બાંસુરી ! ■


**આવતા અઠવાડિયે નવી કથા**

---


## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા feedback@bombaysamachar.com

# સ્થાપત્યની સામગ્રીનું નિર્ધારણ...







સ્થાપત્ય માટે રચના શબ્દ વપરાય છે. રચના એટલે જ જે તે પ્રકારની સામગ્રીનું સંગઠન. ઈંટ, સિમેન્ટ, કપચી, પથ્થર, લાકડું, સ્ટીલ, કાચ, પ્લાસ્ટિક, સિરામિક, એલ્યુમિનિયમ - સ્થાપત્યની રચનામાં અનેક પ્રકારની સામગ્રીનો ઉપયોગ થાય છે. દરેક સામગ્રીની એક ઉપયોગિતા છે. આ ઉપયોગિતા માત્ર તકનીકી કારણોને આધારે જ નહીં પરંતુ ભાવનાત્મક અને સામાજિક પરિપ્રેક્ષ્યમાં પણ નિર્ધારિત થતી હોય છે. કેટલીક સામગ્રી મજબૂતી માટે વપરાય તો કેટલીક દેખાવ માટે, કેટલીક સામગ્રી ઉપયોગિતામાં સરળતા રહે તે માટે હોય તો કેટલીક વિગતીકરણ દ્વારા જે તે પ્રકારની દૃશ્ય અનુભૂતિ સ્થાપિત કરવા વપરાય. સંભાવનાઓ વિવિધ પ્રકારની છે.

સામગ્રીના દરેક પ્રકારના ઉપયોગ સાથે એક નિર્ધારિત ઉદ્દેશ્ય હોય, જો સામગ્રીનો ઉપયોગ અસરકારક રીતે થયો હોય તો તે ઉદ્દેશ્ય સિદ્ધ થઈ શકે. સામગ્રીની પસંદગીમાં પ્રાપ્ય સ્થાનિક કૌશલ્ય, પર્યાવરણલક્ષી વિવેક, પરંપરાગત ભાવાત્મક જોડાણ, ખર્ચને અનુલક્ષીને રાખવામાં આવેલ સંયમ, લખાયેલાં તેમજ ન લખાયેલાં સ્થાનિક કાયદાનું અનુકરણ, વ્યક્તિગત પસંદગીને અપાતાં મહત્ત્વની માત્રા, સમાજમાં પ્રવર્તમાન વલણ તથા જરૂરી અનુભૂતિ મહત્ત્વની ભૂમિકા ભજવે. ઘણીવાર સામગ્રીનો ઉપયોગ દેખાદેખીમાં પણ થતો હોય છે.

દરેક સામગ્રીની પોતાની દૃશ્ય અનુભૂતિ હોય. પ્રત્યેક સામગ્રી સાથે માનવીનો ભાવાત્મક સંબંધ હોય, મનોવૈજ્ઞાનિક ભૂમિકા હોય છે તથા સાંસ્કૃતિક અને પરંપરાગત સમીકરણો હોય. કોઈ સામગ્રી નક્કરતાનો ખ્યાલ આપે તો કોઈ નરમાશ દર્શાવે, કોઈ બરછટતા ઊભી કરે તો કોઈ મુલાયમ બની રહે, કોઈ હલકી જણાય તો કોઈ વજન દર્શાવે, કોઈ નક્કર જણાય તો કોઈ સ્વાભાવિક રીતે - હોય નહીં તો પણ પોકળ લાગે, કોઈ કુદરતીપણાનો અહેસાસ કરાવે તો કોઈ સ્વાભાવિક રીતે યાંત્રિક જણાય, કોઈ મૂળ સ્વરૂપમાં પ્રયોજાય તો કોઈક લાંબી પ્રક્રિયા પછી ઉપયોગમાં લેવાય. વિકલ્પો ઘણાં છે અને સંભાવનાઓ પણ ઘણી છે. તેથી જ પસંદગીમાં થોડી સાવચેતી રાખવી પડે.

કેવા પ્રકારનું બાંધકામ હશે, બાંધકામનું પ્રમાણમાપ કયું હશે, મકાનની અંદાજિત કિંમત પર શી અસર પડશે, બાંધકામ થકી કેવાં પ્રકારનો ભાવ સ્થાપિત કરવો છે, મકાનની સાથે કેવા પ્રકારની મનોભૂમિકાની જરૂરિયાત છે - આ બધી બાબતને આધારે બાંધકામની સામગ્રીની પસંદગી થતી હોય. એફિલ ટાવર બનાવવો હોય તો લોખંડ જ જોઈએ અને તાજમહાલ માટે આરસપહાણ કરતાં વધુ યોગ્ય સામગ્રી ન હોઈ શકે. ધરતીકંપ વાળા પ્રાચીન કચ્છમાં માટીનાં ભૂંગા સ્વાભાવિક હોય જ્યારે જેસલમેર જેવાં સ્થાને ગરમીથી રક્ષણ મેળવવા પથ્થરની જાડી દીવાલોનો યોગ્ય ગણાય. અમુક સામગ્રી માળખું મજબૂત બનાવવા માટે જરૂરી બને, તો અમુક સામગ્રીના વિગતિકરણથી અલંકૃતતા ઉભી શકે અને એક પ્રકારનું સૌંદર્ય સ્થાપિત થાય. ભવ્યતા સ્થાપિત કરવા પથ્થર જેવી સામગ્રી વધુ ઉપયોગી જણાય તો ઇજનેરી ક્ષમતા દર્શાવવા લોખંડનો ઉપયોગ વધુ થતો હોય છે. પારદર્શિતા સ્થાપવા માટે કાચ ઉપયોગી છે તો માનવીય સંવેદનાઓને સાચવવા માટીનો ઉપયોગ થતો જોવાં મળે છે. એ સમજી લેવું જરૂરી છે કે રેતીનો કિલ્લો ન બનાવાય. કાચના મકાન માટે પણ પ્રશ્નો તો છે જ.

જુદી જુદી સામગ્રી જુદા જુદા પ્રકારનાં આકાર આપી શકે. માટીમાંથી જે દળદાર આકાર શક્ય છે તે લોખંડના ઉપયોગ થકી શક્ય ન બને. કોન્ક્રીટના આકારના નિર્ધારણમાં જે સ્વતંત્રતા મળે તે પથ્થરના ઉપયોગથી પ્રાપ્ત ન થાય. કાચની બારીથી જે અનુભૂતિ મળે તે લાકડાના પાટીયાવાળી બારીમાં સ્થાપિત ન થઈ શકે. લાકડાની માળખાકીય રચનામાં માપની જે મર્યાદા હોય તે મર્યાદા લોખંડના ઉપયોગથી દૂર કરી શકાય. ઘણીવાર એમ બની શકે કે કોઈ એક સામગ્રી જે તે કાર્ય કરવા સક્ષમ ન હોય, તેવાં સંજોગોમાં જુદી જુદી સામગ્રીને એકત્રિત કરી સ્થાપત્યના વિવિધ અંગોનું નિર્માણ થતું હોય છે. કોન્ક્રીટની જ વાત કરીએ તો, મૂળમાં સાદું કોન્ક્રીટ તાણ પ્રકારનું બળ લેવા સક્ષમ નથી. તેથી તેમાં સળિયા મૂકવામાં આવે છે. સળિયાથી મકાનના જે તે અંગ પર તાણ લાગુ પડે તેનો નિવેડો આવી જાય અને બાકીની સામગ્રી દબાણ ઝીલવા માટે અસરકારક રહે.



અમુક સામગ્રીથી પરંપરા તથા સંસ્કૃતિની છાપ સરળતાથી ઊભરી શકે તો અમુક સામગ્રી આધુનિકતાનો ભાવ જાગૃત કરે. કેટલીક સામગ્રી ભૂતકાળ - ઇતિહાસ તરફ લઈ જાય તો કેટલીક ભવિષ્ય તરફ ડગલા માંડતી હોય તેમ જણાય. કોઈ સામગ્રી જકડી રાખવા વધુ સક્ષમ હોય તેમ જણાય તો અન્ય કોઈ સામગ્રીને જકડી રાખીને સાચવવી પણ પડે. અમુક સામગ્રી માટે પરંપરાગત લગાવ હોઈ શકે તો અમુક આધુનિકતાની વિચારસરણીની સ્થાપના માટે જરૂરી રહે. ક્યારેક સામગ્રીની પસંદગીમાં વ્યક્તિગત ચાહનાની ભૂમિકા મહત્ત્વની હોય તો અમુક સમયે પ્રચલિત વલણ મહત્ત્વનું બની રહે છે. કાયદાની દૃષ્ટિએ પણ અમુક સામગ્રી સ્વીકૃત કે અસ્વીકૃત હોય. સ્થાપત્યમાં કેટલીક સામગ્રી એવી પણ હોય છે કે જે નજરે જ ન ચડે. તેવા પ્રકારની સામગ્રીની પસંદગી માત્ર ઉપયોગિતાની દૃષ્ટિએ થતી હોય છે. એક વિચારધારા પ્રમાણે આજુબાજુની પરિસ્થિતિને અનુરૂપ પણ સામગ્રીનું ચયન થવું જોઈએ, પણ સાંપ્રત સમયમાં આ વાતનો ઘણો વિરોધ થઈ રહ્યો છે. ઇતિહાસ સાક્ષી છે કે અમુક સામગ્રીનો સામગ્રીના અમુક પ્રકારના ઉપયોગ થકી સ્થાપત્યની સીમા વિસ્તરી છે.

માળખું મજબૂતાઈથી ઊભું રહેવું જોઈએ, મજબૂતાઈ માટે ચોક્કસ સમયગાળો પણ નિર્ધારીત થયેલો હોવો જોઈએ, મકાનની આંતરિક સપાટીઓમાં સ્વચ્છતા અને રખરખાવ માટે સરળતા હોવી જોઈએ, કોઈપણ પ્રકારની જોખમી પરિસ્થિતિ ઊભી ન થાય તેની કાળજી રખાયેલી હોવી જોઈએ, તકનીકી જાણકારી તથા તકનીકી કૌશલ્ય પ્રાપ્ય હોવું જોઈએ વળી સામગ્રીની પસંદગીમાં ક્યાંક કલાત્મકતા પણ હોવી જોઈએ. સામગ્રીની પસંદગી અને તેનો ઉપયોગ એ રીતે હોવો જોઈએ કે તે દૃશ્ય અનુભૂતિને પકડી રાખે. સામગ્રીની પસંદગી સ્થાપત્યની શૈલીની અનુસારની હોય તે પણ જરૂરી છે. સ્થાપત્યની જે તે શૈલી માટે જો ચોક્કસ પ્રકારની સામગ્રીનો ઉપયોગ શાસ્ત્રીય રીતે થાય તો પરિણામ વધુ સારું આવી શકે. કોઈ એક કામ માટે એક કરતાં વધારે વૈકલ્પિક સામગ્રી હોઈ શકે. તે વખતે પસંદગી માટે વધુ સંવેદનશીલ અને વધુ રચનાત્મક હોવું જરૂરી બને. જ્યારે મકાન વિશાળ લાગે, સરળ જણાય, વિસ્મય સ્થાપિત થાય, સ્વીકૃત કે અસ્વીકૃત લાગે, ત્યારે તે પ્રકારની અનુભૂતિમાં સામગ્રીનો પણ ફાળો હોય જ. આમ તો દરેક સામગ્રી દ્વારા સ્વપ્ન સાકાર થઈ શકે, છતાં પણ સ્વપ્ન, સામગ્રી અને રચનાના પ્રકાર વિશે જો સુ-સંવાદિતતા હોય તો સારું રહે. ■

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. પંતનગર, 4 બેડરૂમ, હોલ, કિચન, 1200' કારપેટ, ફર્નીશ્ડ, પાર્કિંગ સાથે. વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૧૬૬-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. M. G. રોડ, પૂજા હોટલ પાસે, 2 બેડરૂમ, હોલ, કિચન, 750' કારપેટ, ગ્રાઉન્ડ ફ્લોર, વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૧૬૬-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. પોપ્યુલર હોટલ પાસે, 2/3 બેડરૂમ, ફલેટો, સરફેસ પાર્કિંગ, એમેનીટીઝ સાથે, કબજો સપ્ટેમ્બર 2027. વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૧૬૬-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**ભાડેથી. વલ્લભબાગ એક્ષટેનશન, 2 બેડરૂમ, હોલ, કિચન, 700'+કારપેટ, હાયર ફ્લોર, પાર્કિંગ સાથે. વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૧૬૬-એ)**

**દેવલાલી**
**વેચાણથી. 2 બેડરૂમનાં જૂજ ફલેટો, ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર, મહારેરા રજીસ્ટર પ્રોજેક્ટ, પઝેશન ફક્ત 3 મહિનામાં. સોલ એજન્ટ: પરેશ રાયચંદ ધરમસી - 9930803959, 9930106054. (દલાલભાઈ/બહેન આવકાર્ય). (૧૧૬૬-ડી)**

**દેવલાલી**
**ખેતીની જમીન વેચાણથી, 60 ગુન્ટા, છીન્નર ગોટી તથા સમૃદ્ધિ હાઈવે નજીક. પરેશ - 9930803959, 9930106054. (૧૧૬૬-ડી)**

**દેવલાલી**
**વેચાણથી, 2 બેડરૂમની જોડી, 2250' કારપેટ, નવા મોર્ડન એમેનીટીઝવાળા બિલ્ડીંગમાં, રેડી. પરેશ - 9930803959, 9930106054. (૧૧૬૬-એફ)**

**OUTRIGHT SALE IN SOUTH MUMBAI**
4 BHK + 2 Parking at Nana Chowk. / 4 BHK + 2 Parking at Gamdevi. / 3 BHK + Garage at Marine Drive. / 4 BHK + 3 Parking at Hughes Road. / 3 BHK + 1 Parking Nepean Sea Road. / 3 BHK + 1 Parking Shyam Niwas, Breach Candy. / 3 BHK + 1 Parking at Saat Raasta. / 3 BHK + 2 Parking Parel. / 2 BHK + 1 Parking Near Malabar Hill Club. / 2 BHK + 1 Parking at Kemps Corner. / 2 BHK + 1 Parking at Breach Candy. / 2 BHK + 1 Garage + 1 Parking at Pedder Road / 2B + 1 Parking, Lodha Park Parel. For More Information Contact Thakkar Reality Rajesh Thakkar 98201 57738. (B-17697)

**BREACH CANDY, PEDDAR ROAD**
1 & 2 BHK on Ownership / Lease Seafacing Throw away price must Sell Today Many More New Proposal Brokers Welcome. For details Contact 9987310819 / 02231487278. (1138-A)

**MULUND WEST**
2 BHK 39 Floor 746 sqft @ 2.06 Cr. Jain Mandir with attractive Payment Plan 30:40:30 (0% Brokerage) 9167723483 / 9869070123. (1128/A)

**MALAD (WEST)**
Ramchandra Lane 2 BHK - 465' sqft carpet, 5th Floor, for Sale, Prime Location. Contact - 9820062554. (JP/4565-A)

**JUHU - GULMOHAR**
**3 BHK - 1240/ 1458/ 1537/ 1626 Carpet Area Exclusive Ready Possession with OC and All Amenities - 50 K to 60 K psf Negotiable Prices Mihir - 7021919015. (1090-E)**

**PARSI-COLONY, DADAR**
Near 5 Gardens, 3 BHK with Balconies on Lease, Garden Facing, Higher Floor, Covered Car Parking, Immediate Possession. Nikita : 98211 06163. (1158-A)

**SOUTH MUMBAI**
(1) Hindu Colony, Som Niwas, New Tower, 2.5 Bedroom, Higher, 850 Carpet + Parking, 4.11 Cr Negotiable. (2) Matunga, Jame Jamshed Road, New Tower, Amrut Smruti, 3 Bedroom / Bathroom, 1070 Carpet, 2 Parking, Furnished, 5.40 Cr (3) Dadar TT, Sugee Preksha, 3 Bedroom, Furnished, New Tower, 940 Carpet + Parking 4.25 Cr (4) Matunga, Aambedkar Road, Ganesh Mahal 3 Bedroom 1100 Carpet, 4.11 Cr + Parking (5) Wadala Near SIWS Collage, above 15th Floor, Johan Bill, 3 Bedroom 1400 Carpet, 2 Parking Rent 2.25 Lac Only Veg. Rajesh Shah 9892387267 / 9892495974. (1167-A)

## ૧૭. જગ્યા આપવી છે

**REQUIRED**
3 BHK in Marquis / Trump in Lodhapark at Market Rate Genuine Buyer Stays in Lodha Park. Only Genuine Seller Contact SFRC Sharadha 9920655056 / Ashok 9821036552. (1167-C)

## ૧૮. જગ્યા જોઈએ છે

**જોઈએ છે**
4000' / 5500' 3/4/5 બેડ જોડી Seaview વાસ્તુ મુજબ એરિયા કોઈ પણ ચાલે સાઉથ મુંબઈ જૂહુ વર્સોવા બેન્ડ સ્ટેન્ડ લીવ લાયસન્સ જૈન પાર્ટી અરજન્ટ વેલકમ બજેટ 10 થી 15 લાખ જય જિનેન્દ્ર લક્ષ્મીચંદ સંગોઈ 9223222537. (બી-૧૭૭૦૩)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**દહિસર (ઈસ્ટ)**
**2000'- 8000' ઈન્ડસ્ટ્રીયલ ગાળા, ભાડેથી આપવાના. (ગોલ્ડ જ્વેલરી, ગોડાઉન માટે શ્રેષ્ઠ). 9324972866/ 9167172986. (૧૧૬૩-સી)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
રૂષભ ઉપાધ્યાય 9049625073
હિતેષ ઉપાધ્યાય 9326470109
(એસડીબી-૩૨૬૫)

**વસઈ - કામણ**
**2000' - 40,000' શેડ - ફેક્ટરી - વેરહાઉસ - ભાડેથી મળશે. 9324972866/ 9167172986. (૧૧૬૩-બી)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**બુમરેંગ**
**ચાંદીવલી, અંધેરી (ઈસ્ટ) 3100, 3856 બિલ્ટઅપ, ફૂલી ફર્નિશ્ડ ઓફિસ, (ભાડે: 100/-, વેચાણમાં: 18,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૧૩૩/સી)**

**બુમરેંગ**
**ચાંદીવલી, અંધેરી (ઈસ્ટ) 4729 બિલ્ટઅપ, ફૂલી ફર્નિશ્ડ ઓફિસ, (ભાડે: 100/-, વેચાણમાં: 18,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૧૩૩/ ડી)**

**READY POSSESSION PRE-LEASE 5400 SQ. FT. COMMERCIAL PREMISES ON 1ST FLOOR FOR OUTRIGHT SALE**



**YASHWANT HEIGHTS**
OPP RAILWAY STATION TICKET WINDOW
**DAHISAR (WEST)**
5400' sq ft, With Separate Entrance Staircase & Lift
Contact Site : 9930573939 9930669211 9152138831
(B-17628)

**માનસ રેસીડેન્સી**
**તીન હાત પેટ્રોલ પંપ થાણે વેસ્ટમાં 2800 કાર્પેટ ઓફિસ (ભાડે: 150/-, વેચાણમાં: 40,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૧૩૩/ઈ)**

**પ્રથમેશ સ્ટાર**
**ન્યૂ એમ.એચ.બી., બોરીવલી (વેસ્ટ) 1500 કાર્પેટ ઓફિસ (ભાડે: 200/-, વેચાણમાં: 40,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૧૩૩/ એફ)**

**પ્રથમેશ સ્ટાર**
**ન્યૂ એમ.એચ.બી., બોરીવલી (વેસ્ટ) 1000 કાર્પેટ ઓફિસ (ભાડે: 200/-, વેચાણમાં: 40,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૧૩૩/ જી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

■ L&L પર 600 થી 800 કાર્પેટ, સેલ્ફ કન્ટેન્ડ, પાર્કિંગ અને લિફ્ટની સુવિધા સાથે. ઓપેરા હાઉસ, સુખ સાગર, ગામદેવી, ચોપાટી, હ્યુજીસ રોડ, નેપિયન્સી રોડ, બ્રીચ કેન્ડી, કેમ્પ્સ કોર્નર, મરીન ડ્રાઈવ જેવા વિસ્તારમાં શક્ય હોય તો ગ્રાઉન્ડ ફ્લોર સંપર્ક રાજેશ ઠક્કર 9820157738. (બી-૧૭૬૯૮)

**મલાડ (વેસ્ટ)**
**BJ પટેલ રોડ ગ્રાઉન્ડ ફ્લોર 1200' + 680' લોફ્ટ + 680' બેઝમેન્ટ ટોટલ 2560' કાર્પેટ દુકાન વેચવાની છે.- 9820054730, 9920041841. (એસડીબી-૩૨૮૫)**

**પ્રાર્થનાસમાજ**
૧૬૦ ફીટ (ગ્રાઉન્ડ ફ્લોર) (ઓનરશીપ) ઓફિસ/ ડોક્ટર (પાર્કિંગ) (પાણીની લાઈન) ૭૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૪૮)

## ૨૦. ધંધાદારી જગ્યા

**કાંદિવલી (વેસ્ટ)**
ઈરાનીવાડી રોડ નં. 4, કોમર્શિયલ બિલ્ડીંગ, પહેલે માળે, 240 કાર્પેટ ઓફિસ વેચવી છે. માલિક: 9869431837, 9821093585. (બી-૧૭૭૨૦)

**PRELEASED જોઈએ**
**ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા BANK, BRANDS, CORPORATE OFFICE, RESTAURANT માટે સંપૂર્ણ મુંબઈમાં વેચાણથી જોઈએ છે. સોદાની ખાત્રી. (બજેટ 2 કરોડથી 50 કરોડ) 7666644727. (૧૧૬૪-જી)**

**બોરીવલી (વેસ્ટ)**
**યોગી નગર અને એક્સર રોડના જંક્શને જુના ભાડાની 250' કારપેટ (ટ્રાન્સફર સાથે 70,00,000/-). 7666644727. (૧૧૬૪-એચ)**

**કાંદિવલી (વેસ્ટ)**
SV રોડ, 400' કોર્નર શોપ વેચાણથી/ ભાડેથી. 9324614243. (૧૧૬૧-સી)

**કાંદિવલી (વેસ્ટ)**
**મહાવીરનગર, રોડ સાઈડ શોપ, 625' કારપેટ, દરેક રીટેલ અને હોલસેલ ધંધા લાયક, [1,50,000/- ભાડેથી] તેમજ [4.50 કરોડ વેચાણથી] આપવાની. ''આશર એસ્ટેટ:- 9820010600. (૧૧૬૪-ડી)**

**બોરીવલી વેસ્ટમાં**
રાયચુરા સર્કલ - મેઈન ચંદાવરકર રોડ - 500 (ગ્રાઉન્ડ), 1200 (પહેલો માળ) - કોઈપણ રીટેલ ધંધા / કોમર્શીયલ ઓફીસ માટે ભાડે થી આપવાની છે. Owner 9820129398. (૧૧૬૭-બી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**ભાડેથી. પંતનગર, શુભમ એવન્યુ, 225' કારપેટ, સેલ્ફકન્ટેઈન ઓફિસ, હાયર ફ્લોર, પાર્કિંગ સાથે. વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૧૬૫-એ)**

160' CARPET + 150' LOAFT Ground Floor for Rent Near Imperial Cinema, Lamington Road, Best for Auto Parts / Electronics / Courier Service 9821782861. (B-17672)

**CHEMBUR'S GRAND NEW BUSINESS**
**Destination Modern Commercial Office Spaces. Strategic Location. Excellent Investments Potential. Never Before Opportunity. Visit Today for Exclusive Launch Offers. 9702396969 & 9769609660. (1139-A)**

**JUHU/ VILEPARLE/ ANDHERI**
**Exclusive Commercial, High End Glass Facade Bldg. with Ramp and Terrace Garden Choice of Over 10 RERA Registered Projects Offices 500 to 8000 Sqft, Retail Showroom 5000 To 20000 Sqft Mihir 7021919014. (1089-E)**

**COMMERCIAL PREMISES**
Borivali to Malad. Buy, Sell, Rent in Prime Locations. "Hardik" 9819381681. (JP/ 4560-B)

**CHURCHGATE**
One Offices for Sale Carpet 230. Rate 1.23 Cr Final Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsapp 70218 31500. (B-17711)

**GHATKOPAR (EAST)**
Offices Available for Doctor, Dentist, Lawyers, CA, Architects, MNC, IT, Freelancer, Co Working, Professional Consultation Firm, Banks, Mutual Fund, Share Market, New Start Up in Newly Under Construction 16 Storied Tower, Possession Soon. M. G. Road. 9757252097 / 9769345176. (1161-B)

**GROUND FLOOR UNIT**
For Lease Rent at Kanch Pada, Malad West, for Electric Vehical Showroom Service Centre. Contact: 9821177235. (SDB-3337)

**UNIQUE INDUSTRIAL ESTATE**
Twin Tower Lane Prabhadevi. Office Vastu Complient 300 Sqft Ready Possession. Asking 70 K +6 Month Deposit. Ashok 9821036552. (1167-D)

## ૨૧. હોટલ

**THE KINARA VILLAGE LONAVALA**



DELICIOUS FOOD | HERITAGE AMBIENCE
HERITAGE ROOMS AVAILABLE
Add. : Old Mumbai - Pune Highway, Vaksai Naka, Varsoli, Lonavala - 410401
Call : 9859639639
www.thekinaravillage.com
(B-17699)

## ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા, લગ્નગીત,**
**સંગીત સંધ્યા, સાંજી, અધિકમાસ ભજન, ANNIVERSARY. મનસુખભાઈ: 9326801860. (૧૧૨૯/એ)**

**પ્રાર્થના - બજેટ મુજબ**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયા:- 9820889938. (૧૧૬૨-સી)

## ૩૧. નાણાંકીય

**''શેર સંબંધી''**
તમારા ખોવાઈ ગયેલાં 'શેર' અમે 'ફ્રીમાં' ગોતી આપશું. (IEPF, ડુપ્લિકેટ, ટ્રાન્સમીશનની સર્વિસ આપશું...) "Investment House" - 9619315362, 8291225710. (બી-૧૭૬૪૮)

## ૩૨. જમીન - મિલકત

**ટિટવાલા (ઈસ્ટ)**
**વેચાણથી, 400 - 800 સ્કવેર યાર્ડ પ્લોટ સંપર્ક:- 9323650893/ 9222710284. (૧૧૦૩-એ)**

**વસઈ હાઈવે**
**20,000' - 1,00,000 ઓપન પ્લોટ - RMC પ્લાન્ટ, પાર્કિંગ માટે ભાડેથી આપવાનો. 9324972866/ 9167172986. (૧૧૬૩-ડી)**

**પ્લોટ વેચાણથી**
**પંચગીની મહાબળેશ્વર રોડ, ગામ ભોસેમાં, વિંડસર પાર્ક, ગાર્ડનની સામે 5550 ફૂટનો NA PLOT (ભરણી - દિવાલ બાંધેલી) વેચાણથી આપવાનો. 9322828272. (૧૧૬૪-બી)**

**PLOTS REQUIRED**
**Budget 100-500 Cr for A+ Category Developer Minimum 2500 Sqr Mtr Prime Location within Bandra to Borivali and South Mumbai Only Mihir 7021919014. (1089-F)**

## ૩૩. ધંધાદારી

**પાણીની ટાંકીઓ**
મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ. યોગી એન્ટરપ્રાઈઝ:- 9820776583/ 9892298963. (૧૦૬૦-એ)

**ગીફ્ટ ડીડ**
**રીલીઝ ડીડ**
**સેલ ડીડ**
**વસીયત**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૭૭૦૪)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**ગુરુ**
કર્ક રાશિમાં ઉચ્ચનો ઓક્ટોબર સુધી આપનું ફળાદેશ જાણવા યંત્ર મેળવવા જ્યોતિષ શીખવા નીલા જેમ્સ ૯૮૬૯૪૧૬૪૮૧. (બી-૧૭૭૧૮)

**ગુરુજી**
(ફી પછી) લોકો દૂર દૂરથી દરેક કામ અર્જન્ટ કરાવે. તૂટેલા પ્રેમીનું મિલન, છુટાછેડા, શત્રુનાશ, સ્પેશિયાલિસ્ટ. 7069168345. (બી-૧૭૬૭૫)

**સચોટ જ્યોતિષ**
**જન્મતારીખ સમય વોટ્સએપ કરો. લગ્નયોગ ક્યારે ભાગ્યોદય ક્યારે ફી લેવામાં આવતી જ નથી, વાતો ન કરો. રિઝલ્ટ માગો. 7304586200. (૧૧૩૬-એ)**

**શ્રીજી જ્યોતિષ**
અશક્યને શક્ય કરનાર સચોટ નિવારણ, જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમી મિલન, (લવ પ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૭૬૭૮)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ચોમાસામાં આજેજ બોલાવો રાજશ્રી પેસ્ટ કન્ટ્રોલ**
(જુનું અને જાણીતું વિશ્વસનીય નામ)
અમારુ ઈન્જેક્સન પ્રોસેસથી સત્વરે ઉધઈનું નિયંત્રણ કરાવે છે.
વાંદા તેમજ માંકડ માટે સ્પ્રે ટ્રીટમેન્ટ.



ફોર્ટ 9869336650 / 9969871385 22626396 / 22622348
(બી-૧૭૬૮૯)

**PREMIUM**
૧૯૮૩થી વિશ્વાસુ - વાંદા, ઊધઈ, ઉંદરનો ઉપાય. Pestiguard - 8169473531 / 9898637635. (બી-૧૭૬૬૯)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' : ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૧૪૨-સી)

# હોર્મુઝ સ્ટ્રેઈટમાં યુદ્ધ-અંતના અણસાર સાથે શૅરબજારમાં જબ્બર તેજી, નિફ્ટી ૨૩,૬૦૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા દ્વારા ઇરાન યુદ્ધની સમાપ્તી અને તેને પરિણામે ક્રૂડ ઓઇલના ભાવમાં આવેલા મોટા ઘટાડા સાથે રૂપિયાના મૂલ્યમાં ડોલર સામેના સુધારા અને ગ્લોબલ ઇક્વિટી માર્કેટમાં તેજીના પ્રવાહ વચ્ચે સ્થાનિક બજારમાં સેન્સેક્સે શુક્રવારે જોરદાર ઉછાળા સાથે ૧૬૫૦ પોઇન્ટની છલાંગ લગાવી હતી અને નિફ્ટી ૨૩,૬૦૦ની ઉપર પહોંચ્યો હતો. સેન્સેક્સ સત્ર દરમિયાન, ૭૫,૬૦૮.૦૨ની ઇન્ટ્રાડે ઉચ્ચતમ સપાટીને સ્પર્શ્યા બાદ ૧,૬૯૫.૪૧ પોઇન્ટ અથવા ૨.૩૦ ટકા વધીને ૭૫,૫૨૭.૯૫ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી સત્ર દરમિયાન ૨૩,૬૪૫.૩૫ની ઊંચી સપાટીને અથડાઇને અંતે ૪૬૧.૩૦ પોઇન્ટ અથવા ૧.૯૯ ટકા વધીને ૨૩,૬૨૨.૯૦ પર બંધ થયો હતો.

સેન્સેક્સના શેરોમાં બજાજ ફાઇનાન્સ, લાર્સન એન્ડ ટૂબ્રો, ઇન્ટરગ્લોબવ એવિએશન, ટાઇટન, ઇટર્નલ અને એચડીએફસી ટોપ ગેઇનર, જ્યારે માત્ર ટેક મહિન્દ્રા અને પાવર ગ્રીડ જ નેગેટીવ ઝોનમાં સરક્યા હતા. નિફ્ટીના ઘટકોમાં, શ્રીરામ ફાઇનાન્સ, લાર્સન એન્ડ ટૂબ્રો, ઇન્ટરગ્લોબ એવિએશન, બજાજ ફાઇનાન્સ અને ટાઇટન કંપની ટોચના ગેઇનર્સ રહ્યા હતા. બીજી તરફ, નેસ્લે ઇન્ડિયા, ઓએનજીસી, ટેક મહિન્દ્રા, ટાટા કન્ઝ્યુમર અને એસબીઆઇ લાઇફ ઇન્શ્યોરન્સ ટોચના લુઝર્સ રહ્યા હતા.

પ્રાઇમરી માર્કેટમાં પ્રિસિઝન હાર્ડવેર સ્ટ્રક્ચર્સ અને એક્સેસરીઝની ઉત્પાદક લિયોટેક ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ ૧૭ જૂન, ૨૦૨૬ના રોજ પ્રારંભિક જાહેર ઓફર લાવી રહી છે. આઇપીઓ પ્રાઇસ પ્રતિ શેર રૂ. ૩૨૧ અને લોટ સાઈઝ ૪૦૦ ઈક્વિટી શેર છે. ભંડોળનો ઉપયોગ મશીનરી ખરીદવા, લોનની ચુકવણી, કાર્યકારી મૂડીની જરૂરિયાત અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે થશે. આ ઇશ્યૂ ૧૯ જૂન, ૨૦૨૬ના રોજ બંધ થશે. હેક્સાગોન ન્યુટ્રિશનના શેર તેના રૂ. ૪૫ના ઇશ્યુ ભાવ સામે ૬.૬૬ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૪૮ના ભાવે લિસ્ટેડ થઇ રૂ. ૫૦.૩૯ સુધી ઊછળ્યો હતો.

ટીસીએસએ કોલકાતા ખાતે દેશની પ્રથમ ઓરેકલ એઆઇ પ્લેટફોર્મ લેબ અને સેન્ટર ઓફ એક્સલન્સ લોન્ચ કર્યુ છે. તાઇવાનની ટેકનોલોજી જાયન્ટ એસુસ ઇન્ડિયાએ આફટર સેલ્સ સર્વિસ નેટવર્કને મજબૂત બનાવવા મુંબઈમાં એક નવું એસુસ એક્સક્લુઝિવ સર્વિસ સેન્ટર લોન્ચ કર્યુ છે, જેમાં કન્ઝ્યુમર લેપટોપ, રિપબ્લિક ઓફ ગેમર્સ હેઠળ ગેમિંગ લેપટોપ અને ટીયુએફ ગેમિંગ પોર્ટફોલિયો, ઓલ-ઇન-વન પીસી, ડેસ્કટોપ અને એસેસરીઝનો સમાવેશ થાય છે. અમેરિકાની ટ્રાઇફેક્ટાએ ગિફ્ટ સિટીના એક્સચેન્જમાં લિસ્ટિંગ મેળવવા ઇન્ટરનેશનલ ફાઇનાન્શિઅલ સર્વિસીસ સેન્ટર ઓથોરિટી પાસે આઇપીઓના પેપર્સ ફાઇલ કરાવ્યા છે. ન્યુ એસ્યા સેન્ટરના અભ્યાસમાં એવું જોખમ જાહેર કરાયું છે કે સબ્સક્રિપ્શન આધારિત રાઇડ પ્લોટફોર્મ પર જીએસટી લાગુ કરવું કાનૂની રીતે મુશ્કેલીભર્યુ અને અમલમાં મૂકવું અવ્યવહારુ છે. ■

# વૈશ્વિક સોનામાં વધ્યા મથાળેથી ટકેલું વલણ

## છતાં સ્થાનિક સોનામાં ₹ ૩૦૧૮નો ચમકારો, ચાંદીમાં ₹ ૯૯૯૧ની તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થઈ જવાના આશાવાદ સાથે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં પીછેહઠ અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે સોનામાં ભાવઘટાડો અટક્યો હતો અને ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીમાં વધ્યા મથાળેથી ધીમો ઘટાડો આવ્યો હતો. જોકે, ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ઝવેરી બજારમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૯૯૯૧ની તેજી આવી હતી અને સોનામાં રૂ. ૩૦૧૬થી ૩૦૧૮નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૯૯૯૧ની તેજી સાથે રૂ. ૨,૪૨,૫૮૨ના મથાળે રહ્યા હતા. વધુમાં ગઈકાલે વિશ્વ બજારમાં સોનાના ભાવ પુનઃ ઔંસદીઠ ૪૨૦૦ ડૉલરની સપાટી પાર કરી ગયા હોવાથી આજે સ્થાનિકમાં વેરારરહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૦૦૬ વધીને રૂ. ૧,૪૭,૨૦૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૦૧૮ વધીને રૂ. ૧,૪૭,૮૦૦ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૪૨૦૭.૩૦ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા અને વાયદામાં ભાવ ૨.૮ ટકાના ઉછાળા સાથે ૪૨૨૭.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ વધ્યા મથાળેથી ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૬૬.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના નિવેદનને ધ્યાનમાં લેતા આજે સોનાના ભાવમાં મક્કમ વલણ જોવા મળ્યું હતું. ■

## ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ સોલ્યુશન**
બિલ્ડિંગ, ટેરેસ, સાઈડ વોલ, ક્રેક ફિલિંગ તેમજ રીપેરીંગ અને પેઈન્ટીંગ : 9892901140, 9987694771. (૧૧૨૪-બી)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૬૬૧)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**પશ્ચિમ રેલવે અમદાવાદ**
**આઈસીડી જાળવણી સુવિધાઓના નિર્માણ માટે ઈ-ટેન્ડર**
**ઈ-ટેન્ડર સૂચના નં.: DYCE-C-JAM-RANAVAV-01**
ઉપ મુખ્ય ઇજનેર (કન્સ્ટ્રક્શન), પશ્ચિમ રેલવે, જામનગર, ભારત સંઘના રાષ્ટ્રપતિ વતી નીચે દર્શાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **1. કામનું નામ અને સ્થળ:** પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ હેઠળ રાણાવાવ ખાતે વંદે ભારત ટ્રેનો સહિત આઈસીડી જાળવણી સુવિધાઓનું નિર્માણ. **2. કામની અંદાજિત કિંમત:** ₹119,94,06,297.04 (રૂપિયા એકસો ઓગણીસ કરોડ ચોરાણું લાખ છ હજાર બેસો સત્તાણું અને ચાર પૈસા માત્ર) **3. કામ પૂર્ણ કરવાની અવધિ:** 15 મહિના **4. બિડ સુરક્ષા રકમ:** ₹2,39,88,100.00 **5. બિડ રજૂ કરવાની અને ખોલવાની તારીખ તથા સમય: બિડ રજૂ કરવાની છેલ્લી તારીખ:** 03.07.2026 ના રોજ 15:00 કલાક સુધી **બિડ ખોલવાની તારીખ અને સમય:** 03.07.2026 ના રોજ 15:15 કલાકે **6. વેબસાઇટ તથા કચેરીનું સરનામું, જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો ઉપલબ્ધ છે: વેબસાઇટ: www.ireps.gov.in કાર્યાલય:** ઉપ મુખ્ય એમ્જીનીયર (કન્સ્ટ્રક્શન), જામનગર, પશ્ચિમ રેલવે, SSE/WORKS/HAPA કાર્યાલય પાછળ, હાપા રેલવે સ્ટેશન નજીક, હાપા, ગુજરાત – 361120 **CPM 014**
અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**
**વિવિધ એન્જિનિયરીંગ કર્યો**
**ઈ-ટેન્ડર સૂચના સં. 07 વર્ષ 2026-27 તારીખ 11/06/2026**

| ક્ર. સં | ઈ - ટેન્ડર નં અને કામનું નામ | | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | અર્નેસ્ટ મની (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2025-26-E-83R | રાજકોટ મંડળ: | 2235089.06 | 44700.00 |
| | ડેપો (રાજકોટ, વાંકાનેર, મોરબી, સુરેન્દ્રનગર, હાપા, ખંભાળિયા અને દ્વારકા) ખાતે દ્વિચક્રી વાહન પાર્કિંગ સ્ટેન્ડની સુવિધા ઉપલબ્ધ કરાવવાની કામગીરી. | | | |
| 2 | DRM-RJT-2026-27-E-14 | વિભાગીય ઇજનેર | 9023248.46 | 180500.00 |
| | (પશ્ચિમ), રાજકોટના અધિકાર ક્ષેત્ર હેઠળ ટિમ્બલ ગેડો વોર્સિસ ટ્રોલી સિસ્ટમ દ્વારા ટેમ્પિંગ પહેલાં અને પછી ટ્રેક માપણી સર્વેક્ષણ કરવાનો પ્રસ્તાવ. | | | |
| 3 | DRM-RJT-2026-27-E-15 | રાજકોટ મંડળ : | 74974029.82 | 1499500.00 |
| | (I) જામનગર-લાખાબાવળ વિભાગ વચ્ચે આવેલા બ્રિજ નં.379 (1×12.20 મી.) ખાતે સ્ટીલ ગર્ડરના સ્થાને પી.એસ.સી. સ્લેબની વ્યવસ્થા.(ii) લાખાબાવળ-પીપળી વિભાગ વચ્ચે આવેલા બ્રિજ નં. 390 (1×12.20 મી.) ખાતે સ્ટીલ ગર્ડરના સ્થાને પી.એસ.સી. સ્લેબની વ્યવસ્થા.(iii) લીલાપુર રોડ – કેસરીયા રોડ વિભાગ વચ્ચે આવેલા બ્રિજ નં.22 ડાઉન (2×11.89 મી.) ખાતે સ્ટીલ ગર્ડરના સ્થાને પી.એસ.સી. સ્લેબની વ્યવસ્થા. | | | |

**ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 03.07. 2026 ના ૧૫.૦૦ કલાક **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિ.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ ગુજરાત-૩૬૦૦૦૧
**વેબસાઇટ વિગતો: www.ireps.gov.in** RJT 054
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**PUBLIC NOTICE**
IN THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD
**R/FIRST APPEAL NO. 3191 OF 2025**

**Fixed on 29/06/2026**
District: AHMEDABAD
Mr. Yuvraj G. Thakore
Learned Advocate for the Appellant(s)
Appellant(s) RAMDEV FOOD PRODUCTS PRIVATE LIMITED
Versus
Defendant(s) R.P.C. MARKETING AGENCY AND ANR.

To,
**1. R.P.C. MARKETING AGENCY, THROUGH ITS PROPRIETOR MRS. JABA RAGHUNATH BANERJEE, AT 202 ARTH COMPLEX, NEAR SEEMA PARTY PLOT, 100 FOOT ROAD, SATELLITE, AHMEDABAD-380015, RESIDING AT 301-B, PLEASANT PARK, 65, PEDDAR ROAD, MUMBAI-400026.**

Take notice that the Applicant above-named having presented a R/First Appeal No. 3191 of 2025 to this High Court, challenging the Judgement and Decree dated 17/06/2025 passed by Addl. Sr. Civil Judge, Sanand, Ahmedabad(Rural) in Special Civil Suit No.125 of 2011 converted to Special Civil Suit No.51 of 2018 and the same having been registered in this Court on 01/09/2025.

Whereas upon hearing the Civil Application No. 1 of 2026 (For Substitute service) in R/First Appeal No.3191 of 2025, the Honourable Court (Coram: HONOURABLE MR. JUSTICE BHARGAV D. KARIA & HONOURABLE MR. JUSTICE L.S. PIRZADA) had on 04.05.2026, ordered to issue Notice to the unserved Respondent No. 1 by way of Public Notice by publishing in the daily Newspaper.

Take Notice that the hearing of the R/First Appeal No. 3191 of 2025 will take place on 29th day of June, 2026 at 11 AM peremptorily in this court and if no appearance is made on your behalf, by yourself, your advocate or by someone authorised by law to act for you, it will be heard and determined in your absence.

Witness SUNITA AGARWAL Esquire the Chief Justice at Ahmedabad aforesaid this 4th Day of May, 2026.

By the Court
**(H.D. Purohit)**
**Assistant Registrar**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**
**ઈ-ટેન્ડર નોટિસ**

| | | |
|---|---|---|
| વિભાગ | : | હાઈડ્રોલિક એન્જિનિયર/ ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (મેઈન્ટ.) |
| સેક્શન | : | A.E. (મેઈન્ટ.) W.W.E.S-I |
| બીડ નંબર | : | i) ૨૦૨૬_MCGM_૧૩૦૭૯૭૮_૧<br>ii) ૨૦૨૬_MCGM_૧૩૦૭૯૮૩_૧<br>iii) ૨૦૨૬_MCGM_૧૩૦૭૯૮૪_૧ |
| વિષય | : | i) 'M/E'/'M/W' & 'N' વોર્ડમાં વોટર નેટવર્કને સુધારવા અને A.E.W.W. (M) E.S-I હેઠળ TLLR ખાતે ૭૫૦ mm ડાયા (૦૨ નં.) પર એન્ડ કપની જોગવાઈ માટે GLLR ખાતે TLLR & THLR & ૭૫૦ mm ડાયા BFV (૦૧ નં.)ના ટનલ શરૂ કરવા માટે ૧૨૦૦ mm ડાયા બટરફલાય વાલ્વસ (૦૩ નં.) અને ૭૫૦ mm ડાયા BFV (૦૧ નં.)નું ઈન્સ્ટોલેશન.<br>ii) એક વર્ષની મુદત માટે A.E.W.W. (M) E.S-I ડિવિઝન માટે E.S.માં વોટર મેઈન્સ અને કંટ્રોલ વાલ્વની જાળવણી અને રિપેર્સ હાથ ધરવા માટે તમામ એસેસરીઝ સાથે JCBની ભરતી.<br>iii) A.E.W.W.'T' વોર્ડ માટે રોજિંદા કામ માટે વિવિધ કદના જાળવણી સામગ્રીનું ફેબ્રિકેશન અને સપ્લાયનું કામ. |
| બીડ પ્રારંભ તારીખ & સમય | : | ૧૩.૦૬.૨૦૨૬ સ. ૧૧.૦૦ ક.થી |
| બીડ અંતિમ તારીખ & સમય | : | ૨૨.૦૬.૨૦૨૬ સાં. ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | : | http://portal.mcgm.gov.in |
| સંપર્ક વ્યક્તિઃ- | | |
| a) નામ | : | શ્રી. એ.એમ. કોલ્ટે, A.E. (M) W.W.E.S |
| b) ટેલિફોન | : | ૦૨૨-૨૫૧૫૩૨૪૯/૫૦ |
| c) મોબાઈલ નં. | : | ૯૯૩૦૨૬૦૫૦૮ |
| d) ઈ-મેલ ID | : | aewwmes.he@mcgm.gov.in |

સહી/-
એક્ષિક્યૂટિવ એન્જિનિયર
(હેડ વર્કસ) વોટર વર્કસ.
PRO/558/ADV./2026-27

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

# પાણીની પંચાત

## મુંબઈગરાની તરસ ફક્ત ૫૦ દિવસ છિપાવી શકાશે

### જળાશયોની સપાટીનું સ્તર ૧૧ ટકાએ પહોંચ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં સામાન્ય રીતે ૧૦ જૂનની આસપાસ ચોમાસું બેસી જતું હોય છે પણ આ વર્ષે ચોમાસાનું આગમન લંબાઈ ગયું છે ત્યારે મુંબઈગરાની ચિંતામાં વધારો થવાના સમાચાર પ્રકાશમાં આવ્યા છે. મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોમાં પાણીનો સંગ્રહ ૧૧.૧૭ ટકા પર પહોંચી ગયો છે, જે મુંબઈગરાને માંડ દોઢ મહિનો ચાલે એટલું છે. હાલ મુંબઈમાં ૧૦ ટકા પાણીકાપ મૂકવામાં આવ્યો છે પણ પાણીની ઘટતી સપાટી અને નબળા ચોમાસાની શકયતા વચ્ચે આગામી દિવસોમાં પાણીકાપમાં વધારો થવાના સંકેત જણાઈ રહ્યા છે.

મુંબઈને પાણી પૂરું પાડનારા સાત તળાવોમાં શુક્રવારે સવારના ઉપયોગી પાણીનો સંગ્રહ ૧,૭૦,૫૪૧ મિલ્યન લિટર (૧૧.૭૮ ટકા) હતો. પાલિકાએ સમગ્ર નગરપાલિકાએ ૧૫ મે, ૨૦૨૬થી ૧૦ ટકા પાણી કાપ લાગુ લાગુ કર્યો હતો અને હવે જો ચોમાસું હજી લંબાઈ જાય છે અને સંતોષકારક વરસાદ પડતો નથી, તો પાલિકાએ ના છૂટકે પાણીકાપમાં વધારો કરવો પડી શકે છે એવું પાણીપુરવઠાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

મુંબઈના સાતેય જળાશયોમાં ફક્ત ૧૧.૭૮ ટકા પાણીનો સંગ્રહ બાકી છે. કુલ ઉપલબ્ધ

(જુઓ પાનું ૪) ▶▶

### આ વિસ્તારમાં ઓછું પાણી

પહેલાથી જ ઓછું પાણી મળી રહ્યું છે, તેમાં પાછું ૧૦ ટકા પાણીકાપને કારણે ઓછા પાણીના દબાણને કારણે મુંબઈના ઉંચાઈ પર આવેલા વિસ્તારો તેમજ મુખ્ય જળમાર્ગના છેડા પર સ્થિત વસાહતો અને રહેણાંક સોસાયટીઓ પાણીની તંગીથી સૌથી વધુ પ્રભાવિત થઈ રહી છે. અંધેરી, ઘાટકોપર, ચેમ્બુર, કુર્લા, ગોવંડી, સાકીનાકા, માનખુર્દ, વડાલા અને પરેલ જેવા ગીચ વસ્તીવાળા વિસ્તારો ઓછા અને અનિયમિત પાણી પુરવઠાથી સૌથી વધુ પ્રભાવિત થયા છે.■

## જૂન-જુલાઈ કોરો, પણ ઑગસ્ટમાં ભારે વરસાદ

## -તો આગામી વર્ષે જાન્યુઆરીથી જ પાણીકાપ લાદી શકાય: પ્રધાન

મુંબઇ : જૂન મહિનો અડધો વીતી ગયો હોવા છતાં વરસાદ હજુ શરૂ થયો નથી. ગરમીમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે લોકોને ભારે અગવડતા પડી રહી છે. આગાહી છે કે આ વર્ષે વરસાદ ઓછો રહેશે, જે વધુ ચિંતાજનક બાબત છે અને પરિસ્થિતિને વધુ ગંભીર બનાવે છે. આ વર્ષે અલ નીનોની પણ અસર રહેશે. પરિણામે મહારાષ્ટ્ર આ વર્ષે અભૂતપૂર્વ કટોકટીનો સામનો કરી શકે છે.

રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટીલે વરસાદની સ્થિતિ અંગે મહત્વપૂર્ણ માહિતી શેર કરી છે. તેમણે ટિપ્પણી કરી હતી કે માનવતા હજુ સુધી પ્રકૃતિ પર વિજય મેળવી શકી નથી; માનવી લોહી કે પાણી બનાવી શકતો નથી. માનવી એક વ્યક્તિમાંથી બીજા વ્યક્તિમાં અંગો ટ્રાન્સપ્લાન્ટ કરી શકે છે, પણ અંગો જાતે બનાવી શકતો નથી. પાણીની ઉપલબ્ધતા વરસાદ પર આધાર રાખે છે. આગાહીઓ સૂચવે છે કે જૂન અને જુલાઈ કોરો રહેશે, જ્યારે ઑગસ્ટમાં ભારે વરસાદની અપેક્ષા છે. ચંદ્રકાંત પાટીલે જણાવ્યું છે કે જો અપૂરતો વરસાદ પડે અને ડેમ ન ભરાય તો જાન્યુઆરીની શરૂઆતમાં જ પાણી કાપ લાદી શકાય છે, તેમણે એવી પણ ટિપ્પણી કરી હતી કે સરકાર ભગવાન નથી. પાટીલના આ નિવેદનથી ચિંતા વધી છે અને સંકેત મળે છે કે નાગરિકોએ તાત્કાલિક પાણી બચાવવાનું શરૂ કરવાની જરૂર છે. દરમિયાન 'સુપર અલ નીનો' ના પ્રભાવને કારણે ૧૫ જૂનથી ચોમાસું સક્રિય થશે. હાલમાં, કોંકણમાં વરસાદ હાથતાળી આપી રહ્યો છે, ચોમાસું સક્રિય થયાને દિવસો વીતી ગયા હોવા છતાં નોંધપાત્ર વરસાદ પડ્યો નથી. રહેવાસીઓ અસહય તાપ, વાદળછાયું આકાશ અને અસહ્ય ગરમીથી ત્રસ્ત છે.■

### પ્રભાવિત વિસ્તારોમાં ટેન્કરથી પાણીપુરવઠો કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં આગામી સમયમાં પાણીની ગંભીર કટોકટી સર્જાવાની શકયતાને પગલે પાલિકા પ્રશાસન દ્વારા ઉપાયયોજનાઓ યુદ્ધના ધોરણે પગલા લેવામાં આવી રહ્યા છે. પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે મુંબઈમાં ૧૦ ટકા પાણીકાપ લાગુ કર્યા બાદ હવે પાણીનો વેડફાટ રોકવા માટે તાત્કાલિક ધોરણે વૉર્ડ સ્તરે અધિકારીઓને પાણીનું ગળતર અને પાણીની ચોરી પર ધ્યાન આપવાનું કહેવામાં આવ્યું છે. ૨૦ જૂન બાદ ચોમાસું સક્રિય થવાની શક્યતા છે પણ જળાશયોના કેચમેન્ટ એરિયામાં સારો વરસાદ પડે તો પાણીનું સંકટ દૂર થઈ શકે છે. છતાં પાલિકા પ્રશાસન વરસાદની રાહ જોવાની સાથે જ વધુ સર્તક થઈને

(જુઓ પાનું ૪) ▶▶

### જૂની પાણીની પાઈપલાઈન ચોમાસા બાદ બદલાશે

જૂની અને જર્જરીત થઈ ગયેલી પાઈપલાઈન બદલવાનું તેમ જ પાણીની પાઈપલાઈનને મજબૂત કરવાનું કામ ચોમાસા બાદ હાથ ધરવામાં આવશે. તે માટે આવશ્યક આયોજન, ટેક્નિકલ મંજૂરી અને ટેન્ડર પ્રક્રિયા આગામી બે મહિનામાં પૂરી કરવામાં આવશે. સંબંધિત કામના વર્ક ઓર્ડર ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી બહાર પાડી પહેલી ઑક્ટોબર, ૨૦૨૬થી પ્રત્યક્ષ કામની શરૂઆત કરવામાં આવશે. તેમ જ કામ પણ નિશ્ચત સમયગાળામાં અને ઉચ્ચ ગુણવત્તાનું હોય તેનું ધ્યાન રાખવાનો સંબંધિત અધિકારીઓને કહેવામાં આવ્યું છે. ■

## પક્ષ મમતાનો વેરવિખેર થયો, પણ ટેન્શન કેમ શિંદેનું વધ્યું?

મુંબઈ: વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ પશ્ચિમ બંગાળની રાજકીય ઘટનાક્રમની સીધી અને તીવ્ર અસર હજારો કિલોમીટર દૂર આવેલા મહારાષ્ટ્રના રાજકારણ પર પડી રહી છે. કોલકાતામાં રાજકીય ઘટનાક્રમે વેગ પકડ્યો છે. બીજી તરફ મહારાષ્ટ્રના રાજકારણમાં પણ તેનું પ્રતિબિંબ જોવા મળી રહ્યું છે.

પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)માં મોટા ભાગલાની ચર્ચા છે. એવું કહેવાય છે કે આની સીધી અસર મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના નેતા એકનાથ શિંદેની સોદાબાજીની તાકાત પર પડશે.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપે ૨૪૦ બેઠકો જીતી હતી. આથી કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર એકનાથ શિંદેની શિવસેનાના સાત સંસદ સભ્ય, નીતીશ કુમાર (જેડીયુ), ચંદ્રબાબુ નાયડુ (ટીડીપી) અને ચિરાગ પાસવાન (એલજેપી-આર) પર સંપૂર્ણપણે નિર્ભર હતી. ભાજપ પાસે પોતાની બહુમતી ન હોવાથી દિલ્હીના રાજકારણમાં એક્નાથ શિંદેનું પલ્લું અચાનક ભારે થઈ ગયું હતું. ■

### રાષ્ટ્રીય સ્તરે શિંદે સેનાને પડી શકે ફટકો


મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી બાદ મહાયુતિનું સમીકરણ સંપૂર્ણપણે બદલાઈ ગયું. ભાજપએ ૧૩૨ બેઠકો જીતી હતી, જે શિવસેના-શિંદે જૂથની ૫૭ બેઠકોની બમણી કરતા વધારે હતી. આ સંખ્યાને કારણે શિંદેને સીએમની ખુરશી ન મળી અને દેવેન્દ્ર ફડણવીસ ફરીથી મુખ્ય પ્રધાન બન્યા હતા. શિંદે નાયબ મુખ્ય પ્રધાન બન્યા. અજિત પવારની એનસીપીના ૪૧ વિધાન સભ્યો સાથે ભાજપ માત્ર શિવસેના પર નિર્ભર ન રહ્યો. પરિણામે શિંદે માટે કેન્દ્રના સાત સંસદસભ્યો મહત્વના હતા.

જો તૃણમૂલ કોંગ્રેસના ૧૯ બળવાખોર સંસદ સભ્ય લોકસભામાં એનડીએને સમર્થનની જાહેરાત કરે તો દિલ્હીમાં સત્તાનું સંતુલન સંપૂર્ણપણે બદલાઈ જશે તેવા સંકેતો મળી રહ્યા છે. અલબત્ત ભાજપ સરકારના પતનનો ભય નાબૂદ થવા સાથે સંસદમાં અન્ય એક મોટા જૂથનું સમર્થન મળતા ભાજપની તેના હાલના સાથી પક્ષો પરની નિર્ભરતામાં નોંધપાત્ર ઘટાડો થશે. પરિણામે સાથીદારોની દબાણ લાવવાની અથવા વાટાઘાટો કરવાની ક્ષમતાને લગભગ ખતમ થઈ જશે. આ ઘટનાની સીધી અસર મહારાષ્ટ્ર પર પડશે.

### શિંદેએ હિલચાલ શરૂ કરી

તૃણમૂલની ઘટના પછી એનડીએમાં પોતાનું વજન જાળવી રાખવા માટે શિંદેએ મોરચો બનાવવાનું શરૂ કરી દીધું છે. તેઓ ફરી એકવાર ઉદ્ધવ ઠાકરેના જૂથને તોડવાની તૈયારી કરી રહ્યા હોવાની ચર્ચા ચાલી રહી છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે શિંદેએ ઠાકરે જૂથના ૧૦ માંથી સાત સંસદસભ્યોને પોતાના જૂથમાં લાવવા માટે આંદોલન શરૂ કર્યું છે. જો શિંદે જૂથના સંસદ સભ્યોની સંખ્યા સાતથી વધીને ૧૪ થઈ

(જુઓ પાનું ૪) ▶▶



(અમય ખરાડે)

## ભયંકર ગરમી વચ્ચે હાર્બર લાઈનમાં લોકલ ટ્રેનના 'ધાંધિયા'

### ઓવરહેડ વાયર તૂટતા ટ્રેનસેવા પર અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત પરાના વિસ્તારમાં ભયંકર ગરમી અને વાદળછાયા વાતાવરણ વચ્ચે અસહ્ય ઉકળાટમાં વધારો થયો છે ત્યારે શુક્રવારે સવારે મુંબઈની લાઈફલાઈન પર અચાનક બ્રેક લાગી ગઈ હતી. મધ્ય રેલવેની હાર્બર લાઈનમાં ઓવરહેડ ઈક્વિપમેન્ટ (ઓએચઇ) વાયર તૂટવાને કારણે લોકલ ટ્રેનસેવા ઠપ્પ થઈ ગઈ હતી. મોર્નિંગ પીક અવર્સમાં અપ એન્ડ ડાઉન સ્લો લાઈનમાં ટ્રેનસેવા સ્થગિત થઈ જવાને કારણે અનેક લોકોએ જીવના જોખમે ટ્રેનમાંથી જમ્પ મારીને ટ્રેક પર ચાલ્યા હતા.

હાર્બર લાઈનમાં માનખુર્દ અને ગોવંડી સ્ટેશન વચ્ચે સવારના ૯.૧૫ વાગ્યે ઓવરહેડ વાયર તૂટી જતાં પનવેલથી સીએસએમટી (છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ) અને સીએસએમટી-પનવેલ વચ્ચેની લોકલ ટ્રેન સેવા અનિશ્ચિત સમયગાળા માટે બંધ કરવામાં આવી હતી, પરિણામે હાર્બર લાઈનમાં મુસાફરી કરનારા પ્રવાસીઓને એક નહીં ડબલ ફટકા પડ્યા હતા.

સિંગલ કોરિડોર હોવાથી તાત્કાલિક અન્ય વિકલ્પ નહોતો, જેથી અમુક લોકો ટ્રેનમાં જ રોકાઈ ગયા હતા, જ્યારે અમુકે રેલવે ટ્રેક પર ચાલી નીકળ્યા હતા. જોકે, અમુક ઓલા-ઉબેર મારફત ટ્રાવેલ કરવાનું પસંદ કર્યું હતું, પરંતુ એમાં પણ ભાવ વધારો જોવા મળ્યો હતો. રેલવેએ કહ્યું હતું કે સવારના સાડાનવ વાગ્યાના સુમારે ઓએચઈમાં ખામીને કારણે

(જુઓ પાનું ૪) ▶▶

## એનસીપી-એસપીના કૉંગ્રેસમાં વિલીનીકરણ પર રાઉતના નિવેદનથી વિવાદ

### રાઉતે પોતાના પક્ષનું જોવું, શરદ પવાર અમારા પક્ષનું જોઇ લેશે : એનસીપી-એસપીના નેતાઓ ભડક્યા

મુંબઈ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના કોંગ્રેસમાં વિલય થવાની અટકળોએ રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો છે. શિવસેનાના રાજ્યસભાના મેમ્બર સંજય રાઉતે કહ્યું હતું કે કોંગ્રેસથી અલગ થયેલા પક્ષોએ હવે કોંગ્રેસમાં ભળી જવું જોઈએ. તેમનો ઈશારો એનસીપીના વિલીનીકરણ તરફ હતો . બીજી તરફ શરદ પવારના પક્ષના ઘણા વિધાન સભ્યો રાઉતના નિવેદનથી ખૂબ જ નારાજ છે અને મહા વિકાસ આઘાડીમાં આંતરિક વિવાદ ફરી એકવાર સામે આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર પવાર જૂથના વિધાન સભ્યોએ એનસીપીના વિલય બાબત સંજય રાઉતના જાહેર નિવેદન અથવા વક્તવ્ય સામે સખત વાંધો ઉઠાવ્યો છે. રાઉતે પોતાના પક્ષ વિશે વાત કરવી જોઈએ. અમારા પક્ષનું શું કરવું, વિલીનીકરણ કરવું કે નહીં એ નક્કી કરવા જેટલા શરદ પવાર સક્ષમ

(જુઓ પાનું ૪) ▶▶

### કૉંગ્રેસ તો ડૂબી રહેલું જહાજ: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે કહ્યું હતું કે કોંગ્રેસ ડૂબતું જહાજ છે અને તેમને નથી લાગતું કે કોઈ વિરોધી પક્ષ એની સાથે જોડાઈ જવા તૈયાર થાય. સીએમ મમતા બેનરજીની આગેવાની હેઠળના ટીએમસી અને શરદ પવારની એનસીપી (એસપી)ના કોંગ્રેસમાં વિલય અંગેની અટકળો પરના પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા.

મુંબઈમાં તેમણે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે વિપક્ષના મજબૂતીકરણનો અર્થ એ છે કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ને વધુ રાજકીય જગ્યા

(જુઓ પાનું ૪) ▶▶

### સુપ્રીયા સુળે અને રોહિત પવારનો જવાબ

બીજી તરફ એનસીપી (શરદ પવાર) એ હાલ કોઈ ઔપચારિક વિલીનીકરણના પ્રસ્તાવને નકારી કાઢ્યો છે. પક્ષના નેતાઓએ કહ્યું છે કે સત્તાવાર રીતે આવી કોઈ ચર્ચા થઈ નથી, જોકે રોહિત પવાર અને સુપ્રિયા સુળેના નિવેદનોએ સંકેત આપ્યો છે કે વિપક્ષની એકતાના પ્રશ્ન પર તમામ વિકલ્પો પર વિચાર કરી શકાય છે. એનસીપીના કોંગ્રેસમાં વિલય કરવાના સૂચન પર સુપ્રિયા સુળેએ કહ્યું કે સંજય રાઉતજી મારા માટે મોટા ભાઈ જેવા

(જુઓ પાનું ૪) ▶▶

## ધર્મનિરપેક્ષ પક્ષોનું કૉંગ્રેસમાં વિલીનીકરણ થવાના ઉજળા સંજોગો: નાના પટોલે

નાગપુર: કોંગ્રેસના નેતા નાના પટોલેએ શુક્રવારે કહ્યું હતું કે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ને રાષ્ટ્રવાદી કોંગ્રસ પક્ષ (એનસીપી - એસપી) સહિતના ધર્મનિરપેક્ષ પક્ષનું કોંગ્રેસમાં વિલીનીકરણની તરફેણ કરતી માનસિકતા વધી રહી છે અને તે માટે રાષ્ટ્રીય સ્તરે પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે શરદ પવારની આગેવાની હેઠળના પક્ષએ અગાઉ કોંગ્રેસમાં વિલયનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, પરંતુ કોઈ કારણોસર તે અમલમાં મૂકી નહોતો શકાયો.

કોંગ્રેસથી અલગ થયા પછી અસ્તિત્વમાં આવેલા નાના પક્ષોને કોંગ્રેસમાં ભેળવી દેવાની પ્રક્રિયામાં પાછા લાવવામાં એનસીપી (એસપી) પ્રમુખ શરદ પવારે આગેવાની લેવી જોઈએ એવું નિવેદન શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે કર્યા બાદ પટોલેનું આ નિવેદન આવ્યું છે. એનસીપી (એસપી)ના કોંગ્રેસમાં વિલયની સંભવિત ચર્ચાઓ વિશે પૂછવામાં આવ્યું ત્યારે પટોલેએ દાવો કર્યો હતો કે શરદ પવારની આગેવાની હેઠળની પાર્ટીના વિલિનીકરણનો પ્રસ્તાવ પહેલા જ કરવામાં આવ્યો હતો, પરંતુ કેટલાક કારણોસર તેમાં વિલંબ થયો હતો.

પટોલેએ વધુમાં જણાવ્યું હતું કે 'મને લાગે છે કે હવે દેશના રાજકારણમાં

(જુઓ પાનું ૪) ▶▶

## બેસ્ટને ₹ ૪,000 કરોડની મદદ માટે રાહ જોવી પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ઉપક્રમની નાણાકીય સ્થિતિ દિવસે દિવસે ખખડી રહી છે. બેસ્ટ દ્વારા પાલિકા પ્રશાસન માટે ૪,૦૦૦ કરોડ રૂપિયાની મદદની માગણી સામે પાલિકાએ ૨૦૨૬-૨૭ માટે માત્ર રૂ. ૧,૦૦૦ કરોડની ગ્રાન્ટ આપવા તૈયાર થઈ હતી પણ સ્થાયી સમિતિએ શુક્રવારે આ પૈસા બેસ્ટ ઉપક્રમ શેની પાછળ ખર્ચવાની છે એની માહિતી બેસ્ટ ઉપક્રમ આપે એ બાદ જ આ પ્રસ્તાવને મંજૂર કરાશે એવું કહેતા બેસ્ટ ઉપક્રમે હવે ફરી ભંડોળ માટે લાંબી રાહ જોવી પડે એવી

(જુઓ પાનું ૪) ▶▶

## નીટ યુજી ૨૦૨૬ના ઉમેદવારોને મળશે વધારાની ૧૫ મિનિટ

### રફ વર્ક માટે પણ વધુ પેજ મળશે

મુંબઇ : નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) એ ૨૧ જૂન ૨૦૨૬ના રોજ યોજાનાર નીટ (યુજી) ૨૦૨૬ માટે મહત્વપૂર્ણ ફેરફારો જાહેર કર્યા છે. ૧૨ જૂન, ૨૦૨૬ ના રોજ જારી કરાયેલ સત્તાવાર જાહેર સૂચનામાં જણાવાયું છે કે આ પગલાંનો ઉદ્દેશ્ય પરીક્ષાને ''નિષ્પક્ષ, સુરક્ષિત અને ઉમેદવારોની જરૂરિયાતોને અનુરૂપ'' બનાવવાનો છે.

પાછલા વર્ષોના પ્રતિસાદના આધારે એનટીએ એ પરીક્ષાનો સમયગાળો સુધારીને ૧૯૫ મિનિટ કર્યો છે. પરીક્ષા બપોરે ૨:૦૦ થી ૫:૧૫ વાગ્યા સુધી યોજવાનું નક્કી કર્યું છે. એજન્સીએ સ્પષ્ટતા કરી કે આમાં ફરજિયાત પૂર્વ-પરીક્ષા ઔપચારિકતાઓ જેમ કે હાજરી પત્રક પર સહી કરવી અને નિરીક્ષણ પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. જેથી ઉમેદવારો વહીવટી પ્રક્રિયાઓને કારણે સમય ગુમાવે નહીં અને પેપર લખવા પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી શકે. બીજા મોટા ફેરફારમાં, એનટીએ એ પ્રશ્નપત્ર પુસ્તિકામાં રફ વર્ક માટે આપવામાં આવતી જગ્યામાં વધારો કર્યો છે. ઉમેદવારોને હવે બેને બદલે ચાર રફ-વર્ક પેજ મળશે, જેનાથી તેમને પરીક્ષા દરમિયાન ગણતરીઓ,

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## સ્ટેન્ડ-અપ કોમેડિયન પ્રણિત મોરે શોનો વિવાદ

## કેઈએમની મેડિકલની વિદ્યાર્થિની સેજલ પવાર સામે તપાસ માટે સમિતિની રચના

મુંબઈ : મુંબઈની નગરપાલિકા સંચાલિત કેઈએમ હોસ્પિટલે સ્ટેન્ડ-અપ કોમેડિયન પ્રણિત મોરેના શો દરમિયાન પુરુષોના મૃતદેહ અંગે તેની અંડરગ્રેજ્યુએટ એમબીબીએસ વિદ્યાર્થી સેજલ પવાર દ્વારા કરવામાં આવેલી વિવાદાસ્પદ ટિપ્પણીની તપાસ માટે બે સભ્યોની સમિતિની રચના કરી છે.

હોસ્પિટલના ડીન ડૉ. હરીશ એમ પાઠકે શુક્રવારે જણાવ્યું હતું કે આ ટિપ્પણીઓ અસ્વીકાર્ય છે.

મહારાષ્ટ્ર સાયબર પોલીસે સોશિયલ મીડિયા પર અશ્લીલ અને વાંધાજનક ટિપ્પણી કરવાના આરોપમાં મોરે, વેબ ડેવલપર હિમાંશુ જાંગરા અને અન્ય લોકો સામે કેસ નોંધ્યા બાદ, તપાસ પેનલ આગામી બે દિવસમાં તેનો અહેવાલ રજૂ કરે તેવી અપેક્ષા છે, એમ કેઈએમ હોસ્પિટલે જણાવ્યું હતું.

વિવાદના કેન્દ્રમાં રહેલા મોરે અને જાંગરાએ હરિયાણાના ગુરુગ્રામમાં એક કોમેડી શો દરમિયાન મહિલાઓ પ્રત્યે વિવાદાસ્પદ ટિપ્પણીઓ કરી હતી.

આ જ શોની બીજી ક્લિપમાં પવાર તબીબી શબ અને શૈક્ષણિક હેતુઓ માટે ઉપયોગમાં લેવાતા મૃત પુરુષોના શરીર અંગે અપમાનજનક ટિપ્પણીઓ કરતી દર્શાવવામાં આવે છે, જેને અધિકારીઓએ મૃતકની ગરિમા માટે ખૂબ જ અપમાનજનક ગણાવી હતી. બાદમાં પવારે આ અભદ્ર ટિપ્પણીઓ માટે માફી માગી હતી. આ ટિપ્પણીઓને કારણે સોશ્યલ મીડિયા પર વ્યાપક રોષ ફેલાયો હતો.

તપાસ સમિતિમાં અંડરગ્રેજ્યુએટ હોસ્ટેલના વૉર્ડન અને બાયોકેમિસ્ટ્રી વિભાગના વડા ડૉ. અનિતા ચલક અને કેઈએમ હોસ્પિટલની સોશ્યલ મીડિયા પ્રવૃત્તિઓ સંભાળતા મેડિસિનના સહાયક પ્રોફેસર ડૉ. શ્રદ્ધા મોરેનો સમાવેશ થાય છે.

શુક્રવારે કેઈએમ હોસ્પિટલના ડીન પાઠકે જણાવ્યું હતું કે નાગરિક સંચાલિત તબીબી સુવિધાને સોશ્યલ મીડિયા પર એક વિડિઓ વ્યાપકપણે પ્રસારિત થઈ રહ્યો હોવાની માહિતી મળી હતી જેમાં તેમની એક વિદ્યાર્થીએ (પવાર) પુરુષોના મૃતદેહો વિશે વાંધાજનક ટિપ્પણી કરી હતી. પાઠકે જણાવ્યું હતું કે બે સભ્યોની સમિતિ પોતાનો અહેવાલ રજૂ કરશે, ત્યારબાદ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. ■

|| શ્રી ધરણેન્દ્ર પદમાવતી માતાય નમ: || || શ્રી ૧૦૮ પાર્શ્વનાથાય નમ: || || શ્રી અંબિકા માતાય નમ: ||
જૈનો માટે : ચાલો મોક્ષના દ્વાર ખોલવા.
ચાલો મહાયાત્રા કરવા
શ્રી ૧૦૮ પાર્શ્વનાથ જાત્રાવાળા રાજેશભાઈના સથવારે
યુ.પી.ના ૬૬ કલ્યાણક
ફક્ત ૩૬,૦૦૦/-
મુંબઈથી મહારાજ સાથે, એસી ટ્રેન, એસી લક્ઝરી બસ, રહેવા-જમવાની ઉત્તમ સગવડ, મિનરલ વૉટર, સામાન ઉપાડવા માણસોની સગવડ વગેરે.
વર્ષોના અનુભવી રાજેશભાઈના સથવારે સંપૂર્ણ લક્ઝરીયસ જાત્રા
હરિદ્વાર, શૌર્યપુરી, કંપિલાજી, અહિચ્છત્રા, હસ્તિનાપુર, લખનઉ, શ્રાવસ્તી, અયોધ્યા, રત્નપુરી, વારાણસી, ભેલુપુર, સિંહપુરી, ચન્દ્રપુરી, ભદેની, પુરીમતાલ, કૌશંબી
યાત્રા ઉપાડવાની તા. ૧૫-૧૨-૨૦૨૬ થી ૨૭-૧૨-૨૦૨૬
સૂચના: લિમિટેડ સીટ લેવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે બુકિંગ કરાવવા વિનંતી. (બુકિંગ ચાલુ છે.)
ફક્ત રૂ. ૯,૦૦૦/- ભરીને બુકિંગ કરાવો!
બાકીની રકમ જાત્રા ઉપાડવાના ૩૦ દિવસ પહેલાં ભરવાની રહેશે.
અધિક જાણકારી અને બુકિંગ માટે સંપર્ક : રાજેશભાઈ
9870629564
જય જિનેન્દ્ર.

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.